# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

04 JANUARY-2025 SATURDAY

વર્ષ-14 । અંક-048 । વિક્રમ સંવત-2081 । પોષ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

કપૂર ફેમિલી થાઈલેન્ડની ટ્રીપ પર, એક્ટ્રેસે શેર કરી વેકેશનની ખાસ પળો...





પેજ-09

રોહિત શર્મા નિર્ણાયક ટેસ્ટમાંથી પડતો મુકાયો....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 27.00 | 16.00 |
| વડોદરા | 29.00 | 15.00 |
| સુરત | 31.00 | 18.00 |


પેજ 5




સેન્સેક્સ 721 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો...

FBIએ સ્વીકાર્યું કે ટ્રક હુમલો આતંકવાદી હુમલો હતો




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 79223.11 | ▼ | 720.00 |
| નિફ્ટી | 24004.75 | ▼ | 183.00 |
| સોનું | 81753.00 | ▼ | 136.70 |
| ચાંદી | 74940.00 | ▼ | 125.00 |

**દિલ્હીમાં રામલીલા મેદાનમાં જનસભાને સંબોધતાં PM મોદીએ જણાવ્યું....**

# હું પણ મારા માટે શીશમહેલ બનાવી શકતો હતો, પણ મેં લોકો માટે ઘર બનાવ્યા: મોદી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

દિલ્હીમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજ(ત્રીજી જાન્યુઆરી)થી ભાજપ માટે ચૂંટણી પ્રચાર શરુ કરી દીધો છે. અશોક વિહારના રામલીલા મેદાનમાં જનસભાને સંબોધતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'વર્ષ 2025 ભારતના વિકાસ માટે ઘણી નવી સંભાવનાઓ લઈને આવી રહ્યું છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક શક્તિ બનવા તરફની અમારી યાત્રા આ વર્ષે વેગવંતી બનવા જઈ રહી છે. આજે ભારત અને વિશ્વમાં રાજકીય અને આર્થિક સ્થિરતા છે. 2025માં ભારતની ભૂમિકા વધુ મજબૂત બનશે.'



**દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને PM મોદીએ શુક્રવારથી ચૂંટણીપ્રચારની શરૂઆત કરી છે. PMએ AAP સરકાર પર નિશાન સાધ્યું.**

PM મોદીએ દિલ્હી યુનિવર્સિટીમાં 600 કરોડ રૂપિયાના ખર્ચે ત્રણ નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. સુરજમહલ વિહારમાં ઈસ્ટ કેમ્પસ 373 કરોડના ખર્ચે તૈયાર થશે.

**PM મોદીએ આજે દિલ્હીમાં રૂ. 4500 કરોડના અનેક પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. તેમણે દિલ્હીના અશોક વિહારમાં બનેલા 1,675 ફ્લેટનું ઉદ્ઘાટન પણ કર્યું**

ગરીબો માટે નવા ઘરનું ઉદ્ઘાટન કરતી વખતે પીએમ મોદીએ કહ્યું- હું પણ કાચનો મહેલ બનાવી શક્યો હોત, પરંતુ મેં ક્યારેય પોતાનું ઘર નથી બનાવ્યું, 10 વર્ષમાં મેં 4 કરોડ ગરીબ પરિવારોને કાયમી ઘર આપ્યાં છે.

## સાહેબ, તમે અમારું સપનું સાકાર કર્યું છે...

### સ્વાભિમાન ફ્લેટના લાભાર્થીઓએ PM મોદીને કહ્યું

પીએમ મોદીએ અશોક વિહારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ફ્લેટની ચાવીઓ આપી. તેમણે લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી. PMએ લાભાર્થીઓને પૂછ્યો સવાલ- શું તમને ઘર મળ્યું છે? તેના પર મહિલાએ કહ્યું- સર, અમે તમારા ખૂબ આભારી છીએ. અમે જે સ્વપ્ન જોયું હતું તે તમે સાકાર કર્યું. PM મોદીએ શુક્રવારે દિલ્હીમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મોટી ભેટ આપી. વડાપ્રધાને અશોક વિહારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ફ્લેટની ચાવીઓ સોંપી. તેમણે લાભાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી. એક પોસ્ટમાં પીએમએ કહ્યું કે સ્વાભિમાન એપાર્ટમેન્ટ્સે દિલ્હીના મારા ગરીબ ભાઈ-બહેનોના સપનાઓને નવી ઊંચાઈ આપી છે. જેના કારણે અહીંના બાળકોને પણ જીવનમાં આગળ વધવાની નવી હિંમત મળી છે. તેની સાથે વાત કર્યા પછી મને ઘણો સંતોષ થયો.



### AAP આફત બનીને દિલ્હી પર પડી : PM મોદી



આપ પર નિશાન સાધતાં મોદીએ કહ્યું હતું કે, 'એક તરફ શિક્ષણને લઈને કેન્દ્ર સરકારની પહેલ છે, બીજી તરફ આ રાજ્ય સરકારનું ઘોર જુઠ્ઠાણું છે. મોદીએ AAP સરકારને આફત સરકાર ગણાવી હતી. તેમણે કહ્યું- જે લોકો પોતાને કટ્ટર બેઈમાન કહે છે તેઓ સત્તામાં છે. જે દારૂકૌભાંડના આરોપી છે તેઓ ચોરી અને ઉચાપત પણ કરે છે. દિલ્હીની જનતા આ આફતજનક સરકારને સત્તા પરથી હટાવવાની છે. આજે દરેક શેરી કહે છે કે અમે આફત સહન નહીં કરીએ, પરિવર્તન સાથે જીવીશું. પીએમએ આ ચૂંટણી માટે સૂત્ર આપ્યું હતું કે આફતને હટાવવી છે.

### આફત દિલ્હીમાં નહીં, ભાજપ પર : કેજરીવાલ

દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે આફત દિલ્હીમાં નહીં, પરંતુ ભાજપમાં આવી છે. ભાજપ પાસે ન તો સીએમ ચહેરો છે કે ન એજન્ડા. પૂર્વ સીએમએ કહ્યું, અમે દિલ્હીમાં એટલું કામ કર્યું છે કે અમે કલાકોની ગણતરી કરી શકીએ છીએ. પીએમ તેમના ભાષણમાં કોઈ કામની ગણતરી કરી શક્યા નહીં. કેજરીવાલે આ પલટવાર પીએમ મોદીની રેલીના દોઢ કલાક બાદ કર્યો હતો. હકીકતમાં, મોદીએ શુક્રવારે અશોક વિહારમાં રેલી સાથે દિલ્હી વિધાનસભા ચૂંટણીની શરૂઆત કરી હતી. તેમણે AAPને દિલ્હી માટે 'આફતની સરકાર' ગણાવી હતી.



## ચીનમાં HMPV વાયરસથી સનસનાટી

### ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે નિર્દેશ જાહેર કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.03

કોરોના બાદ ચીનમાં વધુ એક વાયરસ હ્યુમન મોટાપ્ન્યુમોવાયરસનો ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે આ અંગે એલર્ટ જાહેર કર્યું છે. મંત્રાલયે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલને મોનિટરિંગ રાખવા જણાવ્યું છે. કોરોના બાદ હવે ચીનમાં વાયરસ હ્યુમન મોટાપ્ન્યુમોવાયરસએ દસ્તક આપી છે. ચીનની હોસ્પિટલો આ વાયરસથી પીડિત દર્દીઓથી ભરેલી છે. આ અંગે ભારત સરકાર સતર્ક બની છે. સ્વાસ્થ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલને મોનિટરિંગ રાખવા કહ્યું છે. મંત્રાલયે ભારતમાં શ્વસન સંબંધી લક્ષણો અને ઈન્ફ્લ્યુએન્ઝાના કેસોની નજીકથી દેખરેખ રાખવા જણાવ્યું છે.



**ભારતીય આરોગ્ય મંત્રાલયે મોનિટરિંગના નિર્દેશ આપ્યા છે**

'અમે પરિસ્થિતિનું નજીકથી નિરીક્ષણ કરીશું, માહિતીની પુષ્ટિ કરીશું અને તે મુજબ અપડેટ કરીશું,' સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું હતું. ચીનમાં HMPV ફાટી નીકળવાના અહેવાલોની પુષ્ટિ થઈ નથી, સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારત સરકાર આંતરરાષ્ટ્રીય એજન્સીઓના સંપર્કમાં છે. ભારત સરકારે બેદરકારી દાખવ્યા વગર આ બાબતે સંજ્ઞાન લીધું છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય નજીકથી દેખરેખ રાખી રહ્યું છે.

## દેશમાં ગરીબી ઘટી અને આવક વધી, મોંઘવારી પણ કાબૂમાં, રિપોર્ટમાં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.03

ભારતનો ગરીબી રેશિયો છેલ્લા 12 વર્ષમાં 20 ટકાથી વધુ ઘટ્યો હોવાનો દાવો એસબીઆઈ રિસર્ચ રિપોર્ટમાં થયો છે. 2011-12માં દેશમાં ગરીબીનો દર 25.7 ટકા હતો, જે ઘટી નાણાકીય વર્ષ 2023-24માં 4.86 ટકા થયો છે. તદુપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં શહેરોની તુલનાએ ગરીબીનું પ્રમાણ સૌથી વધુ ઘટ્યું છે. એસબીઆઈ રિસર્ચ રિપોર્ટ અનુસાર, દેશમાં ગરીબી ઘટવા પાછળનું કારણ આવકમાં વધારો છે. આવક વધતાં લોકોની ખરીદી શક્તિ વધી છે. પરિણામે ઘણા લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે. 2021ની વસ્તી ગણતરી બાદ ગરીબીમાં ઘટાડાનું પ્રમાણ વધવાની શક્યતા છે. ગરીબી દર 4થી 4.5 ટકા આસપાસ રહી શકે છે. ગરીબીનું પ્રમાણ શહેરમાં 4.09 ટકા અને ગ્રામીણ વિસ્તારોમાં 5 ટકાનો ઘટાડો થયો છે.



**■ ગરીબીમાં ઘટાડાના કારણો**

શહેરી વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગ્રામીણ વિસ્તારોમાં ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી વધતાં લોકો સરળતાથી અન્ય શહેર-ગામમાં રોજગારી મેળવતા થયા છે. ગ્રામીણ વિસ્તારમાં આવકમાં અસમાનતા ઘટી છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર યોજનાઓના કારણે ગરીબીમાં નોંધનીય ઘટાડો નોંધાયો છે. આ યોજનાઓના કારણે ખેડૂતોની આવક અને ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થયો છે. પરિણામે લોકોની ખરીદી શક્તિ વધી છે. આવકમાં પણ વૃદ્ધિ સાથે ઘણા લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે.

**■ મોંઘવારી ઘટી**

ઑક્ટોબરમાં મોંઘવારીમાં વધારા બાદ નવેમ્બરમાં ફુગાવો 5.48 ટકા નોંધાયો હતો. જે આરબીઆઈના ટોલેરન્સ રેટ(4થી 6 ટકા)ની રેન્જમાં છે. આરબીઆઈએ ફુગાવો અને જીડીપીના આંકડાઓને ધ્યાનમાં રાખતાં ડિસેમ્બરમાં વ્યાજના દર જાળવી રાખ્યા હતા.

### દિલ્હી વિધાનસભા ચૂંટણીની જાહેરાત 7 કે 8 જાન્યુઆરીએ

નવીદિલ્હી | ભારતીય ચૂંટણી પંચ ટૂંક સમયમાં દિલ્હી વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચ દ્વારા 7 અને 8 જાન્યુઆરીએ ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવી શકે છે. આમ આદમી પાર્ટીએ તમામ 70 સીટો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. આ સાથે જ કોંગ્રેસે પણ બે યાદી બહાર પાડી છે. જો કે ભાજપે હજુ સુધી તેની કોઈ યાદી જાહેર કરી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હીમાં 11 થી 13 ફેબ્રુઆરી વચ્ચે એક તબક્કામાં મતદાન પૂર્ણ થશે. આ મતદાન પ્રક્રિયામાં એક જ દિવસમાં તમામ 70 બેઠકો પર મતદાન થશે.

**ઉમેદવારો જાહેર કરવામાં ભાજપ પાછળ**

## NIA કોર્ટે સંભળાવી ચંદન હત્યાકાંડમાં 28 દોષિતોને આજીવન કેદની સજા

(એજન્સી) નવી દિલ્હી | તા.03

કાસગંજના ચંદન ગુપ્તા હત્યાકાંડમાં તમામ 28 દોષિતોને આજીવન જેલની સજા ફટકારવામાં આવી છે. એનઆઈએ કોર્ટે ગઈકાલે આ હત્યાકાંડમાં 28 આરોપીને દોષિત ઠેરવ્યા હતા. તેમજ બેને નિર્દોષ મુક્ત કર્યા હતા. 6 વર્ષ, 11 મહિના અને સાત દિવસની લાંબી રાહ બાદ ચંદનના પરિવારને ન્યાય મળ્યો હતો. 26 જાન્યુઆરી, 2018ના રોજ કાસગંજમાં તિરંગા યાત્રા દરમિયાન થયેલા વિવાદમાં ચંદન ગુપ્તા ઉર્ફે અભિષેક



ગુપ્તાની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. ઘટનાનો રિપોર્ટ પિતા સુશીલ ગુપ્તાએ 26/27 જાન્યુઆરીની રાત્રે 12:17 વાગે કાસગંજ સ્ટેશનમાં નોંધવામાં આવ્યો હતો. કાસગંજમાં ચંદન ગુપ્તા હત્યાકાંડ બાદ તણાવ ફેલાયો હતો. ઠેરઠેર તોડફોડ અને આગચાંપીની ઘટના બની હતી. પથ્થરમારો પણ થયો હતો. ચંદનના પિતાએ ફરિયાદમાં 20 આરોપીના નામ લખાવ્યા હતા. પરંતુ બાદમાં પોલીસ તપાસ બાદ વધુ 10 આરોપીના નામ ઉમેરવામાં આવ્યા હતા. આમ કુલ 30 આરોપીમાંથી 28ને આજીવન જેલની સજા ફટકારાઈ છે. જ્યારે બે પર શંકા હોવાથી તેમને આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. 26 જાન્યુઆરી 2018ના રોજ કાસગંજમાં ચંદન ગુપ્તાની હત્યા કરવામાં આવી હતી.

## દિલ્હી - પંજાબમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોનું ષડયંત્ર, ગુપ્તચર એજન્સીઓનું એલર્ટ જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા.03

પાકિસ્તાન એક એવો દેશ છે જે ક્યારેય તેની નાપાક પ્રવૃત્તિઓથી બચતો નથી. હવે તેણે ભારત વિરુદ્ધ એક મોટું આતંકવાદી ષડયંત્ર રચ્યું છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI બાંગ્લાદેશના આતંકવાદીઓની મદદથી ભારતમાં શ્રેણીબદ્ધ બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડી રહ્યું છે. દેશની ગુપ્તચર એજન્સીઓએ નવા વર્ષમાં મોટા આતંકવાદી એલર્ટ જાહેર કર્યું છે. ગુપ્તચર વિભાગને આતંકવાદી હુમલાના કાવતરા અંગે મહત્વની માહિતી મળી છે. એવા ઈનપુટ છે કે દિલ્હી અને પંજાબ પાકિસ્તાની એજન્સી ISI અને બાંગ્લાદેશના આતંકવાદીઓના નિશાના પર છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ભારતમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરાવવાનું કાવતરું ઘડી રહ્યુ છે. ગુપ્તચર એજન્સીઓને ઈનપુટ મળ્યા છે કે પાકિસ્તાનમાં હાજર આઈએસઆઈ અને ઈસ્લામિક ટેરર ઓર્ગેનાઈઝેશન ભારતમાં શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કરવાની યોજના બનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ વિભાગના જણાવ્યા અનુસાર ઈસ્લામિક આતંકી સંગઠન બાંગ્લાદેશની મદદથી ભારતમાં આતંકી હુમલા કરવા માગે છે.



**દેશની ગુપ્તચર એજન્સીઓ એલર્ટ :** ગુપ્તચર વિભાગના આ એલર્ટ બાદ દેશની તમામ ગુપ્તચર એજન્સીઓને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. દિલ્હી અને પંજાબ પર વિશેષ ધ્યાન રાખવા માટે કહેવામાં આવ્યું છે. આ પહેલા ડિસેમ્બરમાં ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુએ ભારતને ધમકી આપી હતી.

## બાળકોને સોશિયલ મીડિયામાં એકાઉન્ટ બનાવવા માટે વાલીની મંજૂરી લેવી ફરજિયાત

**સરકાર લાવશે નિયમ**



(એજન્સી) નવી દિલ્હી | તા.03

આજના ડિજિટલ યુગમાં મોટાભાગના લોકો વિવિધ સોશિયલ મીડિયા એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. સોશિયલ મીડિયાના અનેક ફાયદા હોવાની સાથે તેના ગેરફાયદાઓ પણ છે. આ દરમિયાન નાના બાળકો માટે સોશિયલ મીડિયા જાણે એક રોગ બની ગયો હોવાના કિસ્સાઓ સામે આવતા હોય છે, ત્યારે બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં હવે 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલવા માટે તેમના માતાપિતાની સંમતિ લેવી ફરજિયાત રહેશે. દેશમાં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, 2023ના ડ્રાફ્ટ નિયમને ધ્યાનમાં રાખીને આજે શુક્રવારે કેન્દ્ર સરકાર દ્વારા જણાવ્યું છે કે, હવે 18 વર્ષથી ઓછી ઉંમરના બાળકોએ સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલવા માટે તેમના માતાપિતાની સંમતિ લેવી ફરજિયાત રહેશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) એ જાહેરનામું બહાર પાડ્યું છે કે, સરકારના નાગરિક જોડાણ પ્લેટફોર્મ MyGov.in દ્વારા લોકોને આ ડ્રાફ્ટ નિયમો પર તેમના વાંધાઓ અને સૂચનો જણાવવા આમંત્રિત કરવામાં આવ્યા.

## રેલવેનો સૌથી મોટો નિર્ણય 10 પાસને પણ મળશે નોકરી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

રેલ્વેમાં સરકારી નોકરી મેળવવાનું સપનું જોતા ઉમેદવારો માટે મોટી તક આવી છે. રેલ્વે ભરતી બોર્ડ (RRC) એ 4000 થી વધુ જગ્યાઓ માટે એપ્રેન્ટિસની મોટી ભરતી બહાર પાડવામાં આવી છે. આ ભરતી માટેની જાહેરાત બહાર પાડ્યા બાદ 28મી ડિસેમ્બરથી ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું શરૂ થઈ ગયું છે. અને અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ 27 જાન્યુઆરી 2025 છે. આ સમય મર્યાદામાં ઉમેદવારો સત્તાવાર વેબસાઈટ onlineregister.org.in પર જઈને અરજી કરી શકે છે. આ રેલવે ખાલી જગ્યાઓ દક્ષિણ મધ્ય રેલવે (SCR) દ્વારા બહાર પાડવામાં આવી છે. એર કન્ડીશનીંગ, કારપેન્ટર, ડીઝલ મિકેનિકલ, ઈલેક્ટ્રોનિક મિકેનિક, ઈલેક્ટ્રિશિયન, ફિટર, પેઈન્ટર, વેલ્ડર સહિત અન્ય ટ્રેડ માટે જગ્યાઓ ખાલી છે.

**4200 જગ્યાઓ પર ભરતી જાહેર**

## મણિપુરમાં હિંસા : કાંગપોકપી જિલ્લામાં પ્રદર્શનકારીઓએ SP ઓફિસ પર હુમલો કર્યો

**વાહનોમાં તોડફોડ**



(એજન્સી) કાંગપોકપી | તા.03

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં શુક્રવારે સાંજે એક ટોળાએ પોલીસ અધિક્ષકની ઓફિસ પર હુમલો કર્યો હતો. પ્રદર્શનકારીઓએ એસપી ઓફિસના વાહનોમાં પણ તોડફોડ કરી હતી. આ પછી પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના સેલ છોડ્યા હતા. આમાં ઘણા લોકો ઘાયલ થયાના સમાચાર છે. રાજ્યના કાંગપોકપી જિલ્લામાં એક ટોળાએ પોલીસ અધિક્ષકની ઓફિસ પર હુમલો કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે સાંજે મણિપુરના કાંગપોકપી જિલ્લામાં એક ટોળાએ પોલીસ અધિક્ષકની ઓફિસ પર હુમલો કર્યો હતો. હુમલાખોરો ગામમાંથી કેન્દ્રીય દળોને હટાવવાની માંગ કરી રહ્યા હતા. પોલીસે દેખાવકારોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા. અધિકારીઓ કહ્યું કે કાંગપોકપી જિલ્લાના એક ગામમાંથી કેન્દ્રીય દળોને હટાવવાના કારણે ટોળાએ પોલીસ અધિક્ષક કચેરી પર હુમલો કર્યો હતો. આ પછી પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા હતા. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ, સાયબોલ ગામમાં 31 ડિસેમ્બરે સુરક્ષા દળો દ્વારા મહિલાઓ પર કથિત લાઠીચાર્જના વિરોધમાં કુકી સંગઠનો વિરોધ કરી રહ્યા છે.

# ગાંધીનગરમાં 300 કરોડથી વધુના ખર્ચે 'આંજણા ધામ'નું નિર્માણ, મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કરાશે....

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વિશ્વના 'આંજણા' (ચૌધરી-પટેલ) સમાજના સર્વાંગી વિકાસના કેન્દ્રબિંદુ એવા 'આંજણા ધામ'નો આગામી તા. ૦૫મી જાન્યુઆરી ૨૦૨૫ રવિવારના રોજ ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સવારે ૦૯.૦૦ કલાકે શિલાન્યાસ તેમજ દાતાઓનો સન્માન સમારોહ યોજાશે. આ પ્રસંગે શિકારપૂરા આશ્રમ રાજસ્થાનના સંરક્ષક ૧૦૦૮ મહંત દયારામ મહારાજ આશીર્વચન આપશે. આ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને દાતા શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. આંજણા ધામના મુખ્ય દાતા અને પ્રમુખ મણીલાલ ચૌધરી અને મહામંત્રી અમિતભાઇ ચૌધરીએ જણાવાયું હતું કે, ગાંધીનગરના જમિયતપુરા ખાતે સંસ્કાર, શિક્ષણ અને સેવા સંકલ્પ સાથે ૨૨૦૦૦ થી વધુ ચોરસ મીટર વિસ્તારમાં નિર્માણ પામનાર વૈશ્વિક કક્ષાના 'આંજણા ધામ' માટે ચૌધરી સમાજના દાતાઓ દ્વારા અત્યાર સુધીમાં રૂ. ૨૦૦ કરોડથી વધુનું માતબર રકમનું દાન જાહેર કરવામાં આવ્યું છે. સમાજના દાતાઓ દ્વારા આ ભગીરથ કાર્ય માટે અવિરત




દાન આવી રહ્યું છે. દાતાઓ અને સમાજના સહકારથી ગાંધીનગર ખાતે વિશ્વના આંજણા સમાજની પ્રગતિ સમાન અંદાજે રૂ. ૩૦૦ કરોડથી વધુના ખર્ચે આધુનિક બહુહેતુક કેન્દ્ર તૈયાર કરવાનો સંકલ્પ નક્કી કર્યો છે જેનો રવિવારે શિલાન્યાસ કરીને આ સંકલ્પને પરિપૂર્ણ કરવાનો ભગીરથ પ્રયાસ શરૂ કરાશે. જે સમાજ માટે ગૌરવ સમાન છે.

આ સંસ્થામાં UPSC/GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા-વ્યવસાયલક્ષી તાલીમ ક્લાસરૂમ, કુમાર-કન્યા છાત્રાલય, એન.આર.આઈ- સિનિયર સિટીઝન ભવન, ભવ્ય ઓડિટોરિયમ, લાઈબ્રેરી, ભોજનાલય, કોમ્યુનિટી હોલ કાર્યાલય, હેલ્થ કેર યુનિટ- વ્યસન મુક્તિ કેન્દ્ર, સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ-યોગ અને ફિટનેસ સેન્ટર જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. આંજણા ધામની વિશેષતાઓ અંગે પ્રમુખ અને મહામંત્રીએ વિગતો આપતાં કહ્યું હતું કે, શેરથા ટોલ નાકા, જમિયતપુરા, ગાંધીનગર ખાતે નિર્માણ પામનારા સૂચિત બહુહેતુક આંજણા ધામમાં કુલ ૧૩ માળ હશે. આંજણા ધામ ભવનનું કુલ બાંધકામ ૪.૫ લાખ ચો. ફૂટ વિસ્તારમાં થશે. અંદાજે ૨૫ હજાર ચો. ફૂટની જગ્યા ધરાવતી ૩ લાઈબ્રેરી, ૬૫૦ સ્ટુડન્ટ એક સાથે જમી શકે તેવું અદ્યતન ડાઈનીંગ હોલ તથા તે મુજબનું કીચન, ૨૦૦ સ્ટુડન્ટ વાળા ચાર ક્લાસરૂમ અને ૬૦ સ્ટુડન્ટ વાળા ૬ ક્લાસ રૂમ ,૨૫૦ સ્ટુડન્ટની કેપેસીટી વાળી કોમ્પ્યુટર લેબ, ૨,૩૦૦ સ્ટુડન્ટ એક સાથે નિવાસ કરી શકે તેવી આધુનિક હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ કરાવાશે.આ ઉપરાંત કુલ ૧૨ લિફ્ટ ધરાવતા ભવનના ૧૨મા માળે ખેલકૂદ માટે ઈનડોર ગેમ તથા ૧૦ હજાર ચો. ફૂટના બે મલ્ટિપરપઝ હોલ, રિસેપ્શન,બોર્ડ રૂમ, કોન્ફરન્સ રૂમ, અમ્ફી થિયેટર તેમજ સોલાર રૂફ ટોપનું નિર્માણ કરવામાં આવશે.

# સ્કૂલોમાં melzo સોફ્ટવેર ઈન્સ્ટ્રોલ કરવાનું દબાણ કરનાર એજન્સીની તપાસની માંગ

ડાંગ | તા.03

ડાંગ જિલ્લામાં આવેલ શાળાઓમાં melzo સોફ્ટવેર ઈન્સ્ટ્રોલ કરવાનું દબાણ કરવામાં આવી રહ્યું હોય તેવા આક્ષેપો થતાં જોવા મળી રહ્યા છે.જેના લઈને ગત તા.૩૦/૦૮/૨૦૨૪ ના રોજ ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર પાઠવીને તપાસની માંગ કરી હતી. જોકે આજદિન સુધી યોગ્ય જવાબ કે તપાસ કરવામાં ન આવતા, ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિએ આ અંગે આવેદનપત્ર પાઠવ્યું હતું. ગત તા. 30/08/2024 ના રોજ ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સેવા સદન ખાતે ચીટનીશ ટુ કલેક્ટર સાહેબશ્રી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં જણાવેલ melzo.com નામની એજન્સીની તપાસ કરવા માટે આવેદનપત્ર આપેલ હતું. જે આવેદનપત્ર બાબતે કોઈ પણ પ્રકારનો જવાબ લેખિતમાં મળેલ નથી એની વારંવાર ચિટનીશ ટુ કલેક્ટર સાહેબ શ્રી મૌખિક ફરિયાદ પણ કરવામાં આવી હતી. ત્યારે એમના દ્વારા પણ જે તે વિભાગને વારંવાર પત્ર લખી જાણ પણ કરેલ જેથી જે તે વિભાગના અધિકારીની બેદરકારીના લીધે આજ દિન સુધી અરજદારને લેખિતમાં જાણ થયેલ નથી. જેના લીધે કોંગ્રેસ સમિતિને માહિતી મળેલ કે આ melzo.com એજન્સીના માણસો સ્કૂલોમાં જઈ આ સોફ્ટવેર ફરજીયાત ઈન્સ્ટ્રોલ કરવાનું દબાણ કરે



ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર પાઠવીને તપાસની માંગ કરી હતી

અને એવુ કહે છે કે, તમારે આજ સોફ્ટવેર વાપરવાનો છે અને સરકારના સોફ્ટવેર નથી વાપરવાનો આ સોફ્ટવેર ઈન્સ્ટ્રોલ કરવા માટે કોઈ બહારનો (અમેરિકા) ડોનર છે. અને તે ડોનર 1 વર્ષના એક સોફ્ટવેર ઈન્સ્ટ્રોલ કરવાનાં 50000 હજાર રૂપિયાનું દાન કરે છે. અને આ સોફ્ટવેર ખાલી 3 વર્ષ માટે ફ્રી છે. અને ઉચ્ચ અધિકારીશ્રીઓના નામો લઈ જે તે સ્કૂલો ને ફરજીયાત આ સોફ્ટવેર ઈન્સ્ટ્રોલ કરવાનું દબાણ કરે છે. ત્યારે કોંગ્રેસ સમિતિ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રને લઈ કોઈ કાર્યવાહી ના થવાના લીધે અને અધિકારીઓની બેદરકારીના લીધે આવી એજન્સીઓ અહીં આવી મફત કરીને લાભ લેવા આવતી હોઈ છે એવુ સ્પષ્ટ પ્રતીત થતું હોય એવા આક્ષેપો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

સિંહોની વર્તણૂકમાં બદલાવ: ગામમાં ઘૂસીને મારણના વધુ બનાવ

# ઠંડીમાં વધુ ભૂખ લાગતી હોવાથી સિંહનાં ખોરાકમાં 20 ટકાનો વધારો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

હાલ શિયાળાની ફુલ ગુલાબી ઠંડીની સિઝન ચાલી રહી છે. શિયાળાની સિઝનમાં જંગલની બોર્ડર પરના ગામડાઓમાં સિંહોના આંટાફેરા વધી જાય છે. પેટનો ખાડો પુરવા શિયાળા માં સિંહ ગ્રામ્ય વિસ્તારના પાલતું પશુઓને સૌથી વધુ શિકાર બનાવે છે કેમ કે, ઉનાળામાં પાણીના પોઈન્ટ પર મારણ મળી જાય છે. ચોમાસામાં ચોતરફ લીલોતરી હોવાથી આડેધડ પશુધન ચરીયાણ કરતું હોય છે. જેથી ચોમાસામાં પણ સહેલાઈ થી મારણ મળી જાય છે. જ્યારે શિયાળામાં ગામમાં ઘુસી હિંમતભેર શિકાર કરી રહ્યા છે.

શિયાળાની સિઝન એક બાજુ સિંહ માટે ફુલ ગુલાબી અને બીજી બાજુ પડકારજનક બને છે. સિંહ કાચું માસ ખાતા હોવાથી તેના શરીરમાં ગરમી ખુબ જ હોય છે.



શિયાળાની કડકડતી ઠંડીમાં સિંહો પવનની ઠંડી લહેરોથી પ્રફુલીત થઈ જાય છે. જ્યારે ઉનાળામાં કાળઝાળ ગરમીથી સિંહ ત્રસ્ત બની જાય છે. શિયાળાની સિઝન માં સિંહના ખોરાકમાં અન્ય સિઝન કરતા ૧૫થી ૨૦ ટકાનો વધારો થાય છે. શિયાળામાં વધુ ભૂખ લાગતી હોવાથી પેટનો ખાડો પુરવા વધુ પરિભ્રમણ કરવું પડે છે જેટલું વધુ પરિભ્રમણ કરે તેટલી શિકાર મળવાની શક્યતાઓ વધે છે. શિયાળાની સિઝનમાં ખેતરોમાં તુવેર, કપાસનાં પાકનું વાવેતર છે. દિવસે ખેડૂતોના ખેતરમાં પાકમાં ધામા નાખીને રહે છે. શિયાળાની સિઝનમાં જંગલ અને રેવન્યુ વિસ્તારમાં પાણીની પુરતી સગવડતા હોય છે. જેથી પાલતું પ્રાણીઓ અને તૃણાહારી પ્રાણીઓ ગમે ત્યાં ચરીયાણ કરી શકે છે પરંતુ શિયાળાની સિઝનમાં મોટું થઈ ગયેલું ઘાસ સુકાઈ ગયું હોવાથી સિંહને શિકાર દેખાતો નથી જેના કારણે શિકાર કરવામાં મુશ્કેલી પડે છે. એક બાજુ શિયાળામાં વધુ ખોરાકની જરૂરીયાત પડે છે, ખોરાક માટે વધુ મહેનત કરવી પડે છે, આવી પરિસ્થિતિના કારણે પહેલા વધુ ભુખ લાગતી હોવાથી અંતે સિંહો રાત્રીના સમયે જંગલની બોર્ડર પરના ગામડાઓમાં ઘુસી આરામ ફરમાવી રહેલા પશુઓ પર અચાનક જ હુમલો કરી તેમને શિકાર બનાવે છે.

લુણાવાડા | બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે

# જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે 42 બહેનોનો બી.સી. સખી (વ્યવસાય સંવાદદાતા)ની નિ:શુલ્ક તાલીમ પૂર્ણ થતાં જિલ્લા વિકાસ અધિકારી સી એલ પટેલના હસ્તે પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યા હતા.તેમણે તાલીમાર્થી બહેનોને પ્રગતિમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી.

બેંક સખી દ્વારા ગ્રામ્ય કક્ષાએ લોકોને બેંકમાં મળતી તમામ સુવિધાઓ જેમાં નવું એકાઉન્ટ ખોલવા અંગે પૈસા જમા અને ઉપાડ મોબાઈલ રિચાર્જ ગેસ લાઈટ ટીવી નું બિલ ભરવું ટ્રેન બસ ફ્લાઈટનું બુકિંગ કરવું ઈન્સ્યોરન્સ ના પૈસા ભરવા પશુ કે પાકનું ઈન્સ્યોરન્સ કઢાવવું વગેરે જેવા કામો સરળતાથી કરી શકાય છે. પોતાનો બીસી પોઈન્ટ ચલાવી ગ્રામ્ય સ્તરે બેંકિંગ સુવિધાઓ આપી શકશે બહેનોને કોઈપણ બેંક સાથે જોડાઈ બીસી સખી તરીકે કામગીરી શરૂ કરી તેના દ્વારા મળતા વિવિધ કમીશન વડે પોતાને આર્થિક રીતે પગભર બનાવી શકે છે. મહીસાગર જિલ્લાની અગ્રણી બેંક બેંક ઓફ બરોડા દ્વારા પ્રાયોજિત આ તાલીમ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા મહીસાગર જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સીના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.આ આ ૬ દિવસીય તાલીમ દરમિયાન તમામ બહેનોને નિ:શુલ્ક ચા, નાસ્તો અને ભોજન આપવામાં આવે છે.

ખેડુતો પાસેથી ફોરેસ્ટરે રૂ.૬૦૦૦ ગેરકાયદેસર પડવ્યા હોવાનો આક્ષેપ

# નેત્રંગમાં PM-કુસુમ સૌરપંપ યોજનામાં ગોટાળા બાબતે PMને ફરિયાદ કરાઇ

ભરત શાહ | નર્મદા

ભરૂચ જીલ્લાના નેત્રંગ તાલુકામાં પ્રધાનમંત્રી કુસુમ સૌરપંપ યોજનાનો લાભ અપાવાના બહાને છેતરપીંડી કરતાં તેની ફરીયાદ પ્રધાનમંત્રી કાર્યાલય સુધી પહોંચી છે. જેમાં ખેડુતોને સૌરપંપ આપવાની યોજનામાં ૨૦૨૩ માં ૯૦ અરજીઓ માંથી ફક્ત ૯ સૌરપંપ અપાયા છે.

આ વર્ષે ૫૨૪ અરજીઓ થયેલી હોવા છતા માત્ર ૪૨ ખેડુતોને પસંદ કરવામાં આવ્યા છે, અને હજુ સુધી સૌરપંપ અપાયા નથી જેમાં જાણવા મળ્યા મુજબ નેત્રંગ વનવિભાગના મહિલા રાઉન્ડ ફોરેસ્ટર હરીલાબેન વસાવા એ દરેક ખેડુત પાસેથી રૂ.૬૦૦૦ વસુલવા અને ૩૦૦થી વધુ આદિવાસી ખેડુતો સાથે છેતરપિંડી કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ રકમ લીધા પછી પણ સૌરપંપ ફિટ કરવામાં આવ્યા



પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદિપ માંગરોલાએ આ બાબતે તપાસની માંગ કરી

નથી. પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદિપ માંગરોલા પાસે આ બાબતે ફરિયાદ પહોચતા તેમને પ્રધાનમંત્રી કાર્યાલય અને એમએનઆરઈના દિલ્હીના ઉચ્ચ અધીકારીઓને આ કૌભાંડની તાત્કાલિક તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી છે. સાથે બધા લાયક ખેડૂતને આ યોજનાના લાભ ન્યાયસંગત રીતે અને વહેલી તકે આપવામાં આવે અને આદિવાસી ખેડુતોને આર્થિક નુકસાન થી બચાવવા અને તેમને પુરતું વળતર આપવામાં આવે તેવી રજુઆત કરાતા ચકચાર મચી જવા પામી છે.

ફાર્મો ઈરીગેશન એજન્સીના માલીક હારૂણ કડીવાલાએ ટેલીફોનિક વાત માં કોઈપણ ખેડુત પાસે મેં રૂપિયા ઉઘરાવ્યા નથી. નેત્રંગ વનવિભાગના ફોરેસ્ટર હરીલાબેન વસાવાએ ડોક્યમેન્ટ સાથે રૂ.૪૦૦૦ મને આપ્યા હતા તેમ જણાવ્યું હતું, કોઇ ખેડુતોને રસીદ નહીં આપતા ખેડુતોમાં આક્રોશ જણાઇ રહ્યો છે. ખેડુતોએ ગાંધીનગર સુધી ફોરેસ્ટરની ફરીયાદ કરી છે.તેમ છતાં ભરૂચ વનવિભાગના અધીકારી પોતાની માનીતા મહિલા રાઉન્ડ ફોરેસ્ટરને બચાવા માટે પુરી તાકાત લગાવ્યા નું જાણવા મળ્યું છે.

# રાજપીપળા ST ડેપોની બસ સમયસર નહી આવતા મુસાફરોનો હોબાળો

તાત્કાલિક બીજી બસ મુકાઇ



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા એસટી ડેપો અવાર નવાર મુસાફરો ને પડતી તકલીફ બાબતે ચર્ચા માં રહે છે પરંતુ આ માટે નો કોઈ કાયમી ઉકેલ આવતો નથી જેમાં આજરોજ પણ બસ સમયસર નહી મૂકાતા વડોદરા જવા ઉભેલા મુસાફરો એ હોબાળો કરતા ડેપો સત્તાધીશો એ બીજી બસ મૂકી હતી.

મળતી માહિતી અનુસાર આજે સવારે રાજપીપળા થી વડોદરા નોકરી કે અભ્યાસ અર્થે જતા પાસ ધારકો અને અન્ય મુસાફરો રોજિંદા નિત્યક્રમ મુજબ ડેપો માં ઉભેલા હતા પરંતુ સમય નીકળી જવા છતાં રેગ્યુલર બસ પ્લેટફોર્મ પર નહી આવતા પૂછપરછ બાદ મુસાફરો એ ડેપો પર બૂમાબૂમ કરી હોબાળો મચાવ્યો હતો જેમાં કેટલાક પાસ ધારકો નું કહેવું હતું કે બસ લેટ પડે તો અમારે અભ્યાસ બગડે અને કેટલાક નોકરિયાતો જો સમયસર નહી પહોંચે તો પરત ફરવાની નોબત આવે છે માટે અમારો રોજ બગડે. જોકે હોબાળો મચ્યા બાદ ડેપો વાળા એ એક બસ મૂકતા અટવાયેલા મુસાફરો ને રાહત થઈ હતી.

ડેપો માંથી જાણવા મળ્યા મુજબ કેટલીક બસ અન્યત્ર ફાળવતા ડેપો માં બસ ની અછત ના કારણે ક્યારેક અમુક રૂટ ની બસો નહી મૂકતા આવી સમસ્યા સર્જાય છે.

# મહીસાગર | ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરી સારું વ્યાજ કમાવાની લાલચ આપી રૂા. 19 લાખની રકમની ઠગાઇ

### ઠગ શિક્ષક, તેની કંડકટર પત્ની અને અન્ય બે લોકો વિરુદ્ધ લુણાવાડા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઇ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

મહીસાગર જિલ્લામાં ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરી સારું વ્યાજ કમાવાની લાલચ આપી છેતરપિંડી કરી રૂપિયા 19 લાખ 21 હજારની રકમની ઠગાઈ કરનાર શિક્ષક તેમજ તેની કંડકટર પત્ની અને અન્ય બે લોકો વિરુદ્ધ લુણાવાડા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

લુણાવાડા તાલુકાના અરીઠી પટેલ ફળિયાના રહેવાસી ફરિયાદી કિરણકુમાર મુળજીભાઈ પટેલ વર્ષ 2022માં લુણાવાડા તાલુકાનાં જૂના ગોરાડા ગામના વતની શિક્ષક તરીકે ફરજ બજાવતા આરોપી શૈલેષ પટેલ અને તેમના પત્ની નિમિષાબેનના સંપર્કમાં આવ્યા હતા.આરોપીના પત્ની નિમિષાબેનએ કંડકટરમાં નોકરી કરતા હોય અને ફરિયાદી તે બસમાં અપડાઉન કરતા હતા ત્યારે તેમના સંપર્કમાં આવ્યા હતા અને ત્યારબાદ શૈલેષભાઈએ ફરિયાદી કિરણભાઈનો સંપર્ક કરી અને તેમના ઘરે પણ ગયા અને તેમને આમાં રોકાણ કરવા માટે વધુ પૈસા મળશે તેવી લાલચ આપી અને ત્યારબાદ ફરિયાદી કિરણભાઈએ તબક્કા વાર રૂપિયા 19,21000/- આરોપી શૈલેષભાઈ પટેલ તેમની પત્ની નિમિષાબેન અને અન્ય બે આરોપી કનૈયાલાલ ધુળાભાઈ વસાવા અને રાહુલ કુમાર ભુપતભાઈ વસાવા આ ચાર લોકોને આપ્યા હતા જ્યારે પૈસા રોકાણ કર્યું ત્યારે એમને વધુ નાણાં આપશે તેવી લાલચ આપી હતી. ચારેય આરોપીઓ ફરીયાદીના ઘરે જઈ ફોરેક્ષ ટ્રેડીંગમાં નાણાનું રોકાણ સારુ અને સમય મર્યાદામાં પરત મળી જશે તેવો ભરોસો આપી ફરીયાદીનેતેમના રૂપિયા પરત નહી આપી અને આપેલ રૂપિયાની માંગણી કરવા જતા અવાર નવાર વાયદા કરી અને મા બહેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ખોટા કેસમાં ફસાવી દઈશ તેમ કહી આરોપીઓએ કરીયાદીને રૂપિયા પરત નહી આપી એકબીજાએ રોકડ નાણા તેમજ બેંકિંગ રીતે ટ્રાન્સફર કરી વહેંચણી કરી લઈ ફરીયાદી સાથે ઠગાઈ કરી એકબીજાની મદદગારી કરી હતી. વર્ષ 2022 માં રોકાણ કરેલ નાણા અત્યાર સુધી પરત ન મળતા ફરિયાદી કિરણ પટેલ દ્વારા આ બાબતે લુણાવાડા તાલુકા પોલીસ મથકમાં આ ચાર આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

**શિક્ષણ સિવાય અન્ય વ્યવસાયોમાં રચ્યાં પચ્યાં રહેતા શિક્ષકો પર કાર્યવાહી ક્યારે કરાશે? :** મહીસાગર જિલ્લો શિક્ષણમંત્રીનો જિલ્લો છે આ જિલ્લામાં તાજેતરમાં ભાડૂતી શિક્ષક રાખવા અને ફરજ બજાવતા કેટલાક શિક્ષકો બિલ્ડિંગ કન્સ્ટ્રકશન, જમીન લે વેચ,વીમા એજન્ટ, ટ્રાવેલ એજન્ટ જેવા અન્ય વ્યવસાય કરતા હોય તેવી બાબતો સામે આવી છે ત્યારે એક વર્ષ અગાઉ નોંધાયેલી શિક્ષક દ્વારા કરાવેલ ૨૫ લાખના રોકાણ અંગે નોંધાયેલી ફરિયાદ બાબતે શિક્ષણ વિભાગે કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

# શ્રી એસ. કે. શાહ & શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ, મોડાસાને "બી" ગ્રેડ મેળવ્યો



રાકેશ મહેતા, ધનસુરા | શ્રી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ. કે.શાહ & શ્રીકૃષ્ણ ઓ.એમ. આર્ટસ કોલેજ, મોડાસા નેક (સાયકલ-૨)માં અરજી કરેલ હતી. તા. ૧૯-૨૦-ડિસેમ્બર-૨૦૨૪ ના રોજ નેક પિયર ટીમના સભ્યશ્રીઓ દ્વારા વિઝિટ કરવામાં આવી હતી તેમાં પ્રથમ દિવસે કોલેજના આચાર્યશ્રી, આઇક્યુએસી સમિતિ, વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, વાલીમંડળ,ભૂતપૂર્વ વિધાર્થી મંડળ સાથે બેઠક કરી કેમ્પસની મુલાકાત લીધી હતી અને બીજા દિવસે વર્તમાન વિધાર્થીઓ અને શૈક્ષણિક અને વહિવટી સ્ટાફ સાથે બેઠક કરી દિવસના અંતે રિપોર્ટ આપ્યો હતો. એસ.એસ.આર અને સમિતિના રિપોર્ટના આધારે નેક દ્વારા સંસ્થાને "બી" ગ્રેડ મેળવેલ છે. "બી" ગ્રેડપ્રાપ્ત થતાં મંડળના પ્રમુખશ્રી નવિનચંદ્ર આર. મોદી, ઉપપ્રમુખશ્રી મહેંદ્રભાઈ વી શાહ તેમજ મંડળના હોદેદારશ્રીઓએ કોલેજના આચાર્યશ્રી, આઇક્યુએસી કો-ઓર્ડિનેટરશ્રી, અધ્યાપકો અને વહિવટી સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# ખેલ મહાકુંભ – 3.0 રમશે ગુજરાત....જીતશે ગુજરાત



જગદીશ ત્રિવેદી, લુણાવાડા | વિરણીયા પ્રાથમિક શાળાના ખાતે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ અંતર્ગત શાળા અને ગ્રામ્ય કક્ષાની સ્પર્ધાઓ યોજાઈ. રાજ્ય સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે રાજ્યમાં ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. આજ રોજ જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીએ લુણાવાડા તાલુકાના વિરણીયા પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહી બાળકોને ભણતરની સાથે ખેલ માટે પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના બાળકો દ્વારા શાળા અને ગ્રામ્ય કક્ષાએ u-૯ માં ૩૦ મીટર દોડ, સ્ટેન્ડિંગ બ્રોડ જંપ, u-૧૧ માં ૫૦ મીટર દોડ, સ્ટેન્ડિંગ બ્રોડ જંપ અને u-૧૪ માં કબડ્ડી અને ખો- ખો રમતોમાં ભાગ લીધો હતો જેને કલેકટરશ્રીએ નિહાળી હતી.

રાજપીપળાની શ્રી પ્રગતિ મહિલા મંડળ દ્વારા **ઉત્તરાયણ પૂર્વે** આદિવાસી મહિલાઓને પતંગની તાલીમમાં પ્રથમ તબક્કામાં મહિલાઓએ 2000થી વધુ નાની-મોટી પતંગો બનાવી

# મહિલાઓને પતંગ બનાવી પગભર બનાવવાની તાલીમ

ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેરમાં શ્રી પ્રગતિ મહિલા મંડળ 30 વર્ષ થી કાર્યરત છે. ત્યારે મહિલા અગ્રણી જ્યોતિબેન સથવારા આ સંસ્થા ચલાવી હજારો મહિલાઓ ને પર્સ બનાવવાનું, બ્યુટી પાર્લર નો કોર્ષ, ટુટીફૂટી બનાવવી , અથાણું બનાવવું, પાપડ, પાપડી બનાવવાની તાલીમ આપી અનેક બહેનો ને તૈયાર કર્યા છે. હાલમાં આ સંસ્થા દ્વારા ગ્રામ ટેક્નોલોજી ગાંધીનગર દ્વારા 30 આદિવાસી મહિલાઓને પતંગ બનાવવાની તાલીમ આપવામાં આવી, આ 30 બહેનો ને મટીરીયલ અપાતા આ તાલીમ માં બહેનો એ 2000 થી વધુ પતંગો બનાવી હતી. હવે આ મહિલાઓ પતંગ બનાવતા શીખી ગયા છે ત્યારે તેઓ એક ઉદ્યોગ શરૂ કરી પતંગો બનાવશે. અને પહેલા પોતે સ્ટોલ લગાવી બજાર કરતા સસ્તા



ભાવે વેચશે અને ત્યારબાદ વધુ બહેનો જોડીને ઉદ્યોગને મોટો કરશે.

રાજપીપળા ના રહીવાસી શારદાબેન વસાવાએ જણાવ્યું હતું કે અમે રાજપીપળા લાલટાવર ખાતે આવેલ શ્રી પ્રગતિ મહિલા મંડળ માં ગાંધીનગર રાજ્ય સરકાર માંથી સ્પેશિયલ ટ્રેનરો દ્વારા અમને પતંગ બનાવતા 30 દિવસ સુધી તાલીમ અપાઈ અને બાદમાં રો મટીરીયલ આપી ને અમને પતંગ બનાવવા કહી અમે 2000 થી વધુ નાની મોટી પેપર ની

**■ આગામી વર્ષે 4 થી 5 મહિના પહેલા થી પતંગ બનાવી જાતે રાજપીપળા, કેવડિયા અને અન્ય જિલ્લામાં પોતાના સ્ટોલ ખોલીવા મહિલાઓ તૈયાર**

પ્લાસ્ટિક પેપર ની બટર પેપર ની પતંગો બનાવી આપી હતી. આ વર્ષે હવે સમય નથી અને અમારી પાસે એવું ફંડ પણ નથી કે રો મટીરીયલ લાવી શકીએ પણ રાજપીપલા સહીત વિવિધ વિસ્તારોમાં ખંભાત, સુરત, અમદાવાદ થી પતંગો વેપારીઓ લાવે છે. જો અમે આ પતંગો બનાવીએ તો બધા કરતા સસ્તી પડે. જેથી આ વર્ષે અમે પ્લાનિંગ કરી સરકારમાં થી લોન લઈને પણ પતંગ ઉદ્યોગ કરીશું.

# રાજ્યપાલની અધ્યક્ષતામાં ગુજરાત યુનિ. ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસનો પાંચમો પદવીદાન સમારોહ

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પ્રત્યારોપણ-ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં વિશ્વપ્રસિદ્ધ, અમદાવાદ સિવિલ હોસ્પિટલ- મેડિસિટીમાં કાર્યરત ભારતની ટોચની સંસ્થા-ગુજરાત પ્રત્યારોપણ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના પાંચમા પદવીદાન સમારોહમાં રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતજી અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના હસ્તે યુરોલૉજી, નેફ્રોલૉજી, બાળ ચિકિત્સા નેફ્રોલૉજી અને ઍનેસ્થેસિયોલૉજીના ૮૪ સ્નાતકોત્તર ડૉક્ટર્સને પદવી અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. પ્રત્યારોપણ વિજ્ઞાનમાં સેવા, શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે કાર્યરત આ વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમના માનવસેવા માટેના સમર્પણ, મહેનત અને નિષ્ઠા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અભિનંદન આપ્યા હતા.

### 1981 માં ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં વિચારવું પણ મુશ્કેલ હતું

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું કે, આ



નિશ્ચિતપણે ગર્વની વાત છે કે ગુજરાત પ્રત્યારોપણ વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના જી.આર. દોશી અને કે. એમ. મહેતા કિડની રોગ અને સંશોધન કેન્દ્ર તેમજ ડૉ. એચ.એલ. ત્રિવેદી પ્રત્યારોપણ વિજ્ઞાન સંસ્થાને એક નવો ઈતિહાસ સર્જ્યો છે. આજે ડૉ. એચ.એલ. ત્રિવેદીજીના આત્માને નિશ્ચિતપણે આનંદની અનુભૂતિ થઈ રહી હશે. વર્ષ - 1981માં જ્યારે ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં વિચારવું પણ મુશ્કેલ હતું, ત્યારે તેમણે એક દુરંદેશી ભર્યા દ્રષ્ટિકોણ સાથે આ અભિયાન શરૂ કર્યું હતું. આજે તેમનું આ સપનું સાકાર થતું જોવું એ અત્યંત આનંદની વાત છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ડમી પેશન્ટો મોકલી સુરત પોલીસે રેડ પાડી, બે મહિલા સહિતના પાંચ લોકો વર્ષોથી ક્લિનિક ચલાવતાં

# સુરતમાં વધુ છ બોગસ ડોક્ટર ઝડપાયા



(એજન્સી) સુરત | 03

સુરતના ડિંડોલી નવાગામ વિસ્તારમાં 6 બોગસ ડોક્ટર ઝડપાયા છે. ડમી પેશન્ટો મોકલી ડિગ્રી વગર તબીબી પ્રેક્ટિસ કરી લોકોની જિંદગી સાથે ચેડાં કરતાં નકલી તબીબોને ડિંડોલી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ઝડપી પાડ્યા છે. આ સાથે 52,419 રૂપિયાનો મેડિકલ મુદ્દામાલ પણ કબજે કર્યો છે. પોલીસની પૂછપરછમાં કેટલાક ડોક્ટરોએ જણાવ્યું હતું કે રસેશ ગુજરાતીએ તેમને ડિગ્રી આપી હતી. આ ઝડપાયેલા બોગસ ડોક્ટરમાં બે મહિલા પણ સામેલ છે.

સુરત પોલીસ કમિશનરે શહેરની અંદર ડિગ્રી વગર અથવા બનાવટી ડિગ્રીના આધારે ક્લિનિક ચલાવતા નકલી ડોક્ટરોને પકડવા ખાસ અભિયાન શરૂ કરાવ્યું છે. આ અભિયાન અંતર્ગત ડિંડોલી પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ-ઈન્સ્પેક્ટર આર. જે.ચૂડાસમાએ સર્વેલન્સ ટીમને સૂચના આપી હતી અને ડિગ્રી વગરના ડોક્ટરોની શોધખોળ શરૂ થઈ હતી.

## પોલીસે ડમી પેશન્ટ દ્વારા ખાતરી કરી

આ દરમિયાન ડિગ્રી વગરના તબીબો પ્રેક્ટિસ કરતા હોવાની બાતમી મળતાં પોલીસે ડિંડોલીના નવાગામ વિસ્તારમાં તપાસ કરી હતી. ક્લિનિક ચલાવતા શખસોની હકીકત ચકાસવા પોલીસે ડમી પેશન્ટો મોકલ્યા હતા. બોગસ તબીબની ખાતરી થતાં જ પોલીસે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની ટીમ સાથે મળી રેડ કરી હતી.

આરોપી રાજેશ મહાજન ડિંડોલી પ્રિયંકા ટાઉનશિપ વિભાગ-1માં પ્લોટ નંબર 18માં ગુરુકૃપા ક્લિનિક ચલાવતો હતો. આવી જ રીતે આરોપી મહેશ રાજપૂત માયા ક્લિનિક, આરતી દેવી આશી ક્લિનિક, બુદ્ધ દેવકુમાર ચૌહાણ બિહાર ક્લિનિક, મનોરમાં પાલ અભી ક્લિનિક અને શરદપટેલ શ્રી દત્ત ક્લિનિક વગર કોઈ મેડિકલ પ્રેક્ટિસની ડિગ્રી વગર ચલાવતા હતા.

### બોગસ તબીબોની ઓળખ

1. રાજેશ રામકૃષ્ણ મહાજન (ઉં.વ. 49) (B.E.M.S)
રહે. માનસી રેસિડન્સી, ડિંડોલી, સુરત
મૂળ વતન: ધાનોરા, જિલ્લા જલગાંવ, મહારાષ્ટ્ર.

2. મહેશ વિઠ્ઠલ રાજપૂત (ઉં.વ. 47) (B.E.M.S)
રહે. પ્રિયંકા ટાઉનશિપ, ડિંડોલી
મૂળ વતન: બ્રાહ્મણપુરી, જિ. નંદુરબાર, મહારાષ્ટ્ર.

3. આરતીદેવી શોભનાથ મૌર્યા (ઉં.વ. 30) (B.E.M.S)
રહે. રઘુકુલનગર, ડિંડોલી
મૂળ વતન: ખજૂરાવા, જિ. જોનપુર, ઉત્તરપ્રદેશ.

4. બુદ્ધદેવકુમાર શિવનંદન ચૌહાણ (ઉં.વ. 21) (R.M.P B.PHARMA)
રહે. ગણેશનગર, નવાગામ, ડિંડોલી
મૂળ વતન: અન્નધન્ના, જિ. નાલંદા, બિહાર.

5. મનોરમા અમરદેવ વિક્રમાદિત્ય પાલ (ઉં.વ. 28) (C.M.S.E.D)
રહે. લક્ષ્મણનગર, ડિંડોલી
મૂળ વતન: ભદરાવ, જિ. જોનપુર, ઉત્તરપ્રદેશ.

6. શરદ નારાયણ પટેલ (ઉં.વ. 52) (B.E.M.S)
રહે. શ્યામવિલા સોસાયટી, મધુરમ સર્કલ,
મૂળ વતન: કરજોત, જિ. નંદુરબાર, મહારાષ્ટ્ર.

# નેશનલ હાઈવે પર પાંચ વાહન વચ્ચે અકસ્માત...

### મુંબઈ-અમદાવાદ હાઈવે પર ત્રણ કાર-બે ટ્રક વચ્ચે જોરદાર ટક્કર; ટ્રાફિક-NHAIની ટીમ સ્થળ પર, ક્રેનની મદદથી વાહનો હટાવાયાં

(એજન્સી) બારડોલી | 03

સુરતમાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ત્રણ કાર-બે ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ છે. એકસાથે 5 વાહનોનો અકસ્માત થતા ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ NHAI અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી ક્રેનની મદદથી વાહનો હટાવડાવ્યા હતા. માંગરોળ તાલુકાના ધામડોદ ગામની સીમ પાસે થયેલા અકસ્માતમાં સદનસિબે કોઈ જાનહાનિ થઈ નથી.

સુરત જિલ્લામાંથી પસાર થતાં મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર દિનપ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે આજરોજ વધુ એક અકસ્માતની ઘટના બની હતી. માંગરોળ તાલુકાના ધામડોદ ગામ પાસે એક પછી એક પાંચ વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેને લઈને નાસભાગ મચી ગઈ હતી. ત્રણ કાર અને બે ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થતાં હાઈવે પર ભારે ટ્રાફિકજામ થયો હતો.

ઘટનાને પગલે સુરત જિલ્લા ટ્રાફિક અને NHAI વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને વાહનોને ક્રેનની મદદથી હાઈવેની સાઈડમાં કરવાની કામગીરી હાથ ધરી હતી. અકસ્માતની ઘટનામાં કોઈ મોટી જાનહાનિ ન થતાં સૌકોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.



### વાહનોને ક્રેનની મદદથી હટાવાયાં

સુરત જિલ્લા ટ્રાફિક PSI ઈશ્વરસિંહ સિસોદિયાએ જણાવ્યું હતું કે, પાંચ વાહન વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. ઘટનાને પગલે અમારી ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. વાહનોને હાઈવેની સાઈડ કરવા ક્રેનની પણ મદદ લેવામાં આવી હતી. જે બાદ ટ્રાફિક હળવો થાય એ દિશામાં કામગીરી કરાઈ હતી.

## યાત્રાધામ બેટ દ્વારકામાં મેગા ડિમોલિશન, સરકારી જમીન પરથી દબાણો હટાવાયા

દ્વારકા : દ્વારકામાં ફરીવાર તંત્રનું બુલડોઝર ફર્યું છે. સરકારી જમીન પર કબ્જો જમાવી બેઠેલા ભુમાફિયામાઓમાં ફફડાટ ફેલાયો છે. હાલ બેટ દ્વારકાનું વિકાસ ચાલુ હોય તેથી સરકારી જમીન પચાવી લેનારો પાસેથી જમીન મુક્ત કરવાની તંત્રની કામગીરી તેજ કરવામાં આવી છે. ઓખા નગરપાલીકા ઓખા પોલિસ તેમજ દ્વારકા SDM સહિતના અધિકારીઓ ડિમોલિશનની કામગીરીમાં જોડાયા હતા. ગઈ કાલે ઉના તાલુકાના સનખડા ગામે ગૌચરની જમીન ઉપર કરેલ દબાણ ઉપર તંત્ર બુલડોઝર ફરી વળ્યુ છે. સનખડા ગ્રામ પંચાયતની ગૌચરની આશરે 500 વીઘા જેટલી જમીન ઉપર દબાણ કરવામાં આવ્યું છે. જેના પગલે ગીર સોમનાથ જિલ્લા કલેકટરની સૂચનાથી ઉના તાલુકા પંચાયત કચેરીના સ્ટાફને સાથે રાખીને તંત્રએ દબાણ દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે.

### ખમીદાણા ગામે બંધ મકાનમાંથી રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી 10 લાખથી વધુના મુદ્દામાલની ચોરી

# પરિવાર મંદિરે દર્શને ગયો અને ઘરે તસ્કરો ત્રાટક્યાં

(એજન્સી) જુનાગઢ | 03

કેશોદમાં છેલ્લા એક મહિનામાં અલગ અલગ વિસ્તારો તેમજ ગ્રામ્ય પંથકમાં ચોરીના બનાવો સતત વધી રહ્યા છે. ત્યારે ખમીદાણા ગામમાં વાડીએ રહેતા મૈસુર પરિવારના મકાનમાંથી લાખો રૂપિયાના સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયાની ચોરી થયાની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

વાડી વિસ્તારના મકાનમાં રહેતા મેસૂર પરિવાર સોનલ મઢડા ધામ ખાતે 11:00 વાગ્યા આસપાસ દર્શને ગયો હતો. ત્યારબાદ દર્શન કરી ત્રણ વાગે પોતાના ઘરે પરત ફર્યો હતો. ત્યારે આ પરિવારે પોતાના મકાનનું તાળું તૂટેલું જોયું હતું અને ઘરમાં પ્રવેશતા જ ઘરની ચીજ વસ્તુઓ વેરવિખેર પડી હતી. કબાટ ખુલ્લી હાલતમાં જોવા મળ્યો હતો. આ પરિવારને તેના મકાનમાંથી 17 તોલા સોનું અને રોકડ રૂપિયાની ચોરી થયાની જાણ થઈ હતી. જે મામલે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ તપાસ કરી હતી.

ખમિદાણા ગામના રહીશ નારણ ભાઈ મૈસુરે જણાવ્યું હતું કે, ટીટોડીથી ખમીદાણા રોડ પર મારી વાડી આવેલી છે. અમે સોનલધામ મઢડા ખાતે પરિવાર સાથે દર્શને ગયા હતા. માતાજીના દર્શન કર્યા બાદ અમારો પરિવાર 3 વાગ્યા આસપાસ ઘરે પરત ફર્યો હતો. ત્યારે ઘરમાં પ્રવેશતા અમારા મકાનના બંને દરવાજા તૂટેલા હતા. તેમડ ઘરમાં રાખેલી ઘરવખરી વેરવિખેર પડી હતી. કબાટ તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. જેમાંથી 17 તોલાથી વધુ સોનુ અને એક લાખ જેટલી રોકડ રકમની ચોરી તસ્કરોએ કરી હતી. આ મામલે અમે કેશોદ પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ તાત્કાલિક અમારા ઘરે પહોંચી હતી.

આ મામલે ડીવાયએસપી બી.સી ઠક્કરે જણાવ્યું હતું કે, કેશોદ તાલુકાના ખમીદાણા ગામે બંધ મકાનમાંથી સોનું અને રોકડ રૂપિયાની ચોરી થયાની ફરિયાદ કેશોદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ફરિયાદી નારણભાઈ મૈસુરભાઈ સોલંકી પોતાના ઘરેથી પરિવાર સાથે સોનલધામ મઢડા ખાતે દર્શન માટે ગયા હતા.

### નડિયાદ-ડાકોર રોડ પર વિચિત્ર અકસ્માત

# આશસર ટેમ્પોનું સ્પેર વ્હિલ અથડાતા બાળકીનું મોત...

(એજન્સી) નડિયાદ | 03

નડિયાદ-ડાકોર રોડ પર વિચિત્ર અકસ્માત સજાર્યો છે. જેમાં ટેમ્પોનું સ્પેર વ્હીલ બાળકીના મોંઢા પર અથડાતા સાડા ત્રણ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.

પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા જિલ્લાના નડિયાદ-ડાકોર રોડ પર આવેલા સલુણ ગામ પાસે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રોડની નજીક વસવાટ કરતા એક શ્રમિક પરિવારની સાડા ત્રણ વર્ષની દીકરી હાઈવેની બાજુમાં રમી રહી હતી. આ દરમિયાન હાઈવે પરથી એક આઈશર ત્યાંથી પસાર થયું હતું. જેમાં ટ્રોલીમાં પડેલું સ્પેર વ્હીલ ઉછળીને બાળકી પર પડ્યું હતું અને તેને મોંઢાના ભાગે ઈજા પહોંચતાં મોત નિપજ્યું હતું.

# પાટીદાર દીકરીને ન્યાય અપાવવા રસ્તા વચ્ચે બેઠક

### અલ્પેશ કથીરિયાએ કહ્યું- મિટિંગ માટે કોઈ ફાર્મ નથી આપતું, પાર્ટીને બાજુમાં મૂકી જોડાજો; અમરેલી લેટરકાંડનો વિવાદ વકર્યો...



સુરત | અમરેલીમાં લેટરકાંડ મુદ્દે વિવાદ વધુ વકરી રહ્યો છે. ગઈકાલે (2 જાન્યુઆરી) રાતે સુરતમાં પાટીદાર સમાજના અગ્રણી અલ્પેશ કથીરિયાની આગેવાનીમાં પાટીદાર સમાજની એક બેઠક મળી હતી, જેમાં દીકરીના ન્યાય માટેની ચર્ચાઓ થઈ હતી. આ સાથે જ કોઈ ફાર્મ ભાડે ન મળતાં આ બેઠક રોડ ઉપર કરવી પડી હતી. અહીં અલ્પેશ કથીરિયાએ કહ્યું હતું કે સમાજ માટે દુઃખની વાત કહી શકાય કે એક સમાજની દીકરી માટે ન્યાયની મિટિંગ માટે કોઈ 20 મિનિટ ફાર્મ ભાડે આપવા તેયાર નથી, જેથી આ ફાર્મ હવે કોઈએ ભાડે રાખવા નહિ. આ સાથે જ પાર્ટીને સાઈડ કરી પાટીદાર સમાજની દીકરીને ન્યાય અપાવવા જોડાવા હુંકાર કર્યો હતો. અમરેલીમાં ધારાસભ્ય કૌશિક વેકરિયાને બદનામ કરવા લખાયેલા લેટરકાંડ મુદ્દે વિવાદ ઉગ્ર બનતો જઈ રહ્યો છે. તાલુકા પંચાયતના સભ્યના સહી-સિક્કાવાળા લેટરપેડ પર ધારાસભ્ય કૌશિક વેકરિયા વિરુદ્ધ લખાણ લખાયું હતું અને લેટર વાઈરલ થયો હતો. ત્યાર બાદ આખો મામલો પોલીસમાં પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી એક યુવતી સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. યુવતીની ધરપકડ અને ત્યાર બાદ તેનું સરઘસ કાઢવામાં આવતાં દરેક સમાજમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

### અલ્પેશ કથીરિયાની આગેવાનીમાં સુરતમાં બેઠક મળી

આ સાથે વિપક્ષ પણ આરોપ પ્રત્યારોપ લગાવી રહ્યો છે. હવે આ મામલો ગંભીર બનતો જઈ રહ્યો છે. લેટરકાંડમાં જે યુવતીનું નામ ફરિયાદમાં નોંધાયું છે તે ફક્ત ઓફિસમાં કામ કરતી હતી અને તેમના સાહેબના કહેવા પ્રમાણે તેણે ટાઈપિંગ કર્યું હતું. કોમ્પ્યુટરમાં કામ કરતી યુવતીનું નામ આ ફરિયાદમાં દાખલ થતાં રોષ ચરમસીમાએ છે અને હવે આ મામલે ગુજરાતભરમાં પડઘા પડી રહ્યા છે. સુરતમાં કલેક્ટરને અને પોલીસને રજૂઆત બાદ હવે પટેલ સમાજમાં મિટિંગોનો દોર શરૂ થયો છે.

## ભાવનગર યાર્ડમાં શ્રમિકોની હડતાલ : ડુંગળીની હરાજી ઠપ

(એજન્સી) ભાવનગર | 03

વાહન ચાલકે શ્રમિક સાથે ગેરવર્તન કર્યું હોવાની જાણ શ્રમિકોને થતા આજે ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં શ્રમિકો કામથી અળગા રહ્યા હતા.

જેના પગલે ડુંગળીની હરાજી અટકી પડી હતી. પરિણામે યાર્ડમાં ડુંગળીના થેલાના થપ્પા લાગી ગયા હતા. અલબત્ત, યાર્ડે મધ્યસ્થી કરતા મામલો થાળે પડયો હતો. હવે આવતીકાલ તા. ૩ને શુક્રવારથી રાબેતા મુજબ હરાજી થશે. તેમ વર્તુળોએ જણાવ્યું હતું.

યાર્ડના વિશ્વસનીય વર્તુળોના જણાવ્યા મુજબ શહેરના ચિત્રા સ્થિત માર્કેટિંગ યાર્ડમાં વાહન ચાલકે ગઈ કાલે રાત્રે શ્રમિક સાથે ગેરવર્તન કર્યું હોવાની જાણ શ્રમિકોને થતા શ્રમિકોએ આજે વાહનમાંથી માલ ઉતારવાનું અને વાહનમાં માલ ચડાવવાનું બંધ રાખ્યું હતું.

આમ, શ્રમિકો કામથી અળગા રહ્યા હતા. યાર્ડમાં અંદાજે ૪૦૦ જેટલા શ્રમિક હોવાનું જાણવા મળ્યું હતું. શ્રમિકોની આ હડતાલના પગલે વેપારીઓનો માલ પણ વાહનમાં ભરાયો નહોતો. જેના કારણે કામકાજ ઠપ થઈ ગયું હતું.

## માછીમારીના ધંધામાં મનદુ:ખ થતાં ખાર કરીને બે બોટની ચોરી સળગાવી દીધી

(એજન્સી) જામનગર | 03

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામમાં રહીને માછીમારી નો વ્યવસાય કરતા એક વાઘેર માછીમાર યુવાનની જોડિયા પંથકના દરિયામાં લાંગરેલી રૂપિયા 1.20 લાખની કિંમતની બે માછીમારી બોટ ચોરી થઈ ગયા ની ફરિયાદ બેડી મરીન પોલીસ મથકમાં નોંધાવાઈ હતી, જે ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે, અને તેમાં નવો વળાંક આવ્યો છે. માછી મારીના ધંધા ખાર ના કારણે અન્ય માછીમારે બંને બોટોને સળગાવી નાખી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જે આરોપીને પોલીસે ઝડપી લીધો છે, અનેદરિયામાંથી એક બોટ કબજે કરી છે, જ્યારે અન્ય બોટની શોધખોળ ચલાવાઈ રહી છે.

જોડીયા તાલુકાના બાલંભા ગામમાં રહેતા અને માછીમારી નો વ્યવસાય કરતા સલીમ મુસાભાઈ ચાવડા ઉ.39 કે જેણે માછીમારી કરવા માટેની બે બોટો 1, પિરાણી જેની એકલાખ ની કીમત તેમજ ૨, કિસ્મત કે જેની કિંમત 20,000થાય છે, જે જોડિયા તાલુકાના બાલંભા ગામ પાસેના દરિયામાં લાંગરેલી હતી, ત્યાંથી કોઈ તસ્કરી ચોરી કરી ગયા હોવાથી બેડી મરિન પોલીસ મથકમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવી હતી. ઉપરોક્ત બોટની ચોરી અંગે જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ અને ડીવાયએસપી જે.એન. ઝાલા ના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા સમગ્ર બેડી થી જોડિયા સુધીના દરિયામાં તપાસ હાય ધરવામાં આવી હતી.

# કાશ્મીરમાં હિમવર્ષાના કારણે આગામી 5 જાન્યુ. બાદ ઠંડી જામશે

### કાશ્મીરમાં હિમવર્ષાના કારણે આગામી 5 જાન્યુઆરી બાદ ઠંડી જામશે, જૂનાગઢમાં વરસાદની શક્યતાઓ નહીવત

(એજન્સી) જુનાગઢ | 03

હાલ જ્યારે શિયાળાની ઋતુ શરૂ છે ઠંડીના કારણે વાતાવરણ ખુશનુમા બન્યું છે તો બીજી તરફ લોકો કડકડતી ઠંડીમાં વહેલી સવારે યોગ કસરત દોડ વ્યાયામ અને વોકિંગ પર જતા હોય છે. ત્યારે હવે પાંચ જાન્યુઆરીથી જુનાગઢ અને સૌરાષ્ટ્રમાં ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થશે.આગામી 5 જાન્યુઆરીથી તાપમાન નીચું જવાની શક્યતાઓ દેખાઈ રહી છે તો. વાતાવરણમાં મહત્તમ તાપમાન 26 થી 27 ડિગ્રી આસપાસ રહેવાનું છે. હવામાન વિભાગના નિષ્ણાતો દ્વારા તેનું મુખ્ય કારણ હાલ જે પશ્ચિમી વિક્ષેપની અસરને લઈ ઉત્તર ભારતના જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષા ચાલુ હોવાનું જણાવ્યું છે. જેના કારણે વેસ્ટન ડિસ્ટબન્સ જે પશ્ચિમી વિક્ષેપ ઈરાન સાયક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ સર્જાતા તેની અસર અસર પણ ઉત્તર ભારત અને ગુજરાતના હવામાન ઉપર થશે. ત્યારે જુનાગઢ સૌરાષ્ટ્રમાં આગામી 5 જાન્યુઆરીથી ઠંડીનો બીજો રાઉન્ડ શરૂ થશે અને લોકોને ગુલાબી ઠંડીનો અહેસાસ થશે.

જુનાગઢ કૃષિ હવામાન નિષ્ણાંત જુનાગઢ થી ધિમંત વઘાસીયાએ જણાવ્યું હતું કે જુનાગઢ ખાતે છેલ્લા ત્રણ થી હવામાનની જો વાત કરવામાં આવે તો હવામાનમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન માં 2 થી 3 ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે.



# અન્યની બબાલમાં વચ્ચે પડેલા વિદ્યાર્થીની હત્યા : પિતાએ ઉછીના આપેલા પૈસા લેવા ગયેલા સગીરને શખસે ચપ્પુના ઘા ઝીંક્યાં

સુરત | સુરતમાં ધોરણ 9માં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યાનો બનાવ સામે આવ્યો છે. જેમાં બે લોકોના ઝઘડામાં વચ્ચે પડેલાં સગીરને અજાણ્યા શખસે ચપ્પુના ઘા ઝીંકી દીધા હતાં. આ ઘટનામાં પોલીસે સીસીટીવી ફૂટેઝની મદદથી આરોપીને ઝડપી પાડ્યો છે. વિદ્યાર્થીની હત્યાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

સુરતના નવાગામ ડીંડોલી ખાતે આવેલા પ્રિયંકા ટાઉનશિપમાં રહેતો અને ધોરણ 9માં અભ્યાસ કરતો 17 વર્ષીય પ્રણવ દરજી પિતા મિલનભાઈએ ઉછીના આપેલા હજાર રૂપિયા લેવા માટે ઘોડિયાવાસમાં દાણા ચણાની દુકાન ચલાવતા શખ્સ પાસે ગયો હતો. જ્યા તેને રૂપિયા 1000ની માંગ લારી વાળા પાસે કરી હતી. દરમિયાન લારીવાળા સાથે 20 વર્ષીય ગણેશ સૂર્યવંશીની પૈસા બાબતે રકઝક ચાલી રહી હતી. તે દરમિયાન 17 વર્ષીય પ્રણવે વચ્ચે પડી ગણેશ સૂર્યવંશી સાથે બોલાચાલી કરી તેને બે થપ્પડ મારી દીધી હતી. આ ઘટના બાદ ગણેશ સૂર્યવંશી ત્યાંથી નાસી ગયો હતો. જોકે, થોડા સમય બાદ ગણેશ સૂર્યવંશી ચપ્પુ લઈને ફરી લારી પર પહોંચ્યો હતો અને આ ચપ્પુ વડે પ્રણવ ઉપર ઉપરાછાપરી હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રણવને છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં જમીન પર ઢળી પડ્યો હતો.

જે બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં પરિવારના સભ્યો પ્રણવને રિક્ષામાં નાંખી નવી સિવિલ હોસ્પિટલ લઈ ગયાં હતાં, જ્યાં ફરજ પરના તબીબો દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.



### પોલીસે આરોપીને દબોચી લીધો

આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બીજી તરફ ઘટનાની જાણ થતા ડીંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે આસપાસની દુકાનોમાં લાગેલા સીસીટીવી ફૂટેજના આધારે ગણેશ સૂર્યવંશીની શોધખોળ શરૂ કરી હતી. જેમાં પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપી ગણેશને ઝડપી પાડ્યો છે.

### વાહન ચાલકે શ્રમિક સાથે ગેરવર્તન કર્યાની જાણ શ્રમિકોને થતા

# ભાવનગર યાર્ડમાં શ્રમિકોની હડતાલ : ડુંગળીની હરાજી ઠપ

(એજન્સી) ભાવનગર । તા. 3

વાહન ચાલકે શ્રમિક સાથે ગેરવર્તન કર્યું હોવાની જાણ શ્રમિકોને થતા આજે ભાવનગર માર્કેટિંગ યાર્ડમાં શ્રમિકો કામથી અળગા રહ્યા હતા. જેના પગલે ડુંગળીની હરાજી અટકી પડી હતી. પરિણામે યાર્ડમાં ડુંગળીના થેલાના થપ્પા લાગી ગયા હતા. અલબત્ત, યાર્ડે મધ્યસ્થી કરતા મામલો થાળે પડયો હતો. હવે આવતીકાલ તા. ૩ને શુક્રવારથી રાબેતા મુજબ હરાજી થશે. તેમ વર્તુળોએ જણાવ્યું હતું. યાર્ડના વિશ્વસનીય વર્તુળોના જણાવ્યા મુજબ શહેરના ચિત્રા સ્થિત માર્કેટિંગ યાર્ડમાં વાહન



ચાલકે ગઈ કાલે રાત્રે શ્રમિક સાથે ગેરવર્તન કર્યું હોવાની જાણ શ્રમિકોને થતા શ્રમિકોએ આજે વાહનમાંથી માલ ઉતારવાનું અને વાહનમાં માલ ચડાવવાનું બંધ રાખ્યું હતું. આમ, શ્રમિકો કામથી અળગા રહ્યા હતા. યાર્ડમાં અંદાજે ૪૦૦ જેટલા શ્રમિક હોવાનું જાણવા મળ્યું હતું. શ્રમિકોની આ હડતાલના પગલે વેપારીઓનો માલ પણ વાહનમાં ભરાયો નહોતો. જેના કારણે કામકાજ ઠપ થઈ ગયું હતું. હાલ ભાવનગર યાર્ડમાં ભાવનગર જિલ્લા ઉપરાંત બોટાદ સહિતના અન્ય જિલ્લામાંથી ડુંગળીની મોટા પાયે આવક થઈ રહી છે. ગઈ કાલે ડુંગળીના ૨૦ હજાર થેલા પેન્ડીંગ રહ્યા હતા અને આજે વધુ ૬૦ હજાર થેલા ઉમેરાયા હતા. જેના પગલે યાર્ડમાં ડુંગળીના થપ્પા લાગી ગયા હતા.

અલબત્ત, આજે યાર્ડે મધ્યસ્થી કરતા સમગ્ર મામલો થાળે પડયો હતો. જેથી આવતીકાલ તા.૩ને શુક્રવારથી હરાજી કાર્ય રાબેતા મુજબ થશે તેમ વર્તુળોએ ઉમેર્યું હતું.

# 4 દિવસમાં 419 વીજ કનેક્શનમાં 1.41 કરોડ રૂપિયાની વીજચોરી પકડાઈ

### વડોદરા, ભાવનગર, રાજકોટની ટીમોએ પાલિતાણા, સિહોર, મહુવા, જેસર, ગારિયાધાર અને વલ્લભીપુર પંથકમાં તપાસ કરી

(એજન્સી) ભાવનગર । તા. 3

ભાવનગરમાં છેલ્લા ચાર દિવસ દરમિયાન પીજીવીસીએલની વડોદરા, ભાવનગર, રાજકોટની જુદી-જુદી ટીમો દ્વારા પાલિતાણા, સિહોર, મહુવા, જેસર, ગારિયાધાર અને વલ્લભીપુર પંથકમાં વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૫૦૦થી વધારે કનેક્શનોની તપાસ કરવામાં આવી હતી જેમાંથી ૪૧૯ કનેક્શનોમાં કુલ રૂ.૧.૪૧ કરોડની વીજચોરી ઝડપાઈ હતી.

ભાવનગર વર્તૂળ કચેરી હેઠળની પેટા વિભાગિય કચેરીના વિસ્તારોમાં ગત તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪ થી ૨જી ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન પીજીવીસીએલની વડોદરા, ભાવનગર, રાજકોટ સહિત અલગ-અલગ ૧૭૦ જેટલી ટીમો દ્વારા વીજ ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. આ ચાર દિવસ દરમિયાન કુલ ૧૫૩૯



કનેક્શનો ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૪૧૭ કનેક્શનોમાં કુલ રૂ.૧.૪૧ કરોડની વીજચોરી ઝડપાઈ હતી. જેમાં ગત તા. ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ પીજીવીસીએલની ૩૬ ટીમો દ્વારા સિહોર, વલ્લભીપુર અને સણોસરામાં કુલ ૩૧૫ વીજ કનેક્શન ચેક કરવામાં આવ્યા હતા જેમાંથી ૧૦૧ વીજ કનેક્શનમાં કુલ રૂ.૩૧.૨૩ લાખની વીજ ચોરી ઝડપાઈ હતી. જેમા સણોસરાના કોમર્શિયલ કનેક્શનમાં બે લાખની વીજચોરીનો પણ સમાવેશ થાય છે. જ્યારે તા.૩૧ ડિસેમ્બરના રોજ તળાજા અને પાલિતાણા ગ્રામ્ય વિસ્તારમાં પીજીવીસીએલની ૪૩ ટીમોએ ૩૧૭ વીજ કનેક્શન ચેક કર્યા હતા જેમાંથી ૮૦ કનેક્શનોમાં કુલ રૂ.૧૯.૮૪ લાખની વીજચોરી ઝડપાઈ હતી. જે બાદ વર્ષ ૨૦૨૫ના પ્રથમ દિવસે તા.૦૧-૦૧-૨૦૨૫ના રોજ ગારિયાધાર અને પાલિતાણા શહેરમાં પીજીવીસીએલની ૪૫ ટીમો દ્વારા ૩૪૩ વીજ કનેક્શન ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૧૧૨ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૨૮.૩૪ લાખની વીજચોરી ઝડપાઈ હતી અને આજે તા.૦૨-૦૧-૨૦૨૫ના રોજ મહુવા અને જેસર તાલુકામાં પીજીવીસીએલની ૪૬ ટીમો દ્વારા ૫૬૪ વીજ કનેક્શનો ચકાસવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨૬ વીજ કનેક્શનોમાં કુલ રૂ.૬૧.૯૧ લાખની વીજચોરી ઝડપાઈ હતી. જેમાં કોમર્શિયલ કનેક્શનોમાં વીજચોરીના રૂ.૬ લાખનો પણ સમાવેશ થાય છે.

## ચેક બાઉન્સ કેસમાં શખ્સને એક વર્ષ કેદની સજા અને રોકડનો દંડ

(એજન્સી) બોટાદ । તા. 3

બોટાદ પીપલ્સ કો.ઓપ. ક્રેડિટ સોસાયટી લિ.માંથી લોન લીધા બાદ લોનની લેણી રકમનો આપેલો ચેક બાઉન્સ થતાં કોર્ટમાં એક શખ્સ સામે બોટાદ કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી. જે કેસમાં કોર્ટે શખ્સને એક વર્ષ સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર ધી બોટાદ પીપલ્સ કો. ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિંમાંથી ચાર વર્ષ પૂર્વે વિપુલ કાંતિલાલ રાવલ નામના શખ્સે લોન લીધા બાદ ગત તા.૨૬-૧૧-૨૦૨૦ના રોજ શખ્સે લોનની લેણી રકમ પેટે રૂા.૮૫,૧૦૧નો ચેક આપ્યો હતો. આ કેસ ખાતામાં જમા કરાવતા પૂરતું ભંડોળ ન હોવાના કારણે બાઉન્સ થયો હતો. જે અંગેની રજૂ કરેલા આધાર-પુરાવા અને દલીલોની ધ્યાને રાખી અદાલતે વિપુલ રાવલને એક વર્ષ સાદી કેદની સજા અને રૂા.૮૫,૧૦૧નો દંડ ફટકાર્યો હતો.

# ભાવનગરમાં બનેલા ડિજિટલ અરેસ્ટના પ્રથમ બનાવનો પ્રથમ આરોપી ઝડપાયો

### સીબીઆઈ, પોલીસની ખોટી ઓળખ અને ઈડી, સુપ્રીમ કોર્ટના બનાવટી લેટર મોકલી ડરાવીને છેતરપિંડી

## સ્થિતિ બેકાબૂ... દાહોદના સંજેલીમાં ઠંડાપીણાની દુકાન ધરાવતા શખ્સને ઝડપી લીધો

(એજન્સી) ભાવનગર । તા. 3

ભાવનગર શહેરમાં આશરે બે માસ પૂર્વે એક બિલ્ડરના પાર્સલમાં ડ્રગ્સ અને ગેરકાયદે વસ્તુઓ મળી હોવાનું કહી નકલી પોલીસ અને સીબીઆઈની ઓળખ આપી, ઈડી અને સુપ્રીમ કોર્ટના બનાવટી લેટર મોકલી બિલ્ડરને ડિઝિટલ અરેસ્ટ કરી રૂ.૧૫ લાખ ખંખેર્યાંનો બનાવ બન્યો હતો. ભાવનગરમાં ડિઝિટલ અરેસ્ટના બનેલા આ પ્રથમ બનાવના પ્રથમ આરોપીને સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. બીજી તરફ આ બનાવના મુખ્ય સુત્રધાર સુધી પહોંચવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યાં છે.ભાવનગર શહેરના મહિલા કોલેજ પાછળના વિસ્તારમાં રહેતા અને હાલ મહારાષ્ટ્રના પુણેમાં બિલ્ડિંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે જોડાયેલા મયુરભાઈ જીવરાજભાઈ પટેલ દિવાળીના પર્વમાં ભાવનગર પોતાના ઘરે આવ્યા હતા



અને ગત તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સવારે ૮.૩૦ કલાકે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેમાં અજાણ્યા ઈસમોએ તેમના નામના પાર્સલમાં ડ્રગ્સ અને ગેરકાયદે વસ્તુઓ મોકલેલી હોવાનું જણાવી આરોપીઓએ સીબીઆઈ અને પોલીસમાં હોવાની ખોટી ઓળખ આપી હતી અને તેમના મોબાઈલમાં ઈડીના અને સુપ્રીમ કોર્ટના બનાવટી લેટર તથા વોરંટ મોકલી બિલ્ડરને ડિઝિટલ અરેસ્ટ કરી લીધાં હતા અને સિક્યોરિટિ ડિપોઝિનના નામે અગગ-અલગ ટ્રાન્ઝેક્શનના માધ્યમથી કુલ રૂ.૧૫ લાખની છેતરપિંડી આચરી હતી. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસ મથક ભાવનગર રેન્જમાં ગત તા.૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ બિલ્ડરે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરતા પોલીસને મહત્વની કડી હાથ લાગી હતી. પોલીસ તપાસ દરમિયાન છેતરપિંડીના આ બનાવમાં દાહોદ જિલ્લાના સંજેલી મેઈન બજાર બસ સ્ટેન્ડ રોડ પર ઠંડાપીણાંની દુકાન ધરાવતા ધનંજય મુકેશભાઈ પુરોહિત નામના શખ્સની સંડોવણી ખુલતા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધનંજય મુકેશભાઈ પુરોહિતને ગઈકાલે અટક કરી રિમાન્ડની માંગણી માટે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. બીજી તરફ ડિઝિટલ અરેસ્ટના આ બનાવના મુખ્ય સુત્રધારો સુધી પહોંચવા પોલીસ તપાસ કરી રહી છે.

## માણસાના ધોળાકુવા ગામના યુવકની હત્યાના આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરાયું

### ઈન્સ્ટ્રાગ્રામ ઉપર મેસેજ કરવા મુદ્દે ખુની ખેલ

(એજન્સી) માણસા । તા. 3

માણસા તાલુકાના ધોળાકુવા ગામે ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરવા બાબતે મોટી સિહોલી ગામના યુવકે ધોળાકુવા ગામના યુવકને રાત્રે બોલાવી છરાના ઘા મારી ઘાતકી હત્યા કરી સગીર મિત્ર સાથે ભાગી છૂટયો હતો જેને પોલીસે ઝડપી આજે માણસા પોલીસે ગુનો જે જગ્યા પર બન્યો હતો ત્યાં તેને સાથે રાખી બનાવના દિવસે શું થયું હતું તેનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. માણસા તાલુકાના ધોળાકુવા ગામના ૨૨ વર્ષીય યુવક દશરથજી દિલીપજી ઠાકોર ગત શનિવારે રાત્રે ઘરે ગામમાં જવાનું કહીને નીકળ્યો હતો અને બીજા દિવસે સવારે ગાયત્રી મંદિર પાછળના એપ્રોચ રોડ પરથી તેની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી જે બાબતે માણસા પોલીસ તેમજ એલસીબી એસઓજી સહિત નો સ્ટાફ આરોપીને ઝડપી પાડવા માટે કામે લાગ્યો હતો અને સીસીટીવી કેમેરા સહિત હ્યુમન સોર્સની મદદથી પોલીસે આ હત્યામાં સંડોવાયેલ ગાંધીનગર જિલ્લાના મોટી સિહોલી ગામના રાહુલ કનુજી ઠાકોર તથા એક સગીર અને ગુનાના કામે વપરાયેલ હથિયાર અને કપડાનો નિકાલ કરનાર આકાશ કનુજી ઠાકોર સહિત ત્રણને ઝડપી લીધા હતા અને સમગ્ર બનાવ બાબતે રાહુલે હત્યા બાબતે ખુલાસો કર્યો હતો કે મૃતક દશરથ તેની મંગેતરને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરતો હતો જેથી તે દશરથ ને મળવા માટે આવવાનો છે તેવી જાણ કરી શનિવારે રાત્રે ગામમાં પહોંચી ધોળાકુવાના યુવકને મળવા માટે બોલાવ્યો હતો .

### જપ્ત કરીને કુલ રૂ. ૨૪,૯૫૦ નો દંડ વસુલ્યો

## પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ અને ગંદકી ફેલાવતા 70 આસામી સામે કાર્યવાહી

(એજન્સી) ભાવનગર । તા. 3

પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ નહીં કરવા માટે ભાવનગર મહાપાલિકા દ્વારા વારંવાર સૂચના આપવામાં આવે છે અને પ્રતિબંધીત પ્લાસ્ટીક મામલે તપાસ કરી વેપારીઓ પાસેથી દંડ પણ લેવામાં આવે છે છતાં કેટલાક વેપારીઓ પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ કરી રહ્યા છે. આજે ગુરૂવારે ભાવનગર મહાપાલિકાના સોલિડ વેસ્ટ વિભાગની ટીમે તપાસ કરી પ્રતિબંધીત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કેટલાક વેપારીઓને ઝડપી દંડ વસુલ્યો હતો. આ ઉપરાંત ગંદકી ફેલાવતા આસામીઓ પાસેથી પણ દંડ લેવાયો હતો. ભાવનગર શહેરમાં પ્રતિબંધીત પ્લાસ્ટીકનો વપરાશ ઘટે તે માટે ભાવનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આજે ગુરૂવારે શહેરના વિવિધ વોર્ડમાં સઘન ડ્રાઈવનું આયોજન કરી પ્રતિબંધીક પ્લાસ્ટીકનો ઉપયોગ કરતા કુલ ૫૩ આસામી પાસેથી અંદાજીત ૩૪.૨૫૦ કિલોગ્રામ પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કરીને કુલ રૂ. ૨૪,૯૫૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડસ્ટબીન નહી રાખતા અને કચરો જ્યાં ત્યાં ફેકીને અને થુંકીને ગંદકી ફેલાવતા કુલ ૧૭ આસામીને દંડીત કરીને કુલ રૂ. ૬૫૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. આમ, આજરોજ કુલ ૭૦ આસામીઓ પાસેથી કુલ રૂ. ૩૧,૪૫૦/- નો દંડ વસુલવામાં આવ્યો હતો.

### લેબોરેટરી ટેસ્ટ — મહાનગરપાલિકા વિસ્તારમાં 60 નિક્ષય શિબિરો કરાઈ

# કોર્પોરેશન દ્વારા કરાયેલા સ્ક્રિનીંગમાં ટીબીના 55 પોઝિટિવ દર્દીઓ મળ્યાં

(એજન્સી) ગાંધીનગર । તા. 3

ટીબી શોધ અભિયાનના ૧૦૦ દિવસ દરમ્યાન ગાંધીનગર કોર્પોરેશનની આરોગ્ય શાખા દ્વારા નિક્ષય શિબિર યોજવામાં આવી રહી છે જેમાં શંકાસ્પદોના એક્સરે-ગળફા તથા જરૂરી લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી જુદા જુદા વિસ્તારમાં કુલ ૬૦ શિબિરો કરીને ૯,૫૪૦ શંકાસ્પદોનું સ્ક્રિનીંગ કરાયું છે. જે પૈકી કુલ ૫૫ જેટલા ટીબીના પોઝિટિવ દર્દી મળી આવ્યા છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં કુલ ૩૫ હજાર જેટલા વ્યક્તિનો તપાસનો ટાર્ગેટ છે.પ્રધાનમંત્રી દ્વારા ટીબી મુક્ત અભિયાન સમગ્ર દેશમાં ચલાવવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૭ ડિસેમ્બરથી ૧૦૦ દિવસ ટીબી નિર્મુલન અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને



વનરેબલ પોપ્યુલેશન એટલે કે, ૬૦ વર્ષ ઉપરના વ્યક્તિઓ, જુના ટીબીના દર્દીઓ,હાલ સારવાર ચાલુર રહેલા દટીબીના દર્દીઓ તેમજ તેમના સંપર્કમાં આવેલા વ્યક્તિઓ ઉપરાંત ડાયાબીટીસ, હાઈપરટેન્શનના દર્દીઓ તથા ઓછી ઈમ્યુનીટી ધરાવતા વ્યક્તિઓનું સ્ક્રિનીંગ કરવામાં આવનાર છે. ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં આવા ૩૫ હજાર જેટલા વ્યક્તિઓનું સ્ક્રિનીંગ કરવાનો ટાર્ગેટ છે. જેમાં આ તમામ વ્યક્તિઓના ગળફાની તપાસ, એક્સ-રેની તપાસ તેમજ જરૂર જણાય તો લેબોટરી ટેસ્ટ પણ કરવામાં આવે છે.

અત્યાર સુધી કોર્પોરેશન વિસ્તારમાં જુદા-જુદા વિસ્તારોમાં ૬૦થી વધુ નિક્ષય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૯,૫૪૦થી વધુ વ્યક્તિઓનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું. જેમાં ૮૩૭ તથા ૧૪૭ વ્યક્તિઓનું લેબોરેટરી ટેસ્ટીંગ તપાસ કરવામાં આવી હતી. જેમાં નવ વ્યક્તિ ગળફાની તપાસમાં જ્યારે ૨૧ વ્યક્તિ એક્સરેની તપાસમાં જ્યારે ૨૫ વ્યક્તિ સબીએનએનસીમાં પોઝિટિવ આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

### શહેરી વિકાસ વિભાગ દ્વારા વિધિવત નોટિફિકેશન બહાર પડાયું

# રિવરફ્રન્ટ આસપાસ ખાનગી જમીનોનું ડેવલપમેન્ટ પણ ગિફ્ટ સિટી દ્વારા કરાશે

### ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરવામાં આવશે : ખેડૂતોની જમીનમાં ૫૦ ટકા કપાત કરાશે : ડેવલપમેન્ટ ચાર્જ પણ વસૂલવામાં આવશે

(એજન્સી) ગાંધીનગર । તા. 3

રાજ્યના પાટનગર ગાંધીનગરની ભાગોળે ગિફ્ટ સિટી આકાર પામી રહ્યું છે ત્યારે સાબરમતી નદીના કિનારે રિવરફ્રન્ટ પણ તૈયાર થઈ રહ્યો છે ત્યારે તેની આસપાસનો વિસ્તાર પણ ગિફ્ટ સિટી જેવો જ બને તે માટે તેમના ડેવલપમેન્ટ માટેની કામગીરી ગિફ્ટ સિટીના સોંપવામાં આવી છે અને આ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા વિધિવત જાહેરનામું પણ બહાર પાડી દેવામાં આવ્યું છે. જો કે તેમાં ખેડૂતોની ૫૦ ટકા જમીન કપાત કરવાનું પણ નક્કી થયું છે.ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટ સિટીમાં હાલ જે પ્રકારે ઈમારતો બની રહી છે અને તેમાં ગુજરાત કે ભારતની નહીં પરંતુ વૈશ્વિક કક્ષાની કંપનીઓ પણ આવી રહી છે અને આ પ્રકારે હજુ અન્ય ઈમારતો પણ આકાર પામી રહી છે. વૈશ્વિક કક્ષાની સુવિધાઓ સાથે તૈયાર થનારી આ ગિફ્ટ સિટી



સાબરમતી નદીના કિનારે આવેલું છે ત્યારે ત્યારે અહીં રિવરફ્રન્ટનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ પણ અમલમાં મૂકવામાં આવ્યો છે અને તેની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે ગિફ્ટ સિટી ઉપરાંત રિવરફ્રન્ટ આસપાસનો વિસ્તાર પણ આ જ પ્રકારે વૈશ્વિક ધોરણે વિકસે તે માટે ગિફ્ટ સિટી દ્વારા આ વિસ્તારની ટાઉન પ્લાનિંગની સ્કીમ તૈયાર કરવામાં આવશે. આ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવ્યું છે અને ગિફ્ટ સિટી ડેવલોપમેન્ટ ઓથોરિટીની હદમાં આવતી આ ખાનગી જમીન ઉપર ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરીને ખેડૂતોને ફાઈનલ પ્લોટ આપવામાં આવશે.

જોકે તેમાં ૫૦ ટકા જેટલી જમીન કપાત કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે અને કપાતમાં ગયેલી જમીનમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે જે અત્યાર સુધી કોઈપણ શહેરી વિસ્તારમાં ઊભી કરવામાં નહીં આવી હોય તે પ્રકારની રહેશે. એટલું જ નહીં આ જમીન ઉપર થનારા ડેવલોપમેન્ટ બદલ પ્રતિ ચોરસ ફુટ ચાર રૂપિયા લેખે ચાર્જ પણ વસૂલવામાં આવશે જ્યારે મહત્તમ બીલ્ટપ એરિયા પર ૮ રૂપિયા લેખે ચાર્જ લેવામાં આવશે.

### રિવર ફ્રન્ટ ઉપર ઉંચી ઈમારતો જોવા મળશે

આગામી સમયમાં તૈયાર થનારા રિવરફ્રન્ટ આસપાસની ખાનગી જમીનોમાં ટાઉન પ્લાનીંગની સ્કીમ ગિફ્ટ સિટી દ્વારા તૈયાર કરવામાં આવનાર છે. જેથી રિવરફ્રન્ટ આસપાસ આગામી સમયમાં ઊંચી ઈમારતો જોવા મળશે. કેમકે અહીં વધારાની એફએસઆઈ પણ આપવામાં આવશે અને વૈશ્વિક કક્ષાની ઈમારતો આકર્ષણનું કેન્દ્ર બનશે. ગાંધીનગરથી અમદાવાદ વચ્ચે આ રિવરફ્રન્ટને જોડી દેવામાં આવશે. જેથી ગિફ્ટ સિટી આવવા માટેનો નવો માર્ગ પણ તૈયાર થશે.

## મંદિરે દર્શન કરવા ગયેલા યુવાન ઉપર ધોકાઓ વડે હુમલો : કારમાં તોડફોડ

ગાંધીનગર : ગાંધીનગર શહેર નજીક આવેલા મોટી આદરજ ગામમાં ગઈકાલે મંદિરે દર્શન કરવા માટે ગયેલા યુવાન ઉપર અગાઉના ઝઘડાની અદાવત રાખીને ગામના યુવાનો દ્વારા ધોકાઓ વડે હુમલો કરવામાં આવ્યો હતો અને તેના મિત્રને પણ માર મારી કારમાં તોડફોડ કરવામાં આવી હતી. જે સંદર્ભે પેથાપુર પોલીસ સાત લોકો સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર નજીક આવેલા મોટી આદરજ ગામમાં રહેતો અને ગાંધીનગરની કોલેજમાં અભ્યાસ કરતો યુવાન આલોક ગણપતજી ઠાકોર ગઈકાલે તેની કાર લઈને ગામમાં રહેતા તેના મિત્ર હેમંત સેધાજી ઠાકોર સાથે બીજ હોવાથી રામાપીરના મંદિરે દર્શન કરવા માટે ગયો હતો અને તેની કાર મંદિર આગળ પાર્ક કરી હતી. દર્શન કરીને આલોક તેના મિત્ર સાથે પરત ફર્યો હતો તે સમયે ગામમાં રહેતા મહેન્દ્ર ઉર્ફે આશિક જીગાજી ઠાકોર, રણવીર દિલીપજી ઠાકોર,દશરથજી જગાજી ઠાકોર,અરુણ રામાજી ઠાકોર, અક્ષય અરજણજી ઠાકોર, સમીર મહેશજી ઠાકોર અને રેંજો ડીજે વાળો એક સાથે તેની પાસે આવી ગયા હતા.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ)**
તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**મિથુન (ક,છ,ઘ)**
પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. સમજદારીપૂર્વક રોકાણ કરો.

**કર્ક (ડ,હ)**
તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**સિંહ (મ,ટ)**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે પરિવારના સભ્ય તેમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**કન્યા (પ,ઠ,ણ)**
ભીડભરી બસમાં પ્રવાસ કરતી વખતે બ્લ્ડ પ્રેશરના દરદીઓએ વધારે તકેદારી રાખવી. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે.

**તુલા (ર,ત)**
તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો.

**વૃશ્ચિક (ન,ય)**
પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**ધન (ભ,ધ,ફ)**
તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રોજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**મકર (ખ,જ)**
દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મીન (દ,ચ,ઝ,થ)**
કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે.

શેરબજારમાં નવા વર્ષની પાર્ટી પૂરી થઈ

# સેન્સેક્સ 721 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો અને નિફ્ટી 24,000 પર બંધ રહ્યો

(એજન્સી) મુંબઈ | તા 03

સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આજે બેન્ક, કેપિટલ ગુડ્સ, આઈટી, ફાર્મા 1-1 ટકા ઘટ્યા હતા, જ્યારે ઓઈલ એન્ડ ગેસ, મીડિયા 1-1 ટકા વધ્યા હતા. શેરબજારમાં શુક્રવારે નવા વર્ષનો તાવ શમી ગયો છે. નવા વર્ષની પાર્ટી પૂરી થઈ ગઈ છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) બેન્ચમાર્ક સેન્સેક્સ 720.60 પોઈન્ટ ઘટીને 79,223.11 પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નિફ્ટી 183.9 પોઈન્ટ ઘટીને 24,004.75 પર બંધ થયો હતો. બેન્ક નિફ્ટીને પણ મોટો ફટકો પડ્યો અને તે 616.75 પોઈન્ટ ઘટીને 50,988.80 ના સ્તર પર બંધ થયો. આજના ટ્રેડિંગ સેશનમાં, વિપ્રો, ICICI બેંક, HDFC બેંક, ટેક મહિન્દ્રા અને



અદાણી પોર્ટ્સ નિફ્ટીમાં મોટા ઘટાડામાં ઉભરી આવ્યા હતા, જ્યારે ONGC, ટાટા મોટર્સ, SBI લાઈફ ઈન્શ્યોરન્સ, ટાઈટન કંપની અને HUL લાભાર્થીઓમાં હતા. આ પહેલા ગુરુવારે સ્થાનિક શેરબજારે જોરદાર વાપસી કરી હતી. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) બેન્ચમાર્ક સેન્સેક્સ 1,436.30 પોઈન્ટ વધીને 79,943.71 પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નિફ્ટી 445.75 પોઈન્ટ વધીને 24,188.65 પર બંધ થયો હતો.

### આ સેક્ટરના શેરો તૂટ્યા

સમાચાર મુજબ જો સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આજે બેન્ક, કેપિટલ ગુડ્સ, આઈટી, ફાર્મામાં 1-1 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ઓઈલ એન્ડ ગેસ, મીડિયામાં 1-1 ટકાનો વધારો જોવા મળ્યો હતો. આ ઉપરાંત, BSE મિડકેપ ઈન્ડેક્સમાં 0.33 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ યથાવત રહ્યો હતો.

### બજાર ખુલતાની સાથે જ આ કંપનીના શેરો ધમધમી ઉઠ્યા?

એક તરફ માર્કેટમાં આજના સતત ઘટાડાથી ઘણી કંપનીઓના શેર કચડાઈ રહ્યા છે તો બીજી તરફ કેટલીક કંપનીઓના શેર એવા છે જે રોકેટ જેવી ઝડપે ચાલી રહ્યા છે. હા, ડી-માર્ટ નામની સુપરમાર્કેટ ચેન ચલાવતા એવન્યુ સુપરમાર્ટ્સના શેરમાં આજે ટ્રેડિંગની શરૂઆતથી જબરદસ્ત ખરીદી જોવા મળી રહી છે. ગુરુવારે રૂ. 3617.75 પર બંધ થયેલો કંપનીનો શેર આજે રૂ. 3790.00ના મજબૂત ઉછાળા સાથે ખૂલ્યો હતો, જે તેની ઈન્ટ્રા-ડે અત્યાર સુધીની નીચી સપાટી છે.

વધી રહેલી સ્પર્ધા તથા ઊંચો ફુગાવો

# ડિસે.માં ઉત્પાદન ક્ષેત્રનો PMI ઘટી 12 મહિનાના તળિયે

(એજન્સી) મુંબઈ | તા 03

૨૦૨૪ના અંતિમ મહિના એટલે કે ડિસેમ્બરમાં દેશની ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિનું ચિત્ર દર્શાવતા એચએસબીસી પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) ઘટી ૫૬.૪૦ સાથે ૧૨ મહિનાની નીચી સપાટીએ રહ્યો હતો. નવેમ્બરનો પીએમઆઈ ૫૬.૫૦ રહ્યો હતો. ડિસેમ્બરમાં સતત બીજા મહિને ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિ ધીમી પડી હોવાનું એચએસબીસી દ્વારા તૈયાર કરાયેલા સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. જાન્યુઆરી ૨૦૨૪માં ૫૪.૯૦ બાદ ડિસેમ્બરનો પીએમઆઈ સૌથી નીચો રહ્યો છે. ઉત્પાદન ક્ષેત્રના પીએમઆઈની ૨૦૨૪ના સંપૂર્ણ વર્ષની સરેરાશ ૫૭.૫૦ રહી હતી જે ૨૦૨૩માં ૫૬.૮૦ જોવા મળી હતી. ૫૦થી ઉપરના ઈન્ડેકસને જે તે ક્ષેત્રનું વિસ્તરણ કહેવામાં આવે છે. આમ ૨૦૨૪ના વર્ષમાં એકંદર પ્રવૃત્તિ મજબૂત રહી છે, એમ એચએસબીસી ખાતેના એક અર્થશાસ્ત્રીએ રિપોર્ટમાં નોંધ્યું હતું. ઘધરઆંગણે નવા ઓર્ડરની ગતિ એક વર્ષની મંદ રહી હતી પરંતુ નિકાસ મોરચે સ્થિતિ હકારાત્મક જોવા મળી છે. જુલાઈ બાદ નિકાસ ઓર્ડરમાં ઊંચી સપાટી રહી હતી. નવેમ્બરની સરખામણીએ ડિસેમ્બરમાં કાચા માલના ફુગાવામાં ઘટાડો જોવા મળતા ઉત્પાદકોએ રાહત અનુભવી છે. માગમાં સ્થિતિસ્થાપકતાને કારણે કિમત નિર્ધારણ કરવામાં ટેકો મળી રહે છે, એમ રિપોર્ટમાં જણાવાયું હતું. દર દસમાંથી એક કંપનીએ વધારાના કર્મચારીની ભરતી કરી હતી જ્યારે સર્વમાં ભાગ લેનારી કંપનીઓમાંથી બે ટકાથી પણ ઓછી કંપનીઓએ કર્મચારીઓની છટણી કરી હોવાનું જોવા મળ્યું હતું.

# સિગ્નેચર ગ્લોબલના શેર ₹2000 સુધી પહોંચી શકે છે: મોતીલાલ ઓસવાલ

(એજન્સી) મુંબઈ | તા 03

અગ્રણી બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે તે સંભાવના દર્શાવી છે કે સિગ્નેચર ગ્લોબલ (ઈન્ડિયા) લિમિટેડનો સ્ટોક 2000 પ્રતિ શેર સુધી પહોંચી શકે છે અને તેના કારણે મોતીલાલ ઓસવાલે રોકાણકારોને સિગ્નેચર **ગ્લોબલના સ્ટોક ખરીદવાની સલાહ આપી છે.**
2 જાન્યુઆરી, 2025ના રોજ સિગ્નેચર ગ્લોબલનો સ્ટોક શેર 1,393.05 પર બંધ થયો હતો અને આ સ્તરથી આ સ્ટોક
આશરે 50 ટકાની વૃદ્ધિ નોંધાવી શકે છે તેવુ મોતીલાલ ઓસવાલનું માનવું છે. 2 જાન્યુઆરીએ કંપનીની કુલ માર્કેટ કેપ 19,734.73 કરોડ હતી.

**બ્રોકરેજ ફર્મની સલાહ**

બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે તેના અહેવાલમાં સિગ્નેચર ગ્લોબલના સ્ટોક પરના સકારાત્મક વલણના અનેક કારણ ગણાવ્યા છે. મોતીલાલ ઓસવાલનું એવું માનવું છે કે સિગ્નેચર ગ્લોબલના પ્રોજેક્ટ ગુડગાંવના વ્યૂહાત્મક સ્થાનોમાં ઉપસ્થિત છે અને આગામી સમયમાં કંપનીને તેનો લાભ મળી શકે છે. સાથે જ સિગ્નેચર ગ્લોબલ આવનારા કેટલાંક વર્ષોમાં 24.3 મિલિયન ચોરસ ફૂટમાં નવા પ્રોજેક્ટ

MOTILAL OSWAL
Investment Services

લાવી શકે છે, જેનો સિગ્નેચર ગ્લોબલને લાભ મળવાની સંભાવના છે. મોતીલાલ ઓસવાલના અનુસાર સિગ્નેચર ગ્લોબલ નાણાકીય વર્ષ 24થી 27માં 35%ના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દરથી 28,500 કરોડની સંપત્તિ ગ્રાહકોને વેચાણ કરવામાં સફળ રહી શકે છે. થોડા સમય પહેલા સુધી અફોર્ડેબલ હાઉસિંગ કંપની તરીકે ઓળખ ધરાવતી હતી તે સિગ્નેચર ગ્લોબલનું મિડ/મિડ-પ્રીમિયમ સેગમેન્ટમાં આગળ વધવું કંપની માટે લાભકારક સાબિત થઈ
શકે છે. બ્રોકરેજ ફર્મ અનુસાર સિગ્નેચર ગ્લોબલ આ વ્યૂહાત્મક પરિવર્તનથી કંપનીની ઑપરેટિંગ કેશ સરપ્લસ 9,500 કરોડ
થઈ શકે છે, જેનો ઉપયોગ કંપની અન્ય વધુ જમીન ખરીદવા માટે કરી શકે છે.

### મજબૂત બજાર ઉપસ્થિતિ

સિગ્નેચર ગ્લોબલના ગુરૂગ્રામના ચાર અગ્રણી બજાર - દક્ષિણી પેરિફેરલ રોડ (એસપીઆર), દ્વારકા એક્સપ્રેસ હાઈવે (ડીઈએચ), સોહના અને માનેસરમાં મજબૂત ઉપસ્થિતિ છે, જેમાં ભવિષ્યમાં 23.4 મિલિયન ચોરસ ફૂટના વિસ્તારની સંભવના છે. તાજેતરના 9.6 મિલિયન ચોરસ ફૂટના પ્રોજેક્ટના લોન્ચિંગને જોતાં, મજબૂત પ્રતિસાદની અપેક્ષા છે.

ઈરાનના અધિકારીનું નિવેદન ચર્ચામાં

# ઈરાન ભારતને ક્રૂડ ઓઈલનું વેચાણ ફરી શરૂ કરવા ઉત્સુક

(એજન્સી) મુંબઈ | તા 03

ઈરાન ભારતને ક્રૂડ ઓઈલનો પુરવઠો ફરી શરૂ કરવાના પ્રકારો પર વિચાર કરી રહ્યું છે. તે ચાબહાર પોર્ટ દ્વારા પેટ્રો રસાયણ સહિત સમગ્ર બિઝનેસનો વિસ્તાર કરવા ઈચ્છુક છે તેમ ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે. ઈરાનના અધિકારીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આગામી ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રમાં ઈરાન પ્રત્યે વ્યવહાર પહેલા કાર્યકાળ જેવો રહેવાની સંભાવના નથી કારણકે ચીનની વ્યૂહાત્મક શકિત વધવાની સાથે ભૌગોલિક રાજકારણમા કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા છે. અમેરિકાના પ્રમુખ તરીકેના પોતાના પ્રથમ કાર્યકાળમાં ટ્રમ્પે ઈરાન પર અનેક પ્રતિબંધો મૂક્યા હતાં. ઈરાનના અર્થતંત્ર પર અંકુશ વધારવાની સાથે ૨૦૧૫ની પરમાણુ સમજૂતીથી અમેરિકાએ પોતાને અલગ કરી લીધો હતો. ઈરાનના ક્રૂડ ઓઈલનો પુરવઠો ભારતમાં ફરી શરૂ કરવાને સમર્થન આપતા આ અધિકારીએ જણાવ્યું હતું કે બંને પક્ષોએ એક માર્ગ શોધવાની જરૂર છે. અમેરિકાએ પ્રતિબંધો મૂક્યા પછી ભારતે ૨૦૧૯ના મધ્યમાં ઈરાન પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બંધ કરી દીધી હતી. પોતાનું નામ ન આપવાની શરતે ઈરાનના અધિકારીએ જણાવ્યું હતું કે આ મુદ્દે ધ્યાન આપવું જરૂરી છે. પશ્ચિમી પ્રતિબંધ છતાં ભારતે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખવા અંગે જણાવ્યું હતું કે રશિયા અને ઈરાનની વિરુદ્ધ પ્રતિબંધની પરિસ્થિતિઓ અલગ અલગ છે. આપણે જોવું પડશે કે આ મુદ્દાનો ઉકેલ કેવી રીતે મેળવવો. અમે ભારત માટે કોઈ મુશ્કેલી ઈચ્છતા નથી.

# રૂપિયો ઈન્ટ્રાડે તૂટીને 85.80 થઈ અંતે 85.75ના નવા તળિયે પટકાયો

(એજન્સી) મુંબઈ | તા 03

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરમાં રેકોર્ડ તેજી ઝડપી ગતીએ આગળ વધતાં રૂપિયામાં નવો કડાકો બોલાઈ ગયો હતો. શેરબજારમાં તીવ્ર ઉછાળો છતાં કરન્સી બજારમાં રૂપિયામાં ધોવાણ ચાલુ રહેતાં બજારના ખેલાડીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. કલોઝીંગ ભાવના સંદર્ભમાં રૂપિયો પટકાઈ આજે નવા નીચા તળિયે ઉતરી ગયો હોવાનું બજારના જાણકારોએ જણાવ્યું હતું. ડોલરના ભાવ રૂ.૮૫.૬૫ વાળા આજે સવારે રૂ.૮૫.૭૦ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૫.૬૭ થયા પછી ભાવ ઝડપી વધી ઉંચામાં રૂ.૮૫.૮૦ સુધી ઉછળી છેલ્લે બંધ ભાવ રૂ.૮૫.૭૫ રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલર સામે જાપાનની કરન્સી ગબડી પાંચ મહિનાના તળિયે ઉતરી ગયાના વાવડ મળ્યા હતા. અમેરિકામાં નવા પ્રમુખ ટ્રમ્પની નીતિએ ફુગાવો વધારશે




એવી ગણતરી વચ્ચે વિશ્વ બજારમાં ડોલર ફ્ન્ટફુટ પર રમી રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજારમાં ડોલરનો ઈન્ડેક્સ ગયા વર્ષે ૭ ટકા ઉછળ્યા પછી નવા વર્ષના આરંભમાં પણ ડોલરની ફટકાબાજી ચાલુ રહ્યાના વાવડ હતા. યુરોપીયન કરન્સી ગયા વર્ષે ૬ ટકા તૂટી હતી. યુરોપમાં આ વર્ષે વ્યાજના દરમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા. બ્રિટીશ પાઉન્ડમાં ગયા વર્ષે જો કે માત્ર ૧.૭૦ ટકાની પીછેહટ નોંધાઈ હતી. ઓસ્ટ્રેલિયા તથા ન્યુઝીલેન્ડના ડોલરના ભાવ બે વર્ષના તળિયે ઉતર્યા હતા. ઓસ્ટ્રેલિયન ડોલર ગયા વર્ષે ૯.૨૦ ટકા જ્યારે ન્યુઝીલેન્ડનો ડોલર ગયા વર્ષે ૧૧.૪૦ ટકા તૂટયો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ આજે ઉંચામાં ૧૦૮.૮૩ થયાના સમાચાર હતા. ક્રૂડતેલના ભાવ ઉછળતાં વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ભીતિ જાણકારો બતાવતા હતા.

# સરકારની નાની બચત યોજનાઓના માર્ચ ત્રિમાસિક વ્યાજદર જાહેર

(એજન્સી) મુંબઈ | તા 03

કેન્દ્ર સરકારે પીપીએફ સહિત સરકારી નાની બચત યોજનાઓ માટે નવા વ્યાજદર જાહેર કર્યા છે. કેન્દ્ર સરકાર દર ત્રિમાસિકમાં આ યોજનાઓના વ્યાજમાં મોંઘવારીના આધારે ફેરફાર કરે છે. જેમાં પબ્લિક પ્રોવિડન્ટ ફંડ પર માર્ચ ત્રિમાસિકમાં 7.1 ટકા વ્યાજ મળશે. પીપીએફ યોજના પર 7.1 ટકાનો વ્યાજદર 1 એપ્રિલ, 2020થી લાગુ છે. તેમાં કોઈ ફેરફાર કરાયો નથી. તે પહેલાં 7.9 ટકા વ્યાજ મળતું હતું. પોસ્ટ ઓફિસની નાની બચત યોજનાઓમાં મોટાભાગની સ્કીમમાં વ્યાજદર યથાવત્ રખાયા છે. જાન્યુઆરીથી માર્ચ, 2025 ત્રિમાસિક દરમિયાન પોસ્ટ ઓફિસ સેવિંગ ડિપોઝિટ પર 4 ટકા વ્યાજદર યથાવત્ રખાયો છે. કેન્દ્ર સરકાર દ્વારા સુરક્ષિત અને નાના રોકાણકારો માટે નાની બચત યોજનાઓ ચલાવવામાં આવે છે. આ યોજનાનું સંચાલન પોસ્ટ ઓફિસ તેમજ અમુક બેન્કો દ્વારા થાય છે. જેને ત્રણ કેટેગરીમાં ફાળવવામાં આવી છે. પ્રથમ સેવિંગ્સ ડિપોઝિટ, બીજુ સોશિયલ સિક્યુરિટી સ્કીમ અને ત્રીજુ મંથલી ઈનકમ પ્લાન. સેવિંગ્સ ડિપોઝિટમાં પીપીએફ અને પોસ્ટ ઓફિસ સેવિંગ્સ સ્કીમને આવરી લેવામાં આવી છે.

# ભારતીય મૂળના કેવન પારેખ એપલના નવા CFO, ટેક્નોલોજીની દુનિયાની હસ્તી

(એજન્સી) મુંબઈ | તા 03

ભારતીય મૂળના અમેરિકન કેવન પારેખે વિશ્વની સૌથી મૂલ્યવાન ટેક્નોલોજી કંપની એપલના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર તરીકેનો હોદ્દો પહેલી જાન્યુઆરીએ સંભાળી લીધો છે. અત્યાર સુધી ગુજરાતી મૂળના 52 વર્ષીય કેવન પારેખ ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને એનાલિસિસના વાઈસ પ્રેસિડન્ટ તરીકે જવાબદારી નિભાવતા હતા. એપલે ઓગસ્ટ 2024માં જ જાહેરાત કરી હતી કે, પહેલી જાન્યુઆરીથી એપલના સીએફઓની જવાબદારી કેવન પારેખ સંભાળશે. એપલે ઘણી બધી પ્રોડક્ટ્સ લૉન્ચ કરતા પહેલા કંપનીમાં એ ફેરફાર કર્યો હતો, જેથી દુનિયાભરમાં કેવન પારેખના નામની ચર્ચા શરૂ થઈ ગઈ હતી.



કેવન પારેખ મૂળ ભારતીય હોવાથી અનેક લોકોને સવાલ થાય છે કે, આખરે આ હસ્તી છે કોણ? તો ચાલો જાણીએ તેમના વિશે. કેવન પારેખ મૂળ ભારતીય અમેરિકન છે. તેમણે વર્ષ 2013માં એપલ કંપની જોઈન કરી હતી. ત્યારથી તેઓ એપલમાં અનેક ઉચ્ચ હોદ્દે કામ કરી ચૂક્યા છે. હમણા સુધી તેઓ એપલમાં ફાઈનાન્સિયલ પ્લાનિંગ અને એનાલિસિસ, ઈન્વેસ્ટર રિલેશન્સ અને માર્કેટ રિસર્ચ ટીમને લીડ કરતા હતા. આ સિવાય એપલમાં જ તેઓ વર્લ્ડવાઈડ સેલ્સ, રિટેલ અને માર્કેટિંગ ફાઈનાન્સનો પણ અનુભવ લઈ ચૂક્યા છે. એપલના પ્રોડક્ટ માર્કેટિંગ, ઈન્ટરનેટ સેલ્સ એન્ડ સર્વિસ અને એન્જિયરિંગ ટીમ ફાઈનાન્સિયલ સપોર્ટ દ્વારા તેમણે કારકિર્દીની શરૂઆત કરી હતી. એપલ કંપની જોઈન કરતા પહેલા કેવન પારેખ થોમસોન રોઈટર્સ અને જનરલ મોટર્સમાં સિનિયર લીડરશિપનો રોલમાં હતા. કોલેજ અભ્યાસ પૂરો કર્યા બાદ તેમણે ન્યૂ યોર્કની જનરલ મોટર્સની બ્રાન્ચમાં બિઝનેસ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ડિરેક્ટર તરીકે ફરજ નિભાવી હતી.

# ફાયર ઈન્સ્યોરન્સ પોલિસી થશે મોંઘી, વેપારીઓના ખર્ચમાં થશે વધારો

(એજન્સી) મુંબઈ | તા 03

કુદરતી આપત્તિ કે આગ જેવી આકસ્મિક ઘટનાના સમયે આર્થિક નુકસાનીથી બચવા માટે ઔદ્યોગિક એકમો દ્વારા ઈન્સ્યોરન્સ પોલિસી કઢાવવામાં આવતી હોય છે. ત્યારે નવા વર્ષના પ્રારંભ સાથે એટલે કે, 1લી જાન્યુઆરી, 2025થી 5 કરોડથી વધુની ફાયર ઈન્સ્યોરન્સ પોલિસી મોંઘી થઈ છે. દુકાન, ઓફિસ, ગોડાઉન, ઈન્ડસ્ટ્રી સહિતના ઔદ્યોગિક એકમોમાં કઢાવવામાં આવતી ફાયર ઈન્સ્યોરન્સ પોલિસી પર અગાઉ અપાતું ડિસ્કાઉન્ટ આ વર્ષથી બંધ કરવામાં આવ્યું છે. અગાઉ પોલિસી પર 90થી 95 ટકા જેટલું ડિસ્કાઉન્ટ અપાતું હતું, જે ડિસ્કાઉન્ટ હવે નહીં આપવા માટે જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ (GIC)એ તમામ કંપનીઓને આદેશ આપતા તેનું ભારણ સીધું પોલિસીના પ્રીમિયમ પર જોવા મળી રહ્યું છે. ઔદ્યોગિક એકમો માટે 3 પ્રકારની ઈન્સ્યોરન્સ પોલિસી નીકળે છે. જેમાં ભારત સૂક્ષ્મ ઉદ્યમ સુરક્ષા પોલિસી (5 કરોડથી નીચે), ભારત લઘુ ઉદ્યમ સુરક્ષા પોલિસી (5 કરોડથી 50 કરોડ સુધી) અને સ્ટેન્ડર્ડ ફાયર એન્ડ સ્પેશિયલ પેરિલ પોલિસી (50 કરોડથી ઉપર)નો સમાવેશ થાય છે. ભૂતકાળમાં કોઈ વીવિંગ એકમ દ્વારા 10 કરોડની ઈન્સ્યોરન્સ પોલિસી કાઢવામાં આવી હોય તો તેને આશરે 39,000નું પ્રીમિયમ અને જીએસટી અલગથી ભરવા પડતા હતા.

કોકિલાબેનનો ઉલ્લેખ | રિલાયન્સ રિફાઈનરીની સ્થાપનાના 25 વર્ષ પૂરાં થવા પર નીતા અંબાણીનું સંબોધન

# જામનગરની ભૂમિ અમારા પરિવારના વિશ્વાસ અને આશાઓનું ધબકતું હૃદય છે : નીતા અંબાણી

(એજન્સી) મુંબઈ | તા 03

જામનગરમાં રિલાયન્સની ઓઈલ રિફાઈનરીની સ્થાપનાના 25 વર્ષ પૂરાં થવા પર આયોજિત સમારોહમાં કર્મચારીઓ અને પરિવારના સભ્યોને સંબોધતાં રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન અને સંસ્થાપક નીતા અંબાણીએ ધીરુભાઈ અંબાણીને યાદ કર્યા હતા. પોતાની સ્પીચમાં તેમણે કહ્યું કે જામનગર કોઈ એક સ્થળ નથી પરંતુ રિલાયન્સનો આત્મા છે. નીતા અંબાણીએ આ દરમિયાન કોકિલાબેનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે જામનગર તેમની જન્મભૂમિ રહી છે. તેમના આશીર્વાદના કારણે જ આ બધુ સાકાર થયું છે. અમે તેમનો આભાર વ્યક્ત કરીએ છીએ. ત્યારબાદ રિલાયન્સના સંસ્થાપક ધીરુભાઈ અંબાણીનો ઉલ્લેખ કરતાં નીતા અંબાણીએ કહ્યું કે જામનગર તેમની કર્મભૂમિ રહી છે. ધીરુભાઈના જન્મદિવસ વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું કે તેમના આશીર્વાદ હંમેશા આપણા પર બની રહેશે.





### મુકેશ અંબાણી વિશે શું બોલ્યાં

નીતા અંબાણીએ તેમના પતિ અને રિલાયન્સના માલિક મુકેશ અંબાણીનો ઉલ્લેખ કરતાં કહ્યું કે જામનગર તેમના માટે હંમેશા શ્રદ્ધાભૂમિ રહી છે. જેને તેઓ હંમેશા માનતા આપતા આવ્યા છે. ધીરુભાઈ અંબાણીનું સપનું હતું કે વિશ્વની સૌથી મોટી રિફાઈનરીની સ્થાપના કરે અને આ સપનું મુકેશ અંબાણીએ સાકાર કરી બતાવ્યું. ત્યારે અનંત અંબાણી વિશે વાત કરતાં નીતા અંબાણીએ કહ્યું કે જામનગર અનંત માટે સેવાભૂમિ છે. નીતા અંબાણીએ કહ્યું કે જામનગરની ભૂમિ અમારા માટે ફક્ત એક જમીન નથી પણ અમારા પરિવારના વિશ્વાસ અને આશાઓનું ધબકતું હૃદય છે.

# નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ક્વિક કોમર્સ ક્ષેત્રનું વેચાણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યું

(એજન્સી) મુંબઈ | તા 03

ક્વિક કોમર્સ કંપનીઓએ નવા વર્ષની પૂર્વ સંધ્યાએ એટલે કે તા.૩૧ ડિસેમ્બરના રોજ રેકોર્ડ વેચાણ વધારો નોંધાવ્યો છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ગયા વર્ષની સરખામણીમાં ક્વિક કોમર્સ ક્ષેત્રના વેચાણમાં ૨૦૦ ટકા વધારો નોંધાવ્યો છે. ક્વિક કોમર્સ કંપનીઓના સુત્રોએ ૩૧ ડિસેમ્બરે વેચાણ અંગે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે આ ક્ષેત્રની કંપનીઓએ તેના એક દિવસમાં સૌથી વધુ ઓર્ડર હાંસલ કર્યા છે. લોકપ્રિય વસ્તુઓમાં દ્રાક્ષ, ચિપ્સ અને સોડાનો સમાવેશ થાય છે. કેટલીક કંપનીઓએ તો ચિપ્સના ૫૦૦,૦૦૦ થી વધુ પેકેટ્સનું વેચાણ કરીને નવો રેકોર્ડ પણ બનાવ્યો. કોલા સોફ્ટ ડ્રિંક્સનું વેચાણ ૩૯૪% વધ્યું છે, જ્યારે ક્લિયર સોફ્ટ ડ્રિંક્સનું વેચાણ ૯૪૧% વધ્યું છે. ૨૦૨૫માં, ક્વિક કોમર્સ ક્ષેત્રને એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઈ-કોમર્સ જાયન્ટ્સને તીવ્ર નિયમનકારી દેખરેખનો સામનો



કરવો પડે તેવી અપેક્ષા છે કારણ કે સરકાર સ્પર્ધાને સુરક્ષિત કરવા અને ઉપભોક્તા ડેટાને સુરક્ષિત કરવા તેના પગલાંને મજબૂત બનાવે તેવી શક્યતા છે. ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટના અમલીકરણ અને આગામી ડિજિટલ કોમ્પિટિશન બિલ સહિત મુખ્ય કાયદાકીય ફેરફારો, આ કંપનીઓ માટે ઓપરેશનલ લેન્ડસ્કેપને ફરીથી આકાર આપવા માટે તૈયાર છે. કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા પહેલાથી જ એમેઝોન અને ફ્લિપકાર્ટ પર તેમના પ્લેટફોર્મ પર પસંદગીના વિક્રેતાઓની તરફેણ કરવાના આરોપોની તપાસ કરી રહ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ થોડા સમય પહેલા ૧૯ સ્થળો પર દરોડા પાડયા હતા, એવા અહેવાલો છે કે આ કંપનીઓ વિક્રેતા ઈન્વેન્ટરીઝ પર પ્રતિબંધિત નિયંત્રણ જાળવી રાખે છે. રેગ્યુલેશન્સ ઇ-કામર્સ પ્લેટફોર્મને ઈન્વેન્ટરીને સીધી રાખ્યા વિના, ફક્ત માર્કેટપ્લેસ તરીકે કામ કરવા માટે ફરજિયાત કરે છે.

# રાત્રે સૂતા પહેલા 2 ઈલાયચીના દાણા ચાવો

એલચીને ભારતીય રસોડાનો મહત્વનો ભાગ માનવામાં આવે છે. તેનો ઉપયોગ માત્ર ભોજનનો સ્વાદ વધારવા માટે જ નથી થતો પરંતુ તે અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનો ઉકેલ પણ છે. ખાસ કરીને જો તમે રાત્રે સૂતા પહેલા 2 એલચી ચાવો છો તો તે તમારા શરીરને ચમત્કારિક લાભ આપી શકે છે. ખરાબ જીવનશૈલીના કારણે આજે સ્થૂળતા એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. દરેક વ્યક્તિ સ્થૂળતા સાથે સંઘર્ષ કરી રહ્યો છે અને તેને કોઈને કોઈ રીતે ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. તમને જણાવી દઈએ કે આ નાનો મસાલો તમારૂ વજન ઘટાડવામાં પણ તમારી મદદ કરી શકે છે. ખરેખર રાત્રે હુંફાળા પાણી સાથે એલચીનું સેવન કરવાથી શરીરની વધેલી ચરબી ઘટાડવામાં ઘણી મદદ મળે છે. એલચીમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, ફાઈબર, કેલ્શિયમ વગેરે ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે વજન ઘટાડવાની સાથે સ્થૂળતાને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ માટે દરરોજ રાત્રે એક કે બે એલચી ચાવો અને પછી તેને ગરમ પાણીથી ગળી લો. શ્વાસની દુર્ગંધ અથવા પાયોરિયાના કિસ્સામાં, લોકો મોટેભાગે તેમના મોંમાં એલચી રાખે છે અને તેને ચાવે છે. પરંતુ આ સમસ્યા મૂળમાંથી ખતમ કરવા માટે રાત્રે સૂતા પહેલા એલચીનું સેવન કરવું ફાયદાકારક છે. રાત્રે સૂતા પહેલા તમારા દાંત સાફ કર્યા પછી, એલચીના દાણાને સારી રીતે ચાવો અને તેને હુંફાળા પાણીથી ગળી લો. આમ કરવાથી દાંત અને પેઢાને લગતી તમામ સમસ્યાઓથી રાહત મળશે



અને શ્વાસની દુર્ગંધ પણ દૂર થશે. જે લોકો પિમ્પલ્સ, ખીલ અથવા ત્વચા સંબંધિત અન્ય કોઈ સમસ્યાથી પીડાતા હોય તેમના માટે પણ રાત્રે એલચીનું સેવન કરવું ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ સિવાય સુકા અને ખરતા વાળની સમસ્યાથી છુટકારો મેળવવા માટે પણ એલચીનું સેવન ફાયદાકારક છે. રાત્રે નવશેકા પાણી સાથે એલચીનું સેવન કરવાથી ત્વચા સંબંધિત તમામ સમસ્યાઓ દૂર થાય છે અને ત્વચામાં નિખાર આવે છે. વાસ્તવમાં, એલચી લોહીને શુદ્ધ કરવાનું કામ કરે છે, જેના કારણે શરીરનું રક્ત પરિભ્રમણ સારું રહે છે. કબજિયાત, એસિડિટી અથવા અપચો જેવી પેટ સંબંધિત તમામ સમસ્યાઓને દૂર કરવામાં પણ એલચી ઘણી મદદ કરે છે. રાત્રે સૂતા પહેલા એલચીનું સેવન કરવાથી પાચન સંબંધી તમામ સમસ્યાઓથી રાહત મળે છે અને પાચનતંત્ર મજબૂત બને છે. પેટમાં દુખાવો, ખેંચાણ કે ડાયેરિયાના કિસ્સામાં પણ એલચીનું સેવન ફાયદાકારક સાબિત થાય છે. રાત્રે સૂતા પહેલા એલચી ચાવવાની આદત તમારા શ્વાસને તાજગી આપે છે, પરંતુ તે તમારા સ્વાસ્થ્ય માટે અજાયબી પણ કરી શકે છે. આયુર્વેદમાં એલચીને 'મસાલાની રાણી' કહેવામાં આવે છે, જે અનેક ઔષધીય ગુણોથી ભરપૂર છે. માત્ર 2 ઈલાયચી ચાવવાથી માત્ર તમારી પાચનક્રિયા સુધરે છે પરંતુ એસિડિટી અને ઊંઘ જેવી સમસ્યાઓથી પણ રાહત મળે છે. એટલું જ નહીં એલચીના આ નાના દાણા તમારા શરીરને ડિટોક્સિફાય કરવામાં મદદ કરી શકે છે અને તમને સવારે તાજગીનો અનુભવે થાય છે. જો તમે રાત્રે સારી રીતે ઊંઘી શકતા નથી અથવા વારંવાર ઊંઘમાં ખલેલ અનુભવતા હો તો એલચી તમને મદદ કરી શકે છે. એલચીમાં એન્ટીઓક્સીડેન્ટ ગુણ હોય છે, જે માનસિક તણાવ ઘટાડે છે અને મનને શાંત રાખે છે. સૂતા પહેલા તેને ચાવવાથી સારી અને ગાઢ ઊંઘ આવે છે. એલચી મેટાબોલિઝમ વધારવામાં મદદ કરે છે. તેને રાત્રે ચાવવાથી શરીરમાં ચરબી ઝડપથી બર્ન થાય છે, જેનાથી વજન નિયંત્રણમાં રહે છે. એલચી ગરમ સ્વભાવ ધરાવે છે, તેથી તે અસ્થમાના દર્દીઓ માટે પણ ફાયદાકારક સાબિત થાય છે. એલચીમાં રહેલા પોષક તત્વો હ્રદયના સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક છે. તે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં અને હૃદયને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. જો તમે હૃદયના સ્વાસ્થ્યને લઈને ચિંતિત હોવ તો ઈલાયચીનું નિયમિત સેવન એક સારો વિકલ્પ હોઈ શકે છે.



# શિયાળામાં રમ પીવાના નિયમો તમે નહીં જાણતા હોવ

શિયાળા દરમિયાન, રમને કારણે સાંધાના દુખાવાથી માંડીને શરદી અને ઉધરસ મટાડવા સુધીની દરેક વસ્તુ માટે આલ્કોહોલ રામબાણ ગણાય છે. તમે પણ શરાબ પીનારાઓને શિયાળો આવતા જ રમ પીને ખુશ થતા જોયા હશે, કારણ કે તેને મર્યાદિત માત્રામાં પીવું સારું માનવામાં આવે છે. શિયાળામાં શરદીના કિસ્સામાં, ગરમ પાણીમાં રમ ભેળવીને પીવાની સલાહ આપવામાં આવે છે. મધ્યમ માત્રામાં રમ પીવાથી હાર્ટ એટેકનું જોખમ પણ ઓછું થાય છે. તમે પણ શિયાળામાં રમના પેગ લાવવાના શોખીન હશો, પરંતુ શું તમે જાણો છો કે રમ પીવાના સાચા નિયમો શું છે? શેરડીના રસને આથો આપીને રમ તૈયાર કરવામાં આવે છે. તેમાં 40% આલ્કોહોલ હોય છે, તેથી તેનું સેવન બે પેગથી વધુ ન કરવું જોઈએ. જો તમારી રમની ABV 40% થી વધુ હોય તો પહેલા તેને પાણી ઉમેરીને પાતળું કરો. 40% ABV સાથે માત્ર રમ ખરીદવાનો પ્રયાસ કરો. જો રમ ચાખતી વખતે તીખી લાગે તો તે સસ્તી ગુણવત્તાની છે, પરંતુ જો તેનો સ્વાદ મીઠો અને સ્મોકી હોય તો તે શ્રેષ્ઠ રમ છે. રમ સફેદ અને કાળી બંને પ્રકારની હોય છે, પરંતુ ઘાટા રંગની રમ હંમેશા પીવી જોઈએ કારણ કે તે વધુ સારી માનવામાં આવે છે. રમને કોઈપણ પ્રવાહી સાથે ભેળવીને પી શકાય છે, પરંતુ બંનેને પહેલા સારી રીતે મિક્સ કરી લેવા જોઈએ કારણ કે રમ સરળતાથી ભળતી નથી.

# પુરુષો કરતા અલગ હોય છે મહિલાઓમાં હાર્ટ એટેકના લક્ષણો, શરીરમાં આ સંકેત દેખાય તો ચેતી જજો...

**તમે ઘણીવાર ફિલ્મોમાં જોયું હશે કે જ્યારે હાર્ટ એટેક આવે ત્યારે છાતીમાં દુખાવો, છાતીમાં જકડાઈ જવું, પરસેવો આવવો એ હાર્ટ એટેકના લક્ષણો છે. પરંતુ સવાલ એ છે કે શું સ્ત્રીઓમાં હાર્ટ એટેકના લક્ષણો પુરુષો કરતા અલગ હોય છે. ફિલ્મોમાં જે રીતે હાર્ટ એટેક બતાવવામાં આવે છે. આના કારણે પુરુષોમાં ઘણી વખત છાતીમાં તીવ્ર દુખાવો અને અચાનક બેભાન થવાની સમસ્યા થાય છે. પરંતુ વાસ્તવમાં હાર્ટ એટેકના લક્ષણો ઘણા પ્રકારના હોઈ શકે છે, ખાસ કરીને સ્ત્રીઓમાં...આ લક્ષણોને ઘણીવાર અવગણવામાં આવે છે અથવા તેને નાના રોગો તરીકે અવગણવામાં આવે છે. પરંતુ આનાથી ખતરનાક પરિણામો આવી શકે છે. 'ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ સ્ટડી' અનુસાર ભારતમાં મહિલાઓમાં મૃત્યુનું મુખ્ય કારણ હૃદય રોગ છે, જે તમામ મહિલાઓના મૃત્યુમાં લગભગ 18% હિસ્સો ધરાવે છે. આ ચિંતાજનક આંકડા હોવા છતાં સ્ત્રીઓમાં હૃદયરોગના લક્ષણો ઘણીવાર ગેરસમજ, ઓછો અંદાજ અથવા સંપૂર્ણપણે અવગણવામાં આવે છે. મહિલાઓમાં હાર્ટ એટેકના પાંચ લક્ષણોની યાદી દર્શાવવામાં આવી છે. પુરુષો અને સ્ત્રીઓ વચ્ચેના હૃદય રોગના દરમાં અસમાનતા ઘણીવાર હોર્મોન્સને કારણે હોય છે.**



**સ્ત્રીઓમાં હાર્ટ એટેકના સંકેત |** પુરુષો દ્વારા અનુભવાતા ગંભીર છાતીમાં દુખાવોના ક્લાસિક લક્ષણથી વિપરીત સ્ત્રીઓ હૃદયરોગના હુમલાના વધુ સૂક્ષ્મ સંકેત બતાવી શકે છે. અહીં પાંચ સાયલન્ટ સંકેત દર્શાવવામાં આવ્યા છે જેના વિશે મહિલાઓ અને તેમના પરિવારોને જાણ હોવી જોઈએ.

**શ્વાસ લેવામાં તકલીફ |** હાર્ટ એટેકનો અનુભવ કરતી સ્ત્રીઓ દ્વારા નોંધવામાં આવતા સૌથી સામાન્ય લક્ષણો પૈકી એક શ્વાસની તકલીફ છે. આશ્ચર્યજનક રીતે આ ઘણીવાર છાતીમાં દુખાવો વિના થાય છે. ડો. મોહન સમજાવે છે કે, કેટલીકવાર સ્ત્રીઓ છાતીમાં દુખાવો હોવાનો ઈનકાર કરે છે, પરંતુ તેઓ ચાલવા અથવા સીડી ચઢવા જેવા હળવા શ્રમ પછી પણ શ્વાસ લેવામાં ગંભીર સમસ્યાઓનો ઉલ્લેખ કરે છે. શ્વાસની આ સમસ્યાને અવગણવી સારી નથી.

**થાક અને ઊંઘમાં ખલેલ |** અતિશય થાક, ખાસ કરીને જો તે સામાન્ય કરતા અલગ હોય અથવા શારીરિક શ્રમ સાથે સંબંધિત ન હોય, તો તે હૃદયની સમસ્યાની નિશાની હોઈ શકે છે. સ્ત્રીઓને ઊંઘવામાં પણ તકલીફ થઈ શકે છે, જે પ્રારંભિક ચેતવણીનું ચિહ્ન હોઈ શકે છે. બ્રિટિશ હાર્ટ ફાઉન્ડેશન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ સંશોધન પણ તેની પુષ્ટિ કરે છે.

**બ્રેસ્ટબોન પાછળ બેચેની |** તીવ્ર પીડાને બદલે સ્ત્રીઓને બ્રેસ્ટબોન પાછળ ભારેપણું, ચુસ્તતા અથવા દબાણની લાગણી થઈ શકે છે. આ બેચેની ઘણીવાર અપચો, ઉબકા અથવા ચિંતા સાથે મૂંઝવણમાં આવે છે.

**ખભા, જડબા અથવા હાથ સુધી ફેલાતો દુખાવો |** ડો.મોહન કહે છે કે હાર્ટ એટેકથી થતો દુખાવો માત્ર છાતી પૂરતો સીમિત ન હોઈ શકે. તે ખભા, જડબા અથવા હાથની અંદરની બાજુએ ફેલાઈ શકે છે, જેના કારણે તેને હૃદયની સમસ્યા તરીકે ઓળખવી મુશ્કેલ બને છે.

**પરસેવો અને ચક્કર આવવા |** ઠંડો પરસેવો, ત્વચા પર ચીકણીપણું, ચક્કર અને માથું ભારે લાગવું આ બધા લક્ષણો છે જેને સ્ત્રીઓ ઘણીવાર હૃદય સંબંધિત સમસ્યાઓ સાથે સંબંધિત માનીને અવગણના કરે છે. જો કે, આ ચિહ્નો ગંભીર સમસ્યા સૂચવે છે, ખાસ કરીને જ્યારે અન્ય લક્ષણો અને જોખમી પરિબળોની સાથે મળીને આવું કરવામાં આવે છે.

# બીટ ખાવાથી થાય છે અગણિત ફાયદા આજે જ તમારા ડાયટમાં કરો સામેલ



બીટમાં સોડિયમ, પોટેશિયમ, કેલ્શિયમ, ફોસ્ફરસ અને અન્ય ઘણા પોષક તત્વો મળી આવે છે. તેના સેવનથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ત્વચા માટે પણ ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. બીટમાં ભરપૂર માત્રામાં આયર્ન જોવા મળે છે. જે શરીરમાં લોહી વધારવા માટે ઉપયોગી માનવામાં આવે છે. જો તમને એનિમિયાની સમસ્યા હોય તો તમારા માટે બીટનું સેવન લાભકારક સાબિત થાય છે. બીટમાં હાજર નાઈટ્રેટ બ્લડ પ્રેશર ઘટાડે છે અને તેમાં હાજર બ્યુટેન લોહીને ગંઠાઈ જવાથી અટકાવે છે. આ રીતે બીટ હૃદય સંબંધિત રોગો માટે ફાયદાકારક સાબિત થાય છે. બીટમાં પર્યાપ્ત માત્રામાં ફાઈબર હોવાથી પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદરૂપ થાય છે. જો તમને કબજિયાત અથવા ગેસની સમસ્યા હોય તો તમે નિયમિતપણે બીટનો રસ પીવાથી ફાયદો થાય છે. બીટમાં કાર્બોહાઈડ્રેટ હોવાથી શરીરનું એનર્જી લેવલ વધારે છે. આ માટે બીટને ધોઈને તેના ટુકડા કરી લો અને તેને પાણીમાં ઉકાળો, તેને ગાળીને આ પાણીનું સેવન કરવુ જોઈએ. બીટમાં હાજર ફોલેટ અને ફાઈબર ત્વચા માટે ફાયદાકારક છે. આ માટે તમે બીટરૂટનો રસ ચહેરા પર લગાવી શકો છો. તે ખીલ અને ખીલ દૂર કરવામાં મદદ કરે છે. બીટ યાદશક્તિ વધારવામાં મદદરૂપ માનવામાં આવે છે. બીટમાં રહેલા કોલિન યાદશક્તિ વધારવામાં મદદ કરે છે. જેથી તમે બીટરૂટને તમારા આહારનો ભાગ બનાવી શકો છો.

# મર્ડર મિસ્ટ્રી કેસ



- રુપાલી દવે

મનું ગુપ્તા એ ગુલ મોહર ના ઝાડ નીચેના બાકડા પર બેઠેલી યુવતી વિશે વિચારતો હતો કે અન્ય વાત એના મગજ માં ઘૂમરી ખાય રહી હતી. કઈ વાત? એ એકધારું બાકડા તરફ સ્થિર નજરે જોઈ રહીયો હતો. ત્યાં જ એની પાછળ થી કિચન માં કામ કરતા હમઝા એ એને ઉદ્દેશી ને ખાસ અંદાજ મા શાયરી બોલી:

ના ઈશ્ક કરના કભી ઇસ
ગુલ મોહર સે,
ખૂબ સુરત ઝાઝબાતે દર્દ
જ્યાદા દેતી હૈ,

અચાનક મનું ગુપ્તા ની નજર ફરી ત્યાં ગઈ ત્યારે બાકડો ખાલી હતો ને એના પર વ્હેલી સવાર ના સૂરજ ના પીળા કિરણો પડતાં હતાં.હમઝા એ મનું ગુપ્તા ની સામુ જોઈને કહ્યું કે મિયા,યે ઈશ્ક નહિ આસન,યે લડકી માલકીન ની દીકરી ની દીકરી મુસ્કાન છે. માલકીન ના પૌત્ર પૌત્રી માં ખૂબ જ લાડકી એટલે ભૂલ થી ભૂલ માં નજર પણ એના પર પડી તો ગેસ ચેમ્બર ની સજા થશે.બાબા,વૈસે ભી નોકરો કો માલિક કી બેટીઓ કે તરફ દેખના નહિ ચાહીએ. મનું ગુપ્તા એ હમઝા નો હાથ મજબૂતી થી પકડી ને કહ્યું કે બેટા,તે એકદમ સાચી વાત કરી પણ મારી નજર બાકડા પર બેઠેલી યુવતી પર નહતી,બાકડા પાછલ ના ઝાડ પાસે થી પસાર થનાર વ્યક્તિ પર હતી. આ વ્યક્તિ ને વિલા ની અંદર ક્યાંક જોય હોય એવું લાગતું હતું. એનો ચહેરો ઓળખીતો લાગતો હતો પણ કોણ? યાદ આવતું નહતું એટલે એ તરફ નજર કરી ને વિચારતો હતો. હમઝા એ ધીમે થી મનું ગુપ્તા ને કીધુ કે બાબા,ત્યાં મુસ્કાન મેડમ ની સિવાઈ કોઈ નહતું કદાચ તમને ત્યાં માણસ ઉપસ્થિત હોવાનો ભ્રમ થયો હશે.

મનું ગુપ્તા નું મન ભ્રમ બાબતે માનવા તૈયાર નહતું એટલે એણે હમઝા ને કહ્યું કે બોસ, દો પહર કા ખાના બનાને મે કાફી વક્ત હૈ તો હોસ્પિટલ ગાર્ડન મે થોડા ઘુમ કે ચક્કર લગાકે આતા હું,. હમઝા એ મોટું બગાસું ખાતા કીધું કે બાબા,અપન થોડા આરામ ફરમયેગા આપ ઘંટે ભર મે વાપસ આ જાના. હોસ્પિટલ ના કિચન માંથી બહાર નીકળીને મનું ગુપ્તા ગુલ મોહર ના ઝાડ ની પાછલ ના રોડ તરફ ચાલવા લાગ્યો. જે લક્ઝરી વિલા માં મુનમુન બેગમ હતા ત્યાં રસ્તો બંધ થતો હતો મતલબ કે નક્કી ત્યાં એવી વ્યક્તિ પ્રવેશી છે કે જે બેગમ નો દુશ્મન કે અંગત માણસ હોઈ શકે. આ એરિયા મા અન્ય સ્ટાફ કે અંગત માણસ સિવાઈ અન્ય ને મનાઈ છે, તો નક્કી કઈક તો એવું છે જે સમજાતું નથી.શું? મનું ગુપ્તા ના મનમાં આઈડિયા સૂઝતા એ બહાર પડેલી મેડિકલ ટ્રોલી લઈને લક્ઝરી વિલા માં પ્રવેશ્યો,એને જોતાજ ડોક્ટર જાદવ એ પૂછ્યું કે બાબા, કેમ છે હાથમાં? દુખાવો ઓછો થયો.હાથ માંથી કારતૂસ તો કાઢ્યા પણ રૂઝ આવી કે નહિ એ જોવાનું રહી ગયું છે.ડોક્ટર જાવેદ એ મનું ગુપ્તા ના હાથનો પાટો છોડતા એક્સ રે પાડી ને જોયું તો હાથ માં રિકવરી હતી. નર્સ ને નવો પાટો બાંધવાનું સૂચવી ડોક્ટર જાવેદ ને અરજન્ટ કોલ આવતા એ નીકળી ગયા. હાથની પાટાપિંડી પૂરી થતા મનું ગુપ્તા ત્યાંથી બહાર નીકળીને બેગમ ના રૂમ ની શોધ કરવા નીકળ્યો. હોસ્પિટલ ના સેકન્ડ ફ્લોર પરના શ્યુટ અંદર થી પુરુષના બોલવામાં અવાજ સાંભળતા જ મનું ગુપ્તા એ એના કાન દીવાલ પર લગાવ્યા.

કિસી નજર કો તેરા
ઇન્તજાર આજ ભી હૈ,

..ક્યાં કાતિલ આંખે હૈ તેરી લગતા હે પૂરી શરાબ મે ડૂબ ચૂકી હો, ચહેરા હુર સે ભી ખૂબ સુરત હૈ.પહેચાન,મજનુ નહિ આશિક તેરા સદીઓ સે હું પર કમબખ્ત કભી પ્યાર સે તુને દેખા હિ નહિ. ક્યું? ઇતના બુરા તુઝે દિખતા હું. યાદ આયા કોન હું? ઐસે પ્યાર સે મત દેખો બેગમ દિલ ઘાયલ હો સકતા હૈ. શાયદ ગોલી ભેજે મે પૂરી કી પૂરી ઉતર ચૂકી હે તભી તો દુશ્મન કો ભી પહેચાન પા ને મે સોચના પડતાં હે. કૌન હું મે? યાદ કર અપન કે પાસ ઈધર રૂકને કા જ્યાદા સમય નહિ હૈ.

હોસ્પિટલ ના બેડ પર મહિનાઓ થી ઘાયલ શેરની મુનમુન બેગમ એ એની બરાબર સામે ઉભેલ શખ્શ ને પ્રથમ નજર એ જ ઓળખી લીધો હતો.બેગમ એ મનોમન સ્માઈલ કરતા વિચાર્યું કે ખુદાબક્ષ,એક નંબર નો લાલચી અને વિશ્વાસઘાતી માણસ,ક્યાં છુપાઈ ને બેઠો હશે? એ ઘણીવાર વિચાર આવ્યા કરતો હતો,ધંધે મે ઈતના ઉલ્ઝી પડી થી કે સુબહ શામ 'જી માલિક' બોલને વાલા ખુદાબક્ષ કી આવાઝ ભી પહેચાન પાયી.દિલ કરતા હે કી અભી ઈસ વક્ત ખુદાબક્ષ કી કતલ કર ડાલું.. સાલા, મેરે હિ વિલા મે ઈતને સલો સે છુપા થા ફિર ભી મુજે નહિ દિખા.ઈસ વક્ત યે આદમી કો મારના મુનાસીફ નહિ, પહેલે બકરે કો તગડા કરતે હૈં ઊંકે બાદ ખુદાબક્ષ કો હલાલ કરને કી મજા લૂંટેગે.લોમડી દિમાગ વાલા યે આદમી કી ખોપરી મે કૌન સી ચાલ ચલ રહી હોંગી.

મુનમુન બેગમ એ ખુદાબક્ષ સામે સહેજ સ્મિત ફરકાવી ને કહ્યું કે ભાઈજાન, ઘણા વખત બાદ આપના દિદાર થયા સબ ખેરિયત તો હે ના. ભાભી જાન,રુખસ્ત,ફિરદોસ સબ બચ્ચે સલામત,અચ્છા કિયા મેરે પાસ આપ આ ગયે મે આપનો કી બગેર એકલી હો ગયી થી.મેરી પ્યારી ઝુબેદા કે જાને કે બાદ બિઝનેસ કા ૩૫% કા ક્યા કરું? કિસ્કો ખેરાત કરું? ભાઈજાન,આપ કો તો પતા હે કી મેરી યે હાલત ઝુબેદા કે છોટે બેટે ને કી હે તો ઊંકો.નહિ નહિ કભી નહી સમય આ ગયા હે આપ બિઝનેસ મે ૩૫% કે પાર્ટનર બન જાઓ. ખુદાબક્ષ નો ઈરાદો બેગમ ની હત્યા કરવાનો હતો પરંતુ એનું લલચું મન બેગમની ઑફર માં લપેટાઈ ગયું ને એણે ડન બોલી નાખ્યું. બંધુક માંથી બે કારતૂસ ના રાઉન્ડ ને બારી બહાર ફોડી ને આકાશ માં એકસરખી લાઈન માં ઉડતા પક્ષીઓ ના સમૂહ ને ઢેર કરી નાખ્યાં. વિદેશી ચાર ડોગ વિલા માંથી બહાર નીકળીને શિકાર તરફ દોડ્યા...ખુદાબક્ષ એ બેગમ ને કહ્યું કે તને નથી લાગતું બિઝનેસ પાર્ટનર શિપ બન્યા બાદ પાર્ટી એરેંજ થવી જોઈએ. બેગમ એ ખાંધુ હસ્તા કીધું કે અફકોર્સ,આપ કો જો આપકો પસંદ હે વો સબ કે શક્તે હે. ખુદાબક્ષ એ સ્નેહાળ નજરે મુનમુન બેગમ તરફ નજર કરતા કહ્યું કે બેટા,તુમ અચ્છી હો જાઓ બાદ મે પાર્ટી કી બાત કરેંગે બોલીને ખુદાબક્ષ એ મુનમુન બેગમ ને ખુદા હાફિઝ બોલીને એ જે ઝડપે ગુસ્સા માં પ્રવેશ્યો હતો એ જ ઝડપે ઠંડો ગાર થઈને નીકળ્યો.

રાત બાકી વાત બાકી હોના
હે જો હો જાને દો.....

મોટમોટથી ખડખડાટ હસતા મુનમુન બેગમ બોલ્યા કે ખુદાબક્ષ સિર્ફ દો દિન કા મહેમાન હે તુ,જીતની પાર્ટી યા કરની હો ઈતની કર,અબ તુમ કેદ હો ગયે હો મેરી મુઠી મે.મુનમુન સે ગદ્દારી કરની બહોત મેંઘી પડને વાલી હે,તુ કૈસે મરેંગા વો તય હો ચૂકા હે...

# માત્ર પાણી પીવાથી પણ બ્લડ સુગરને કરી શકાય છે કંટ્રોલ!



દેશમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. આ એક એવો રોગ છે, જે ગુપ્ત રીતે શરીરમાં પ્રવેશ કરે છે. તેની જાણ થાય ત્યાં સુધીમાં તે શરીરમાં પોતાનું ઘર બનાવી લે છે. આ પછી શરીરમાં અન્ય ઘણા રોગો પણ ફેલાય છે. જેમાં કિડની અને આંખોને સૌથી વધુ નુકસાન થાય છે. ડાયાબિટીસને કારણે શરીર સુકાઈ જવા લાગે છે. તેથી તેને નિયંત્રિત કરવું ખૂબ જ જરૂરી છે. તમે પાણી પીને તમારા શરીરમાં વધતું બ્લડ સુગરને કંટ્રોલ કરી શકો છો. આ માટે તમારે તમારા તાંબાના લોટામાં પાણી પીવું પડશે. આયુર્વેદ અનુસાર તાંબાના વાસણમાં રાખેલ પાણી પીવાથી બ્લડ સુગર લેવલને કંટ્રોલ કરવામાં સરળતા રહે છે. તેમજ ડાયાબિટીસથી થતા જોખમોથી પણ બચી શકાય છે. તાંબામાં રહેલા ઘણા ગુણોના આધારે તે ડાયાબિટીસને કંટ્રોલ કરવામાં અસરકારક માનવામાં આવે છે. તાંબાના વાસણમાં રાખેલા પાણીમાં એન્ટીઓક્સીડેન્ટ અને એન્ટી ઈન્ફ્લેમેટરી ગુણ હોય છે. આ રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. આ સાથે તે લાલ રક્તકણોના નિર્માણમાં અને ઘાને ઝડપથી રૂઝાવવામાં મદદ કરે છે. ઘણા ડાયાબિટીસના દર્દીઓ ઘણીવાર ચામડીની સમસ્યાઓ, સોજો અને ઘા રૂઝાવવામાં વિલંબની ફરિયાદ કરતા જોવા મળે છે. આ સ્થિતિમાં તાંબાના વાસણનું પાણી તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ માટે સૌથી પહેલા તમારે રાત્રે સૂતા પહેલા તાંબાના વાસણમાં પાણી રાખવાનું છે. ત્યાર બાદ તેને સવારે ખાલી પેટ પીવો. ડાયાબિટીસના દર્દીએ એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે તાંબાના વાસણમાં રાખવામાં આવેલ પાણી અચાનક બ્લડ સુગર લેવલને ઘટાડી શકે છે. આવી સ્થિતિમાં ચોક્કસપણે ડોક્ટરની સલાહ લો. તાંબાના વાસણનું પાણી પીવાથી રોગપ્રતિકારક શક્તિ અને પાચન શક્તિ પણ મજબૂત બને છે. આનાથી ડાયાબિટીસને કંટ્રોલ કરવું થોડું સરળ બની જાય છે. નોંધનીય છે કે, તાંબાના વાસણમાં રાખવામાં આવેલા પાણીમાં પોષક તત્વો સરળતાથી અવશોષાત થઈ જાય છે. તે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે.

# ‘તારક મહેતા...’ શોમાં પરત નહીં ફરે દિશા વાકાણી!

## અસિત મોદીએ કહ્યું- તેમનું પાછું આવવું મુશ્કેલ, બીજી દયાબેન માટે ઓડિશન ચાલી રહ્યાં છે...



દિશા વાકાણી સપ્ટેમ્બર 2017માં પ્રસૂતિ રજા પર ગઈ હતી. ત્યારથી તે શોમાં પાછી ફરી નથી.

(એજન્સી) મુંબઈ | તા.03

છેલ્લા ઘણા સમયથી એવી ચર્ચા ચાલી રહી છે કે શું દયાબેન એટલે કે દિશા વાકાણી ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો’માં પરત ફરશે કે નહીં. શોના પ્રોડ્યુસર અસિત મોદીએ તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં આ મુદ્દે વાત કરી છે. તેણે કહ્યું કે તે ઈચ્છે છે કે દિશા શોમાં પરત ફરે. જોકે, હવે એ થવું મુશ્કેલ છે. અસિત મોદીએ એ પણ જણાવ્યું કે દયાબેનના રોલ માટે ઓડિશન ચાલી રહ્યાં છે. જો કોઈ એક્ટ્રેસ ફાઈનલ થશે તો તેઓ તેને આવકારશે.

દિશા વાકાણી સપ્ટેમ્બર 2017માં પ્રસૂતિ રજા પર ગઈ હતી. ત્યારથી તે શોમાં પાછી ફરી નથી.

‘દયાબેનને શોમાં પાછા લાવવાં ખૂબ જરૂરી છે’ ન્યૂઝ18 સાથે વાત કરતાં આસિત મોદીએ કહ્યું- દયાબેનને પાછાં લાવવાં ખૂબ જ જરૂરી છે, કારણ કે હું પણ તેમને મિસ કરું છું. કેટલીકવાર સંજોગો એવા બને છે કે કેટલીક બાબતોમાં વિલંબ થાય છે. ક્યારેક સ્ટોરી લાંબી થઈ જાય છે. ક્યારેક કેટલીક મોટી ઘટનાઓ બને છે. 2024માં ચૂંટણી હતી, આઈપીએલ અને પછી વર્લ્ડ કપની મેચો હતી, વરસાદની મોસમ હતી. કેટલાંક કારણોસર તેમાં વિલંબ થઈ જાય છે.

‘મને લાગે છે કે દિશા શોમાં પાછી નહીં ફરે’ પ્રોડ્યુસરે આગળ કહ્યું- હું હજી પણ પ્રયાસ કરી રહ્યો છું. જોકે મને લાગે છે કે દિશા વાકાણી શોમાં પાછી નહીં આવે. તેમને બે બાળકો છે. તે મારી બહેન જેવી છે. આજે પણ તેમના પરિવાર સાથે અમારો ખૂબ જ ગાઢ સંબંધ છે. મારી બહેન દિશા વાકાણીએ મને રાખડી બાંધી છે. તેના પિતા અને ભાઈ પણ મારા માટે પરિવાર છે.

‘દિશા પાછી આવે તો સારું છે, નહીંતર બીજી દયા લાવવી પડશે’ અસિત મોદીએ કહ્યું- હવે તેના માટે શોમાં પરત આવવું મુશ્કેલ છે. લગ્ન પછી સ્ત્રીઓનું જીવન બદલાઈ જાય છે. નાનાં બાળકો સાથે કામ કરવું અને ઘરનું સંચાલન કરવું થોડું મુશ્કેલ છે. પરંતુ હું હજુ પણ હકારાત્મક છું. ક્યાંક મને લાગે છે કે ભગવાન કોઈ ચમત્કાર કરશે અને તે પાછી આવશે. જો તે આવશે, તો તે સારી બાબત હશે. જો કોઈ કારણસર તે ન આવે તો મારે બીજા દયાબેનને શો માટે લાવવા પડશે.

‘હવે હું જ દયા બની જાઉં’ અસિત મોદીને અગાઉ એકવાર જ્યારે દયાભાભી વિશે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું હતું, મને એવું લાગે છે કે હવે તો હું જ દયાબેન બની જાઉં. આ સવાલ છેલ્લાં ઘણાં વર્ષોથી પૂછવામાં આવે છે કે તે ક્યારે પરત આવશે. અમે હજી પણ તેમની રાહ જોઈ રહ્યા છીએ. જો તે શો છોડવાની વાત કરે તો અમે નવા દયાબેન લાવીશું. આ રીતે પહેલાં પણ તેમણે નવી દયાભાભી લાવવાની વાત કરી હતી.

# કપૂર ફેમિલી થાઈલેન્ડની ટ્રીપ પર, એક્ટ્રેસે શેર કરી વેકેશનની ખાસ પળો...





આલિયા ભટ્ટે નવા વર્ષની શરૂઆત થાઈલેન્ડ વેકેશન સાથે કરી છે, જ્યાંથી તેની તસવીરો સતત સામે આવી રહી છે. તાજેતરમાં, એક્ટ્રેસે તેના વેકેશનની કેટલીક ઝલક શેર કરી છે, જેમાં રણબીર કપૂર પુત્રી રાહાને ખોળમાં બેસાડી છે અને આલિયા તેની બાજુમાં બેઠી છે.

આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વેકેશન અને નવા વર્ષની સેલિબ્રેશનની તસવીરો શેર કરી અને લખ્યું, 2025, જ્યાં પ્રેમની જીત અને બાકીનું બધું પાછળ રહી જાય છે. નવા વર્ષની શુભકામનાઓ.

આલિયા ભટ્ટ ઉપરાંત રણબીર કપૂરની બહેન રિદ્ધિમા કપૂર સાહનીએ પણ થાઈલેન્ડ વેકેશનનો ફેમિલી ફોટો શેર કર્યો છે. તસવીરમાં આલિયા ભટ્ટ અને કપૂર પરિવાર યોટમાં સાથે જોવા મળી રહ્યું છે.

# એક્ટર શિવ રાજકુમારે કેન્સરની લડાઈ જીતી

## કીમોથેરાપીને કારણે ચહેરો ઓળખવો મુશ્કેલ, સોશિયલ મીડિયા પર ફેન્સને આપ્યા સારા સમાચાર

(એજન્સી) મુંબઈ | તા.03

કન્નડ એક્ટર શિવ રાજકુમાર લાંબા સમયથી બ્લેડર કેન્સરથી પીડિત હતા. તાજેતરમાં, એક્ટરે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો અને કહ્યું કે તે હવે કેન્સર ફ્રી છે. આ વીડિયો જોયા પછી ફેન્સ તેને ઓળખી શકતા નથી કારણ કે કીમોથેરાપીના કારણે તેના વાળ ખરી ગયા છે.

શિવ રાજકુમારે વીડિયો શેર કર્યો એક્ટરે સોશિયલ મીડિયા પર તેની ભાવનાત્મક સફર શેર કરી છે. એક્ટરે જણાવ્યું કે 24 ડિસેમ્બર, 2024ના રોજ, તેણે અમેરિકાના મિયામી કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં ગોલ બ્લેડર કેન્સરની સર્જરી કરાવી અને આ સર્જરી સફળ રહી. સારવાર દરમિયાન, ડોકટરોએ તેના બ્લેડરને રિપ્લેસ કર્યું હતુ. સારવાર લેતા પહેલા એક્ટર ખૂબ જ ડરી ગયો હતો શિવકુમારે વીડિયોમાં વધુમાં કહ્યું કે સારવાર લેતા પહેલા તે ખૂબ જ ડરી ગયો હતો. પરંતુ ચાહકો, સંબંધીઓ અને ડૉક્ટરોના સ્પોર્ટથી હિંમત મળી. આ વીડિયોમાં એક્ટરની સાથે તેની પત્ની ગીતા પણ જોવા મળી રહી છે.

એક્ટરની પત્નીએ ચાહકોનો આભાર માન્યો હતો ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કરતા એક્ટરની પત્નીએ કહ્યું- બધાને નવા વર્ષની શુભકામનાઓ. તમારી પ્રાર્થનાને કારણે ડૉ. શિવ રાજકુમારના તમામ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. તેનો પેથોલોજી રિપોર્ટ પણ નેગેટિવ આવ્યો છે અને હવે તે કેન્સર ફ્રી છે. અમે બંને તમારી પ્રાર્થનાનાં આભારી છીએ.

# ‘પ્રોડ્યૂસર્સ ગોવિંદાના પૈસા ખાઈ જતા’

## પત્ની સુનીતાએ કર્યો ખુલાસો, કહ્યું- કામ કરાવી લેતા અને ફી નહોતા ચૂકવતા, તો પણ ફરિયાદ નથી કરી

(એજન્સી) મુંબઈ | તા.03



એક્ટર ગોવિંદાની પત્ની સુનીતાએ ખુલાસો કર્યો છે કે પ્રોડ્યૂસર ગોવિંદાનું શોષણ કરતા હતા. કામ કરાવીને કોઈ ફી ચૂકવતા ન હતા. પરંતુ ગોવિંદાએ તો પણ તે લોકોને કશું કહ્યું નથી. જો કે સુનીતા તેના વિરુદ્ધ વાત કરીને ગોવિંદાને પોતાના હકના પૈસા અપાવતી હતી.

સુનીતાએ હોટરફ્લાયને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું - હું ગોવિંદાનું કામ જોતી હતી. મેનેજર હોવાના કારણે મેં જોયું છે કે લોકો તેને કામના પૈસા આપતા નહતા અને ગોવિંદા કહેતો હતો - જવા દો, તેનો શો સારો ન ચાલ્યો હોય. આના પર હું કહેતી - આવું કેમ? તમે ડાન્સ કર્યો! તમે સખત મહેનત કરી! તે તમને મૂર્ખ બનાવી રહ્યો છે, મને ખબર પડી રહી છે.

# ‘દુષ્કર્મો ગુજારનાર હુમલાખોર જ મળ્યો નામ રાખવા માટે’



(એજન્સી) મુંબઈ | તા.03

**તૈમુરના નામ પર કુમાર વિશ્વાસ ભડક્યા, સોનાક્ષી બાદ કરીના-સૈફનો વારો પાડી દીધો**

સૈફ-કરીનાનાં પુત્ર તૈમુરનું નામ તેના જન્મથી જ વિવાદોમાં છે. હાલમાં જ કુમાર વિશ્વાસે સૈફ-કરીનાનું નામ લીધા વગર તેમના દીકરા તૈમુરના નામને લીધે તેમના પર પ્રહાર કર્યા હતા. કવિ કુમાર વિશ્વાસે એક નિવેદનમાં કહ્યું કે તેઓએ તેમના બાળકનું નામ એવા લંગડા વ્યક્તિના નામ પરથી રાખ્યું છે, જેણે ભારતમાં આવીને માતાઓ-બહેનો પર દુષ્કર્મો ગુજાર્યા હતા.

કુમાર વિશ્વાસે એક કાર્યક્રમમાં કહ્યું કે, માયાનગરીમાં બેઠેલા લોકોએ સમજવું પડશે કે આ દેશ શું ઈચ્છે છે. હવે એવું નહીં ચાલે કે ફેમ અમારી પાસેથી મેળવશો, પૈસા અમે આપીશું, ટિકિટ અમે ખરીદીશું, હિરોઈન અને હિરો અમે બનાવીશું અને તમારા ત્રીજા લગ્નથી તમને સંતાન થશે તો તમે તેનું નામ બહારથી આવનારા હુમલાખોરના નામ પરથી રાખી દેશો. આવું નહીં ચાલે. તેમણે આગળ કહ્યું, તમે રિઝવાન રાખી શક્તા હતા, તમે ઉસ્માન રાખી શકતા હતા, તમે યુનુસ રાખી શકતા હતા, તમને આ એક જ નામ મળ્યું. આ દુષ્ટ, લંગડો માણસ જે ભારતમાં આવીને અહીંની માતાઓ-બહેનો પર ‘દુષ્કર્મો ગુજાર્તો, તમને આ સુંદર બાળકનું નામ રાખવા માટે આ જ દુષ્ટ માણસ મળ્યો.

કુમાર વિશ્વાસે ચેતવણી આપી કુમાર વિશ્વાસે પોતાના ભાષણમાં આગળ કહ્યું કે, હવે જો તમે તેને હીરો બનાવશો, તો તેને વિલન પણ નહીં બનવા દઈ, આ યાદ રાખજો. આ જાગેલું ભારત છે, આ નવું ભારત છે. કુમાર વિશ્વાસે પોતાના ભાષણમાં સૈફ-કરીનાના પુત્ર તૈમુર અલી ખાનની સરખામણી તુગલક શાસક તૈમૂર સાથે કરી હતી.

તૈમુરના જન્મના 8 કલાક બાદ જ નામને લઈ વિવાદ શરૂ થયો હતો અગાઉ એક ઈન્ટરવ્યૂમાં કરીના કપૂરે કહ્યું હતું કે 2016માં તૈમુરના જન્મના થોડા કલાકો બાદ જ તેનું નામ વિવાદોમાં ઘેરાઈ ગયું હતું. ડિલિવરી બાદ કરીના હોસ્પિટલમાં હતી ત્યારે એક મોટી હસ્તી ત્યાં પહોંચી હતી. તેણે કરીનાને સમજાવ્યું કે તેણે તેના પુત્રનું નામ તૈમુર ન રાખવું જોઈએ. આ સાંભળતા જ કરીના રડવા લાગી અને તે વ્યક્તિને હોસ્પિટલમાંથી જતું રહેવા માટે કહ્યું.

# સિંગર અરમાન મલિક અને આશના શ્રોફ લગ્ન બંધનથી જોડાયાં : બોલીવૂડમાં નવાં વર્ષે જ લગ્નની શરણાઈ



## આશના ફેશન તથા બ્યુટીના ક્ષેત્રની બહુ જાણીતી ઈન્ફ્લુએન્સર છે

મુંબઈ : પ્લેબક સિંગર અરમાન મલિકે પોતાની લોન્ગટાઈમ ગર્લફ્રેન્ડ અને ઈન્ફ્લુએંસર આશના શ્રોફ સાથે લગ્ન કરી લીધા છે. યુગલે પોતાના લગ્નની સુંદર તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરીને સૌને આ વિશે જાણ કરી હતી.

અરમાન મલિકે ઓગસ્ટ ૨૦૨૩માં આશના શ્રોફને પ્રપોઝ કર્યું હતું અને બે મહિના પછી તેમણે સગપણ કરી લીધું હતું. આશના શ્રોફ એક બહુ જાણીતી સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે. તે ફેશન અને બ્યૂટી ઈન્ફ્લુએન્સર તરીકે જાણીતી છે. તે પોતાનો ઓનલાઈન ફેશન સ્ટોર પણ ચલાવ છે.

# યુવાનો માટે પ્રેમગીત: જુનૈદ ખાન અને ખુશી કપૂર અભિનીત લવયાપા ટાઈટલ ટ્રેક હવે!

(એજન્સી) મુંબઈ | તા.03




ફેન્ટમ સ્ટુડિયો અને AGS એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત, અદ્વૈત ચંદનની લવયાપાએ તેની જાહેરાત બાદથી જબરદસ્ત ઉત્તેજના પેદા કરી છે, જેમાં જુનૈદ ખાન અને ખુશી કપૂરની અત્યંત અપેક્ષિત થિયેટ્રિકલ ડેબ્યૂને ચિહ્નિત કરવામાં આવી છે. રોમેન્ટિક કોમેડી શૈલીમાં જુનૈદનો પ્રથમ પ્રવેશ ચાહકો આ તાજી અને ઉત્તેજક જોડી વચ્ચેની કેમેસ્ટ્રી જોવા માટે ઉત્સુક છે. હવે નિર્માતાઓએ ફિલ્મના ટાઈટલ ટ્રેકનું અનાવરણ કર્યું છે અને તે વર્ષનું પ્રેમગીત બનવાની તૈયારીમાં છે.

ટાઈટલ ટ્રેક શેર કરતાં નિર્માતાએ લખ્યું, “ https://www.youtube.com/watch?si=ykU4MuG_BtR1pHT9&v=5JOvMP7PMow&feature=youtu.be શીર્ષક ટ્રેક ઊર્જાનો સંપૂર્ણ વિસ્ફોટ છે, જેમાં જીવંત ધબકારા અને ગીતો છે જે યુવાનો અને જેન-ઝેડ પ્રેક્ષકો સાથે સંપૂર્ણ રીતે પડઘો પાડે છે. ગીતના સંબંધિત વાઈબ ફિલ્મની સામૂહિક અપીલ તરફ સંકેત આપે છે, જે સ્પષ્ટ કરે છે કે લવયાપા યુવા દર્શકોમાં હિટ થશે, તેની રજૂઆત માટે અપેક્ષા અને ઉત્તેજના વધારશે.

લવયાપા, આધુનિક રોમાંસના ક્ષેત્રમાં સુયોજિત, અવિસ્મરણીય પ્રદર્શન, જીવંત સંગીત અને આકર્ષક દ્રશ્યોથી સમૃદ્ધ હૃદયસ્પર્શી વાર્તા પ્રદાન કરે છે.

તેના તમામ રંગોમાં પ્રેમની ઉજવણી કરતી, ફિલ્મ તમામ ઉંમરના પ્રેક્ષકો સાથે પડઘો પાડવા માટે તૈયાર છે. લવયાપા 2025ની સૌથી આકર્ષક સિનેમેટિક ઑફરમાંથી એક બનવા માટે તૈયાર છે. પ્રેમની આ મોહક સફર શરૂ કરવા માટે 7મી ફેબ્રુઆરી, 2025 માટે તમારા કૅલેન્ડરને ચિહ્નિત કરો!

# ઈબ્રાહિમ-પલક સાથે ન્યૂ યર મનાવી પરત ફર્યાં



**બંનેએ એરપોર્ટ પર ચહેરા છૂપાવ્યા...**



(એજન્સી) મુંબઈ | તા.03

પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન પહેલી જાન્યુઆરીની મોડી રાતના મુંબઈ એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમણે ગોગલ્સ પહેર્યા હતા અને એરપોર્ટ પર તેમણે પાપારાઝીઓથી ચહેરો છુપાવવાના પ્રયાસ કર્યા હતા. જેનો વીડિયો વાયરલ થયો છે.

ઈબ્રાહિમ અલી ખાન અને પલક નવા વરસની ઉજવણી કરવા માટે ગોવા ગયા હતા. ત્યાંથી મુંબઈ પાછા આવ્યા ત્યારે એરપોર્ટ પર પાપારાઝીઓએ તેમની તસવીરો લીધી હતી.

પલક અને ઈબ્રાહિમ જાહેરમાં સાથે જ જોવા મળતા હોય છે. જોકે તેઓ તેમની વચ્ચે કોઈ અફેર ન હોવાની તેમજ ખાસ મિત્રો હોવાનું જણાવે છે.

હજુ થોડા દિવસો પહેલાં પલકની માતા શ્વેતા તિવારીએ પલકનાં અફેરની અફવાઓને હસી કાઢતાં કહ્યું હતું કે સોશિયલ મીડિયા પરથી મને લાગે છે કે આજકાલ દર બીજા -ત્રીજા છોકરા સાથે પલકનું અફેર ચાલે છે.

# IND vs AUS : ભારતનું ખરાબ પ્રદર્શન, 185 રનમાં ઓલ-આઉટ

(એજન્સી)સિડની તા 03

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ આજે (3 જાન્યુઆરી) સિડનીમાં છે. આ મેચમાં ભારતીય ટીમ પ્રથમ દાવમાં 185 રનમાં સમેટાઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્કોટ બોલેન્ડે સૌથી વધુ 4 વિકેટ લીધી હતી. આ મેચમાં જસપ્રીત બુમરાહ ભારતની કેપ્ટનશીપ કરી રહ્યો છે. રોહિત શર્માએ આ મેચમાં નહીં રમવાનો નિર્ણય લીધો હતો. ભારતે પર્થમાં પ્રથમ ટેસ્ટ મેચ 295 રને જીતી લીધી હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ટેસ્ટ 10 વિકેટે જીતી હતી. આ પછી બ્રિસબેન ટેસ્ટ ડ્રો રહી હતી. ઓસ્ટ્રેલિયાએ મેલબોર્નમાં 184 રનથી શાનદાર જીત નોંધાવી હતી. આ રીતે, તે હાલમાં શ્રેણીમાં 2-1થી આગળ છે.




## ભારતનો પ્રથમ દાવ 185 રનમાં સમેટાઈ ગયો હતો

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા આવેલી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી. ભારતીય ટીમને પહેલો ફટકો કેએલ રાહુલ (4)ના રૂપમાં લાગ્યો હતો, જે મિચેલ સ્ટાર્કના બોલ પર સેમ કોન્સ્ટાસના હાથે કેચ આઉટ થયો હતો. ત્યાર બાદ બીજા ઓપનર યશસ્વી જયસ્વાલ (10) પણ સ્કોટ બોલેન્ડના બોલને ત્રીજી સ્લિપમાં રમ્યો હતો. આ પછી શુભમન ગિલ (20) વિકેટ પર કોહલી સાથે બહાદુરીથી રમ્યો, પરંતુ લંચ પહેલા નાથન લિયોનના બોલને આગળ રમવાનો પ્રયાસ કરતી વખતે તે સ્લિપમાં સ્ટીવ સ્મિથના હાથે કેચ થયો. લંચ પહેલા આ શોટની બિલકુલ જરૂર નહોતી.

## પેટ કમિન્સને 2 અને નાથન લિયોનને એક સફળતા મળી હતી

આ પછી પંત અને જાડેજાએ દાવ સંભાળ્યો, પંત (40) સારા ટચમાં હોય તેવું લાગતું હતું, પરંતુ બિનજરૂરી શોટ રમતા તે બોલેન્ડના બોલ પર કમિન્સ દ્વારા કેચ આઉટ થયો હતો. આ કારણે નીતીશ રેડ્ડી (0) પણ બીજા જ બોલ પર આઉટ થઈ ગયો હતો. જાડેજા (26) થોડી સાવધાની સાથે રમી રહ્યો હતો, પરંતુ ટીમ ઈન્ડિયાનો સ્કોર 134 હતો ત્યારે તે આઉટ થઈ ગયો હતો. લોઅર ઓર્ડર પર આવેલા વોશિંગ્ટન સુંદર (14), પ્રસિદ્ધ ક્રિષ્ણા (03) કંઈ ખાસ કરી શક્યા ન હતા. જ્યારે જસપ્રિત બુમરાહ (22) અંતમાં આવ્યો અને તેણે કેટલાક સારા શોટ રમ્યા. ટીમ ઈન્ડિયાની છેલ્લી વિકેટ કેપ્ટન બુમરાહ (22)ના રૂપમાં પડી, જે પેટ કમિન્સની બોલ પર પુલ શોટ મારવાના પ્રયાસમાં મિચેલ સ્ટાર્કના હાથે કેચ આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી સ્કોટ બોલેન્ડે સૌથી વધુ 4 વિકેટ લીધી હતી. મિચેલ સ્ટાર્કને 3, પેટ કમિન્સને 2 અને નાથન લિયોનને એક સફળતા મળી હતી.

## લંચ બાદ કોહલી બોલ જબરદસ્તીથી રમવાના કારણે આઉટ થયો



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ આજે (3 જાન્યુઆરી) સિડનીમાં લંચ બાદ વિરાટ કોહલી પણ ફરી એકવાર ઓફ સ્ટમ્પ બોલ જબરદસ્તીથી રમવાના કારણે આઉટ થયો હતો. 17 રન બનાવ્યા બાદ કોહલી (17) સ્કોટ બોલેન્ડના બોલ પર બેઉ વેબસ્ટરના હાથે આઉટ થયો હતો. કોહલી આ શ્રેણીમાં આ પહેલા પણ ઘણી વખત ઓફ સાઈડ બોલને જબરદસ્તીથી રમવાના કારણે આઉટ થયો છે.

# ગૌતમ ગંભીરે ડ્રેસિંગ રૂમના વિવાદ પર મૌન તોડ્યું

(એજન્સી)સિડની તા 03



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે BGTની પાંચમી અને છેલ્લી મેચ શુક્રવારથી સિડનીમાં રમાશે. ટીમ ઈન્ડિયા સીરિઝમાં 1-2થી પાછળ છે. સિડનીમાં રમાનાર મેચ પહેલા ટીમ ઈન્ડિયામાં વિવાદના રિપોર્ટ સામે આવ્યા છે. સિડની ટેસ્ટ પહેલા ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે ડ્રેસિંગ રુમ વિવાદ પર નિવેદન આપ્યું છે. તેમણે ગુરુવારના રોજ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, કોચ અને ખેલાડીઓ વચ્ચેની ચર્ચા ડ્રેસિંગ રુમમાં જ રહેવી જોઈએ.ડ્રેસિંગ રુમમાં જ્યા સુધી ઈમાનદાર લોકો છે ત્યાં સુધી ભારતીય ક્રિકેટ સુરક્ષિત હાથમાં છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને છેલ્લી મેચ શુક્રવારના રોજ સિડનીમાં રમાશે. . ટીમ ઈન્ડિયા સીરિઝમાં 1-2થી પાછળ છે.વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની ફાઈનલમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે ટીમ ઈન્ડિયાને સિડની ટેસ્ટ જીતવી પડશે.તેમને શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી સીરિઝના પરિણામ પર પણ નિર્ભર રહેવું પડશે. જો શ્રીલંકા ઓસ્ટ્રેલિયાને 2-0 કે 1-0થી હરાવી દે છે. તો ટીમ ઈન્ડિયાને ફાઈનલમાં પહોંચવાનો રસ્તો સાફ થઈ જશે.ડ્રેસિંગ રુમ વિવાદની વાત કરીએ તો એક વેબસાઈટે ખુલાસો કર્યો કે, ટીમ ઈન્ડિયામાં બધુ બરાબર ચાલી રહ્યું નથી. મેલબોર્નમાં હાર બાદ ગૌતમ ગંભીર ખેલાડીઓ પર ગુસ્સે થયા હતા. તેના નિશાન પર સીનિયર ખેલાડીઓ પણ હતા. રિપોર્ટમાં એ પણ કહ્યું છે કે, કેટલાક ખેલાડીઓ ઈચ્છતા નથી કે પર્થમાં બુમરાહ કેપ્ટનશીપ કરે.

# ઓલિમ્પિકમાં ડબલ મેડલ જીતનાર મનુને ખેલ રત્ન

## રાષ્ટ્રીય રમત પુરસ્કારમાં 4 ખેલાડીઓને ખેલ રત્ન

રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2024ની જાહેરાત રમત મંત્રાલય દ્વારા ગુરુવારે કરવામાં આવી હતી. ઓલિમ્પિક ડબલ મેડલ વિજેતા શૂટર મનુ ભાકર, વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરા એથ્લેટ ખેલાડી પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. આ સિવાય 5 કોચને દ્રોણાચાર્ય એવોર્ડ મળશે, જેમાંથી 2 લાઈફ ટાઈમ અચિવમેન્ટ માટે છે. અર્જુન એવોર્ડ 34 ખેલાડીઓને આપવામાં આવશે, જેમાંથી 2 લાઈફ ટાઈમ અચિવમેન્ટ માટે છે. 17 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે એવોર્ડ સમારોહ યોજાશે.

## મનુએ પેરિસ ઓલિમ્પિકમાં ડબલ મેડલ જીત્યો હતો

મનુ ભાકરે ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલી પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં ડબલ ઓલિમ્પિક મેડલ જીત્યો હતો. તે 10 મીટર એર પિસ્તોલ વ્યક્તિગત અને મિક્સ ડબલ્સમાં ત્રીજા સ્થાને રહી હતી. તેના બે મેડલના આધારે ભારતે પેરિસ ઓલિમ્પિકમાં કુલ 6 મેડલ.

**18 વર્ષનો ગુકેશ ચેસનો નવો વર્લ્ડ ચેમ્પિયન :** 18 વર્ષીય ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ 11 ડિસેમ્બરે સિંગાપોરમાં વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. તેણે ફાઈનલમાં ચીનના ડિફેન્ડિંગ ચેમ્પિયન ડિંગ લિરેનને 7.5-6.5થી હરાવ્યો હતો અને આટલી નાની ઉંમરમાં આ ખિતાબ જીતનાર ગુકેશ વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ પહેલાં 1985માં રશિયાના ગેરી કાસ્પારોવે 22 વર્ષની ઉંમરમાં આ ખિતાબ જીત્યો હતો.



# બોલર છે કે તોફાન, T20માં 7 બેટ્સમેનને કર્યા આઉટ

(એજન્સી) ઢાકા તા 03



બાંગ્લાદેશ પ્રીમિયર લીગ 2025 શરૂ થઈ ગઈ છે. તેની પાંચમી મેચ દરબાર રાજાશાહી અને ઢાકા કેપિટલ્સ વચ્ચે રમાઈ હતી, જેમાં બાંગ્લાદેશી ઝડપી બોલર તસ્કીન અહેમદે 4 ઓવરમાં 19 રન આપીને 7 વિકેટ લઈને ઘણા રેકોર્ડ બનાવ્યા હતા. બાંગ્લાદેશના ફાસ્ટ બોલર તસ્કીન અહેમદે બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL)માં ધૂમ મચાવી દીધી છે. તેણે પોતાની ઘાતક બોલિંગના આધારે એક મોટો રેકોર્ડ પણ બનાવ્યો. વાસ્તવમાં, BPLની પાંચમી મેચ દરબાર રાજાશાહી અને ઢાકા કેપિટલ્સ વચ્ચે 2 જાન્યુઆરી, ગુરુવારે રમાઈ હતી. આ T20 મેચમાં તસ્કીનનું તોફાન જોવા મળ્યું હતું. ઢાકા ટીમના બેટ્સમેનો તેની સામે લાચાર દેખાતા હતા. તસ્કીને 4 ઓવરમાં માત્ર 19 રન આપીને 7 વિકેટ લીધી હતી. તેના પ્રદર્શનના આધારે તેની ટીમ દરબાર રાજશાહીએ પણ આ સિઝનની પ્રથમ જીત નોંધાવી હતી. 7 વિકેટ લેવાની સાથે તસ્કીને ઘણા રેકોર્ડ પણ બનાવ્યા. બાંગ્લાદેશ પ્રીમિયર લીગના ઈતિહાસમાં આ સિદ્ધિ મેળવનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. આ પહેલા બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ મોહમ્મદ આમિરના નામે હતો. તેણે 17 રનમાં 6 વિકેટ લીધી હતી. આટલું જ નહીં, ફ્રેન્ચાઈઝી T20 લીગની કોઈપણ મેચમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને તસ્કિન નંબર 1 બોલર બની ગયો છે, જ્યારે તે T20 ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ કરનાર ત્રીજો બોલર બની ગયો છે.T20 ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ બોલિંગ ફિગરનો રેકોર્ડ મલેશિયાના સિયાઝરુલ ઈદ્રુસના નામે છે. તેણે 2023માં ચીન સામે 8 રન આપીને 7 વિકેટ લીધી હતી.

# રોહિત શર્મા નિર્ણાયક ટેસ્ટમાંથી પડતો મુકાયો



(એજન્સી) સિડની તા 03

ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે ભારતીય ટેસ્ટ કેપ્ટન રોહિત શર્માને આરામ આપવામાં આવશે. તેના સ્થાને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ શુક્રવારે સવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતે કેપ્ટનશિપ કરી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ મુજબ, રોહિતે કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત અગરકરને પ્લેઈંગ-11ની બહાર રહેવાના નિર્ણયની જાણ કરી છે. એવું જાણવા મળ્યું છે કે આ માટે બંને સંમત થયા છે. આનો અર્થ એ પણ થઈ શકે છે કે મેલબોર્નમાં બોક્સિંગ ડે ટેસ્ટ રોહિત માટે છેલ્લી હોઈ શકે છે, કારણ કે તે ઈંગ્લેન્ડના પ્રવાસ સાથે શરૂ થતી આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલ માટે પ્લાનમાં ન હોઈ શકે. વર્તમાન સાઈકલમાં ભારત WTC ફાઈનલ માટે ક્વોલિફાય થાય એવી શક્યતા નથી. હાલમાં ભારતીય ટીમ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં 1-2થી પાછળ છે. ટીમે 3 જાન્યુઆરીથી સિડનીમાં 5 મેચની શ્રેણીની છેલ્લી મેચ રમવાની છે. રોહિતની જગ્યાએ ગિલ પરત ફરશે મેલબોર્ન ટેસ્ટમાંથી બહાર થયેલા શુભમન ગિલ રોહિતની જગ્યાએ પ્લેઈંગ-11માં પરત ફરશે. તે ત્રીજા નંબર પર બેટિંગ કરશે, જ્યારે કેએલ રાહુલ યશસ્વી જયસ્વાલ સાથે ઈનિંગની શરૂઆત કરશે. રિષભ પંત ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખશે.

# 450 કરોડના કૌભાંડમાં ફસાયો ગિલ, જાણો શું છે આખો મામલો?

(એજન્સી) નવી દિલ્હી તા 03

શુભમન ગિલ નવી મુસીબતમાં ફસાયો છે. કારણ કે તેનું નામ કૌભાંડમાં સામે આવી રહ્યું છે. જો કે, અત્યારે માત્ર એવા અહેવાલ છે. આ કેસમાં શુભમન ગિલ ઉપરાંત ત્રણ અન્ય ખેલાડીઓ પણ ફસાયા હોવાના સમાચાર છે. આ મામલો ગુજરાત સ્થિત કંપની સાથે સંબંધિત છે. શુભમન ગિલ એક તરફ ઓસ્ટ્રેલિયામાં સિડની ટેસ્ટમાં રમવાને કારણે ચર્ચામાં છે. તો બીજી તરફ એક રિપોર્ટ અનુસાર તે 450 કરોડ રૂપિયાના કૌભાંડમાં ફસાઈ ગયો હોવાના સમાચાર સામે આવ્યા છે. શુભમન ગિલ સિવાય ગુજરાત ટાઈટન્સના અન્ય ઘણા ખેલાડીઓના નામ પણ આ કેસમાં સામેલ હોવાના સમાચાર છે. આ કેસમાં ગુજરાત ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ એટલે કે CID દ્વારા કોઈ પણ ક્રિકેટરને સમન્સ આપવામાં આવ્યા નથી. પરંતુ 11 હજાર રોકાણકારોનો સંપર્ક કરવામાં આવશે. કરોડોના કૌભાંડમાં શુભમન ગિલનું નામ

એક રિપોર્ટ અનુસાર શુભમન ગિલ 450 કરોડ રૂપિયાના કૌભાંડમાં ફસાઈ ગયો હોવાના સમાચાર છે. જો અહેવાલોનું માનીએ તો, શુભમન ગિલ અને ગુજરાત ટાઈટન્સના અન્ય ઘણા ખેલાડીઓ, પણ સામેલ છે. 450 કરોડનું આ કૌભાંડ ગુજરાત સ્થિત કંપની BZ ગ્રુપ સાથે સંબંધિત છે.



# ગુજરાતમાં ફૂટબોલના વિકાસનો તથા યૂથ ટેલેન્ટનો ગ્રાફ વધ્યો છે

(એજન્સી) ગાંધીનગર તા 03

ગુજરાતમાં ફૂટબોલની રમતનું સ્તર સતત છેલ્લા કેટલા વર્ષથી વધી રહ્યું છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન, પ્રાઈવેટ ક્લબ તથા જિલ્લા એસોસિયેશનના સામૂહિક પ્રયાસના કારણે ગુજરાતમાં ફૂટબોલની રમતના વિકાસ તથા યૂથ ટેલેન્ટનો ગ્રાફ સતત



ઉપર જઈ રહ્યો છે. ગ્રાસ રુટ લેવલથી ફૂટબોલના વિકાસનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ ફેડરેશનની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહી છે. તાજેતરમાં સેન્ટ ઝેવિયર્સ લોયોલા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે બ્લૂ કબ્સ ક્લબ ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું જેમાં સાત જિલ્લા એસોસિયેશન સહિત કુલ 23 ટીમોએ ભાગ લીધો હતો. 2023-24માં જીએસએફએ દ્વારા યોજાયેલી રાજ્ય બ્લૂ કબ્સ લીગમાં 23 જિલ્લા ઓવરઓલ ભાગ લીધો છે. આ લીગ અંડર-8, 10 તથા 12 વર્ષની વય ગ્રૂપમાં રમાય છે.

# આર્યના સબાલેન્કો બ્રિસબેન ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં

(એજન્સી) બ્રિસબેન તા 03

બેલારુસની તથા વિશ્વની પ્રથમ ક્રમાંકિત આર્યના સબાલેન્કોએ હરીફ ખેલાડી સામે દબદબાભર્યું પ્રદર્શન કરીને બ્રિસબેન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની વિમેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ માટે ફેવરિટ ગણાતી સબાલેન્કોએ કઝાકિસ્તાનની યુલિયા પુતિન્તસેવાને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ 7-6 (7-2), 6-4થી હરાવી હતી.



રશિયાની ટિનએજર આન્દ્રિવાએ લિન્ડા નોસકોવાને 6-3, 6-0થી હરાવી હતી. આ મુકાબલો 63 મિનિટ સુધી રમાયો હતો. બોઝકોવાએ અઝારેન્કો સામે 6-4, 6-4થી વિજય મેળવ્યો હતો.

# વિકેટકીપરે બાઉન્ડ્રી સુધી દોડીને પકડ્યો કેચ, વર્ષની પહેલી મેચમાં જોવા મળ્યો ચમત્કાર

(એજન્સી) ન્યૂઝીલેન્ડ તા 03

ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી T20માં શ્રીલંકાએ 7 રને જીત મેળવી હતી. શ્રીલંકા આ T20 સીરીઝ હારી ગયું હતું પરંતુ નેલ્સનમાં રમાયેલી મેચમાં ક્લીન સ્વીપથી બચી ગયું હતું. આ મેચનો હીરો હતો કુસલ પરેરા જેણે માત્ર 46 બોલમાં 101 રનની ઈનિંગ રમી હતી. તેના સિવાય કેપ્ટન અસલંકાએ 24 બોલમાં 46 રન બનાવ્યા હતા. પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ 218 રન બનાવ્યા અને જવાબમાં ન્યુઝીલેન્ડની ટીમે પણ 211 રન બનાવીને મેચને રોમાંચક બનાવી દીધી. પરંતુ બોલ અને બેટની આ લડાઈમાં ન્યુઝીલેન્ડના વિકેટકીપર મિચેલ હેએ પણ દિલ જીતી લીધું હતું. આ મેચમાં મિચેલ હેએ જબરદસ્ત કેચ પકડ્યો હતો. ન્યુઝીલેન્ડના વિકેટકીપર મિચેલ હેએ ત્રીજી ઓવરમાં પથુમ નિસાન્કાને એક શાનદાર કેચ પકડ્યો હતો. મોટી વાત એ છે કે આ વિકેટકીપરે આ કેચ બાઉન્ડ્રી લાઈન પર લીધો હતો. બાઉન્ડ્રી લાઈન પર કેચ લેવો એ વિકેટકીપર માટે ખરેખર આશ્ચર્યજનક છે. તમને જણાવી દઈએ કે હેએ આ કેચ કેવી રીતે



પકડ્યો. ત્રીજી ઓવરમાં પથુમ નિસાન્કાએ મેટ હેનરીના બાઉન્સર પર બોલ ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બોલ તેના બેટની ઉપરની ધારને લઈને વિકેટકીપરના માથા ઉપરથી બાઉન્ડ્રી લાઈન તરફ ગયો. બોલ પૂરતો ઊંચો હતો તેથી વિકેટકીપર પણ બાઉન્ડ્રી તરફ દોડ્યો અને રિવર્સમાં દોડતી વખતે મિચેલ હે બોલ સુધી પહોંચ્યો અને તેને પકડ્યો. હેનો આ કેચ ખરેખર આશ્ચર્યજનક છે કારણ કે સામાન્ય રીતે વિકેટકીપર આવો કેચ લેતો જોવા મળતો નથી. ત્રીજી T20માં બનાવ્યા 429 રન તે શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ વચ્ચે વર્ષની પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચ હતી અને પ્રથમ મેચમાં જ 429 રન થયા હતા.

# આર્સનલે બ્રેન્ટફોર્ડને 3-1થી હરાવ્યું, લિવરપૂલ કરતાં છ પોઈન્ટ પાછળ

(એજન્સી) લંડન તા 03

આર્સનલે બ્રેન્ટફોર્ડને હરાવ્યું,લિવરપૂલની નજીક ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલની મેચમાં આર્સનલ ક્લબે બ્રેન્ટફોર્ડને 3-1થી હરાવીને પોઈન્ટ ટેબલમાં ટોચના ક્રમે રહેલી લિવરપૂલ અને તેની વચ્ચેનો ગાળો ઓછો કરી દીધો હતો.

આર્સનલ હવે લિવરપૂલ કરતાં છ પોઈન્ટ પાછળ છે. મેચની 13મી મિનિટે બ્રાયન બેયુમોએ બ્રેન્ટફોર્ડ માટે ગોલ કર્યા બાદ ગેબ્રિયલ જિસસે 29મી મિનિટે ગોલ કરીને આર્સનલ માટે સ્કોર 1-1થી સરભર કર્યો હતો. હાફટાઈમ બાદ મિકેલ મારિનો અને ગેબ્રિયલ માર્ટેનેલીએ ગોલ કરીને આર્સનલનો વિજય નિશ્ચિત કરી દીધો હતો. આર્સનલ લીગમાં બીજા ક્રમે છે અને લિવરપૂલ પાસે હજુ એક મેચ બાકી છે. ગેબ્રિયલ જિસસે લીગની ચાર મેચમાં છઠ્ઠો ગોલ નોંધાવ્યો હતો અને સિઝનની પ્રથમ 20 મેચમાં ટીમની



સફળતામાં તેનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. 17 વર્ષીય ઈથાન નવાનેરીએ આર્સનલ માટે લીગમાં ડેબ્યૂ કર્યું છે. લીગની અન્ય મેચમાં એસ્ટોન વિલા અને બ્રાઈટનનો મુકાબલો 2-2થી ડ્રો રહ્યો હતો. માન્ચેસ્ટર યુનાઈટેડનું કંગાળ ફોર્મ જારી રહ્યું હતું અને ન્યૂ કાસલ યૂનાઈટેડ સામે તેનો 2-0 થી પરાજય થયો હતો. આ મેચમાં એલેકઝાન્ડર ઈસાકે ચોથી અને જોએલિન્ટોને 19મી મિનિટે ગોલ નોંધાવ્યા હતા. માન્ચેસ્ટર યુનાઈટેડ પોઈન્ટ ટેબલમાં 14મા ક્રમે સરકી ગયું છે.

# બેટિંગ કરતા પંત થયો ઈજાગ્રસ્ત

(એજન્સી) સિડની તા 03

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચોની ટેસ્ટ શ્રેણીની છેલ્લી મેચ સિડનીમાં રમાઈ રહી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા ફરી એકવાર મુશ્કેલીમાં જોવા મળી રહી છે. પ્રથમ દિવસે 4 વિકેટના પ્રારંભિક પતન બાદ ભારતીય દાવ ખોરવાઈ ગયો હતો. જે બાદ ચાહકોની નજર ઋષભ પંત પર ટકેલી છે. પંતને બેટિંગ દરમિયાન ઈજા થઈ હતી. જે બાદ પંતે પાટો બાંધીને રમવું પડ્યું. ઈજા બાદ ફિઝિયોને તરત જ મેદાનમાં આવવું પડ્યું હતું. વાસ્તવમાં, મિશેલ સ્ટાર્કનો એક ઝડપી બોલ ઋષભ પંતના બાઈસેપ્સ પર વાગ્યો, બોલ એટલો ઝડપી હતો કે તેણે પંતના બાઈસેપ્સ પર નિશાન છોડી દીધું. આ પછી ફિઝિયોએ પંતને પાટો બાંધ્યો અને પછી તે રમતા જોવા મળ્યો. હવે જોવાનું એ રહે છે કે મેચ બાદ તેની ઈજા વધે છે કે નહીં?




આટલું જ નહીં, પછીના કેટલાક બોલ પછી સ્ટાર્કનો એક બોલ પંતના હેલ્મેટ પર વાગી ગયો. જે બાદ ચાહકોની નજર ઋષભ પંત પર ટકેલી છે. આ બોલની ઝડપ લગભગ 144kmph હતી. આ પછી મેચ થોડીવાર માટે રોકી દેવામાં આવી અને ફિઝિયોએ આવીને પંતને તપાસ્યો અને તેનું હેલ્મેટ ચેક કર્યું. આ દરમિયાન સ્ટાર્ક પણ પંતની હાલત વિશે પૂછતો જોવા મળ્યો હતો. પંત પાસેથી ઘણી અપેક્ષાઓ છે ચાર વિકેટના પ્રારંભિક પતન બાદ હવે ટીમ ઈન્ડિયાને રિષભ પંત પાસેથી ઘણી અપેક્ષાઓ છે. પંત પણ મેલબોર્ન ટેસ્ટમાં સારા ફોર્મમાં જોવા મળ્યો હતો, પરંતુ પછી ગુમાવી દીધી હતી. હવે સિડની ટેસ્ટના પહેલા દિવસે પંત ખૂબ જ સાવધાની સાથે રમતા જોવા મળ્યા હતા. આવી સ્થિતિમાં ચાહકો પંત પાસેથી લાંબી ઈનિંગ્સની અપેક્ષા રાખશે.

## હોસ્પિટલમાં લોકોની ભીડને લગતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે

# ચીનમાં કોરોના જેવો નવો વાઈરસ ફેલાયો : નાના બાળકોને સૌથી વધુ અસર

(એજન્સી) બેઈજિંગ તા 03

કોવિડ-19ના 5 વર્ષ બાદ ચીનમાં ફરી એક વખત નવો વાઈરસ સંક્રમણ ફેલાઈ રહ્યો છે. તેના લક્ષણો પણ કોરોના વાઈરસ જેવા છે. આ નવા વાઈરસનું નામ હ્યુમન મેટાપ્યુમોવાઈરસ (HMPV) છે, જે એક RNA વાઈરસ છે. જ્યારે વાઈરસથી ચેપ લાગે છે, ત્યારે દર્દીઓ શરદી અને કોવિડ -19 જેવા લક્ષણો દર્શાવે છે. તેની સૌથી વધુ અસર નાના બાળકો પર જોવા મળી રહી છે. આમાં 2 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સૌથી વધુ અસરગ્રસ્ત છે. ચીનના સેન્ટર ફૉર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) અનુસાર, તેના લક્ષણોમાં ઉધરસ, તાવ, નાક બંધ થવું અને ગળામાં બળતરાનો સમાવેશ થાય છે. HMPV ઉપરાંત ઈન્ફલ્યુએન્ઝા એ, માયકોપ્લાઝમા ન્યુમોનિયા અને કોવિડ-19ના કેસ પણ નોંધાઈ રહ્યા છે.



### ખાંસી અને છીંકથી વાઈરસ ફેલાવવાનું જોખમ વધારે છે.

જો વાઈરસની અસર ગંભીર હોય, તો તે બ્રોન્કાઈટિસ અને ન્યુમોનિયાનું કારણ બની શકે છે. રોઈટર્સ અનુસાર, ચીન આનો સામનો કરવા માટે એક સર્વેલન્સ સિસ્ટમનું પણ પરીક્ષણ કરી રહ્યું છે. જો કે ચીન તરફથી આવી કોઈ માહિતી આપવામાં આવી નથી. ધ સ્ટારના અહેવાલ મુજબ, સીડીસીએ કહ્યું છે કે અસ્થમા અને ક્રોનિક અવરોધક પલ્મોનરી જેવી બીમારીઓથી પીડિત દર્દીઓમાં ચેપનું જોખમ વધારે છે.

### 2001માં પહેલીવાર ઓળખવામાં આવ્યો હતો

HMPV વાઈરસ પ્રથમ વખત 2001માં ઓળખવામાં આવ્યો હતો. એક ડચ સંશોધકે શ્વસન રોગથી પીડિત બાળકોના નમૂનાઓમાં આ વાઈરસ શોધી કાઢ્યો હતો. જો કે, આ વાઈરસ છેલ્લા 6 દાયકાથી હાજર છે. આ વાઈરસ તમામ પ્રકારની ઋતુઓમાં વાતાવરણમાં હાજર હોય છે, પરંતુ શિયાળામાં તેના ફેલાવાનું જોખમ સૌથી વધુ હોય છે.

### 2019માં ચીનમાંથી કોરોના વાઈરસ ફેલાયો હતો

કોવિડ-19નો પહેલો કેસ 2019માં ચીનના વુહાન શહેરમાં જોવા મળ્યો હતો. ત્યારે તેને રહસ્યમય ન્યુમોનિયા હોવાનું માનવામાં આવતું હતું. તે SARS-CoV-2 વાઈરસ (કોરોના વાઈરસ)થી ફેલાય છે. આ પછી આ વાઈરસ ઝડપથી દુનિયામાં ફેલાઈ ગયો. 30 જાન્યુઆરી, 2020ના રોજ, વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેને વૈશ્વિક રોગચાળો જાહેર કર્યો. વિશ્વભરમાં કોવિડના 70 કરોડથી વધુ કેસ નોંધાયા છે. આ સિવાય 70 લાખથી વધુ લોકોના મોત પણ નોંધાયા છે.

## આ દેશમાં આઉટડોર સ્મોકિંગ કરવા પર લાગશે તગડો દંડ

(એજન્સી) ઈટાલી તા 03

ઈટાલીના મિલાનમાં આઉટડોર સ્મોકિંગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઈકોનોમી અને ફેશન કેપિટલ મિલાન શહેરમાં રસ્તાઓ કે ભીડવાળા વિસ્તારોમાં સ્મોકિંગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં જો કોઈ વ્યક્તિ સ્મોકિંગ કરતો જોવા મળશે તો તેને તગડો દંડ થઈ શકે છે. આ પ્રતિબંધ 1 જાન્યુઆરી, 2025થી લાગુ કરવામાં આવ્યો છે. જો નિયમનો કર્યો ભંગ તો લાગશે મોટો દંડ!

ત્યારે હવે પ્રશ્નએ થાય છે કે આ નિર્ણય કેમ લેવામાં આવ્યો? તમને જણાવી દઈએ કે સિટી કાઉન્સિલે 2020માં મિલાનનો એર ક્વોલિટી વટહુકમ પસાર કર્યો હતો. જેમાં સ્મોકિંગ પર કડક પ્રતિબંધની માગ કરવામાં આવી હતી. તે 2021માં શરૂ થયું, ત્યારબાદ ઉદ્યાનો અને રમતના મેદાનો તેમજ બસ સ્ટોપ અને રમતગમત સુવિધાઓમાં સ્મોકિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કોઈ વ્યક્તિ શહેરમાં લાદવામાં આવેલા નવા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરશે તો તેને 40થી 240 યુરો એટલે કે (3,558થી 21,353 રૂપિયા)નો દંડ ભરવો પડશે. શહેરના સ્થાનિક અધિકારીઓનું કહેવું છે કે આ પગલાનો હેતુ શહેરની હવાની ગુણવત્તા સુધારવા અને નાગરિકોના સ્વાસ્થ્યને સુધારવાનો છે. ઈટાલિયન ટોબેકોનિસ્ટ ઈમેન્યુએલ મેરિનોનીએ જણાવ્યું હતું કે આનાથી બિઝનેસમાં 20થી 30 ટકાનો ઘટાડો આવી શકે છે. તમને જણાવી દઈએ કે ઈ-સિગારેટ પર આ પ્રતિબંધ લાગુ પડતો નથી.

## દુનિયાના સૌથી ઠંડા શહેર યાકુત્સ્કમાં 9 મહિનામાં માત્ર 1 કલાક માટે તડકો

(એજન્સી) યાકુત્સ્ક તા 03

યાકુત્સ્કમાં શિયાળાની ઋતુમાં દિવસમાં ક્યારેક માત્ર 1 કલાક માટે જ તડકો નીકળે છે. આ સમયે લોકો કપડાં સૂકવે અને પોતે પણ સૂર્યની ગરમીનો આનંદ મેળવે છે. અહીં ભીનાં કપડાંને ટિંગાડવાની જરૂર પડતી નથી. ગરમ પાણીમાં ધોઈને કપડાંને ખુલ્લામાં લાવતા જ જે તે શેપમાં કડક થઈ જાય છે. મિનિટોમાં તેના પર બરફ જામી જાય છે, પછી તેને ખંખેરવામાં આવે તો બરફ પડી જાય અને કપડાં સૂકાઈ ગયા હોય છે. ફોટોમાં જોઈ શકાય છે કે મહિલાએ કપડાંને એક બાંયથી પકડેલું છે. યાકુત્સ્કમાં શિયાળાની ઋતુમાં દિવસમાં ક્યારેક માત્ર 1 કલાક માટે જ તડકો નીકળે છે. આ સમયે લોકો કપડાં સૂકવે અને પોતે પણ સૂર્યની ગરમીનો આનંદ મેળવે છે. અહીં ભીનાં કપડાંને ટિંગાડવાની જરૂર પડતી નથી. ગરમ પાણીમાં ધોઈને કપડાંને ખુલ્લામાં લાવતા જ જે તે શેપમાં કડક થઈ જાય છે. મિનિટોમાં તેના પર બરફ જામી જાય છે, પછી તેને ખંખેરવામાં આવે તો બરફ પડી જાય અને કપડાં સૂકાઈ ગયા હોય છે. ફોટોમાં જોઈ શકાય છે કે મહિલાએ કપડાંને એક બાંયથી પકડેલું છે. આટલી ઠંડીમાં જીવવા માટે અમારા ચાર સિક્રેટ છે. પહેરવેશ, ખાનપાન, સાવધાની અને દૃઢ મનોબળ. અમે સાત લેયરમાં કપડાં પહેરીએ છીએ. આ સાથે ખાસ ધ્યાન રાખીએ છીએ કે ક્યારેય પણ 15 મિનિટથી વધારે ખુલ્લામાં ન રહેવું નહીંતર ફ્રોસ્ટ બાઈટથી જીવતા જ જામી જવાનું જોખમ રહે છે. રશિયાની બે તૃત્યાંશ જમીન પર્માફ્રોસ્ટ એટલે કે જામેલી છે. જે ગરમીની સિઝનમાં પીગળે છે એટલા માટે યાકુત્સ્કમાં ઘર થાંભલા પર બનાવવામાં આવે છે.હું સાખા જાતિનો છું અને અમે લોહી થીજવી નાંખે તેવી ઠંડી સાથે લડીએ છીએ, એટલું જ નહીં તેની સાથે જીવીએ પણ છીએ. અમારા પૂર્વજોએ આ મંત્ર 20 હજાર વર્ષમાં શીખ્યો છે. યાકુત્સ્કમાં ઠંડીની સિઝનમાં લઘુત્તમ તાપમાન માઈનસ 60 ડિગ્રી સુધી ઘટી જાય છે અને ગરમીમાં - 33થી -35 ડિગ્રી રહે છે.હિમયુગને જોવો અને અનુભવવો હોય તો રશિયાના સાઈબેરિયાના શહેર યાકુત્સ્ક આવો. ગુરુવારે સવારના 8 વાગ્યા છે અને હું અત્યારે દુનિયાના સૌથી ઠંડા શહેરમાં છું. મારી સ્માર્ટવોચમાં માઈનસ 55 ડિગ્રી તાપમાન દેખાઈ રહ્યું છે. આ શહેરમાં 9 મહિના બરફ પડે છે, કેમ કે તે ઉત્તર ધ્રૂવથી 430 કિમી જ દૂર છે.



## ઈઝરાયેલ બાદ તાઈવાનમાં પણ ભારતીયોની જય-જય

(એજન્સી) તાઈવાન તા 3

તાઈવાને ભારતીય કામદારોને આકર્ષવા માટે નવો વિઝા પ્રોગ્રામ શરૂ કર્યો છે. ભારત અને તાઈવાન વચ્ચે થયેલા શ્રમ કરારથી તાઈવાનની વધતી જતી શ્રમિકોની માંગ પૂરી થશે. આ કરારથી તાઈવાનના સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં વૃદ્ધિ થશે અને ભારતીયોને નોકરીની તકો મળશે. આ પાયલોટ પ્રોગ્રામ પછી, વધુ ભારતીય કામદારોને તાઈવાનમાં કામ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ કરાર ભારત-તાઈવાનના સંબંધો વધુ ગાઢ બનશે. ભારત અને તાઈવાન વચ્ચે પ્રવાસી કામદારોને મોકલવા અંગે પર એક મહત્વપૂર્ણ ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. તેનાથી વિદેશી કામદારો માટે પૂર્વ એશિયાઈ દેશો પર તાઈવાનની નિર્ભરતામાં ઘણો ઘટાડો કરશે. તાઈવાનને દેશની વધતી જતી સરેરાશ વય સાથે તાલમેલ રાખવા અને તેની કાર્યક્ષમતાને વધારવા માટે મોટા પાયે વિદેશી કામદારોની જરૂર છે. તાઈવાન સેમિકન્ડક્ટર્સના ક્ષેત્રે પણ વૈશ્વિક લીડર બનવા માંગે છે, જેના માટે તેને મોટા પ્રમાણમાં કુશળ કારીગરોની છે. હાલમાં, તાઈવાનમાં લગભગ 700,000 પ્રવાસી કામદારો છે, જે મુખ્યત્વે વિયેતનામ, ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડથી આવેલા છે. જેમાના મોટાભાગના ઉત્પાદન અને દેખરેખ રાખવાનુ કામ કરી રહ્યા છે. તાઈવાન અને ભારત વચ્ચે દિલ્હીમાં આ કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. તાઈવાને ભારતમાં દૂતાવાસ જેવી ઓફિસ ખોલી છે. તાઈવાન સરકાર આ કાર્યાલય દ્વારા ભારતન સાથે સંપર્કમાં રહે છે. જો કે, ભારત સાથે શ્રમ કરાર સંબંધિત વિગતો હજુ સાર્વજનિક કરવામાં આવી નથી.

## નેપાળમાં નથી હોતી રવિવારે જાહેર રજા, કારણ છે ચોંકાવનારું

(એજન્સી) જાપાન તા 03

દરેક વ્યક્તિને તેના કામની દોડધામમાંથી આરામ કરવા માટે અઠવાડિયામાં એક દિવસની રજા જોઈએ છે. તેને સાપ્તાહિક રજા કહેવામાં આવે છે. મહત્વનું છે કે ભારતમાં રવિવારે મોટાભાગના એકમોમાં રજા હોય છે. પરંતુ જાણો નેપાળમાં કયા દિવસે રજા હોય ? વિશ્વના મોટાભાગના દેશો તેમના કામ માટે અંગ્રેજી કેલેન્ડરને અનુસરે છે. આ કારણોસર, ત્યાંની સરકારી સાપ્તાહિક રજા રવિવારે છે. કેટલાક મુસ્લિમ દેશોમાં, રવિવારને બદલે, ત્યાંની સરકારોએ શુક્રવારને સાપ્તાહિક રજા તરીકે જાહેર કર્યો છે, કારણ કે તે ઈસ્લામમાં પવિત્ર દિવસ છે.ભારતને અડીને આવેલ નેપાળ પણ એક 'હિંદુ રાષ્ટ્ર' છે. એવું માનવામાં આવે છે કે નેપાળ મોટાભાગના કામમાં ભારતને અનુસરે છે, તો શું ત્યાં પણ રવિવારની સાપ્તાહિક રજા છે? નેપાળમાં રવિવારે કોઈ સાપ્તાહિક સરકારી રજા હોતી નથી, બલ્કે શનિવારે બધું બંધ રાખવામાં આવે છે. તેની પાછળ એક ખાસ આરામનો દિવસ માનવામાં આવે માટે બહાર જતા નથી. આ કારણે છે. વાસ્તવમાં નેપાળમાં શનિવારને અશુભ દિવસ માનવામાં આવે છે.

# તાલિબાન દળોએ 4 સૈન્ય ચોકીઓ પર કબજો જમાવ્યો

## પાકિસ્તાનના હવાઈ હુમલા બાદ બંને દેશો વચ્ચે તણાવની સ્થિતિ

(એજન્સી) અફઘાનિસ્તા તા 03

અફઘાનિસ્તાન તાલિબાનના જવાનોએ પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમના વિસ્તારને ઘેરી લીધું છે. ખોસ્ત અને પક્તિકાના આદિવાસી વિસ્તારોમાં લગભગ 15 હજાર તાલિબાનના જવાનોએ પાકિસ્તાની સેનાની 4 સૈન્ય ચોકીઓ પર કબજો કરી લીધો છે. એટલું જ નહીં ખોસ્તની અલી શેરની બે અને પક્તિકામાં આવેલ બે ચોકીઓમાંથી પાકિસ્તાની સૈનિકોને તગેડી દીધા છે. ચોકીઓને સળગાવી પણ દીધી છે. કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાની સૈનિકો આ ચોકીઓ પર પાછા ફરવા તૈયાર નથી.હાલમાં તાલિબાન આ ચોકી પરથી આગળ વધવાની રણનીતિ પર કામ કરી રહ્યું છે. 24 ડિસેમ્બરની રાત્રે પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાનમાં બોમ્બમારો કર્યો હતો. જેમાં 46 અફઘાન નાગરિકો માર્યા ગયા હતા. મોકલ્યા છે. ટીટીપીના લડવૈયાઓ પણ તાલિબાનને સમર્થન આપે છે આ વખતે પાકિસ્તાન માટે વધુ મુશ્કેલીઓ છે. આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન (TTP)ના લડવૈયાઓ પણ અફઘાન તાલિબાન સાથે સરહદ પર તૈનાત છે.



### પાકિસ્તાનના આર્મી ચીફ મુનીર હવે અફઘાન તાલિબાન સામે મૌન

પાકિસ્તાની આર્મી ચીફ અસીમ મુનીર અત્યાર સુધી અફઘાન તાલિબાન સામે મૌન છે. મુનીરે 24મી ડિસેમ્બરે અફઘાન વિસ્તારોમાં પાકિસ્તાને કરેલી એરસ્ટ્રાઈક અંગે હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી. જાણકારોનું માનવું છે કે પાકિસ્તાન સૈન્ય જાહેરમાં નિવેદન આપીને અફઘાન તાલિબાન સાથે મોરચો ખોલવા માંગતી નથી.તાલિબાન સરકારે પાકિસ્તાન સરહદ પર તેના લડવૈયાઓના જમાવડ વચ્ચે ડૂરંડ લાઈનને સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે.

## FBIએ સ્વીકાર્યું કે ટ્રક હુમલો આતંકવાદી હુમલો હતો

(એજન્સી) વોશિંગ્ટન તા 03

FBIએ ગુરુવારે જણાવ્યું હતું કે શમસુદ્દીન જબ્બાર ન્યૂ ઓર્લિયન્સ હુમલામાં એકમાત્ર આતંકવાદી હતો અને તે ઈસ્લામિક સ્ટેટ (આઈએસઆઈએસ)નો સમર્થક હતો. તે આ વર્ષે જ ISISમાં જોડાયો હતો. આ હુમલામાં 14 લોકો માર્યા ગયા હોવાનું પણ જણાવ્યું હતું. આ પહેલા ન્યૂ ઓર્લિયન્સના કોરોનરે કહ્યું હતું કે હુમલામાં 15 લોકોનાં મોત થયા છે. એફબીઆઈના ડેપ્યુટી આસિસ્ટન્ટ ડાયરેક્ટર ક્રિસ્ટોફર રાયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે જબ્બારે ISISના સમર્થનમાં સોશિયલ મીડિયા પર વીડિયો પોસ્ટ કર્યા હતા. શરૂઆતમાં તેનો પ્લાન તેના પરિવાર અને મિત્રોને મારી નાખવાનો હતો. પરંતુ આમ કરવાથી તેનો 'વોર બિટવીન બિલીવર્સ એન્ડ નોન બિલીવર્સ'નો ઉદ્દેશ્ય પૂરો થતો નથી. રાયાએ ટાઈમલાઈનને જણાવ્યું કે જબ્બારે 30 ડિસેમ્બરે હ્યુસ્ટન ટેક્સાસમાં ટ્રક ભાડે લીધી હતી. પછી 31 ડિસેમ્બરની સાંજે ન્યૂ ઓર્લિયન્સ ગયા. તેણે પોતાના ફેસબુક એકાઉન્ટ પર ISISના સમર્થનમાં 5 વીડિયો પોસ્ટ કર્યા છે. પહેલા વીડિયોમાં જબ્બારે પોતાની જૂની યોજના વિશે જણાવ્યું. અમેરિકાના ન્યુ ઓર્લિયન્સમાં નવા વર્ષની ઉજવણી કરી રહેલા લોકોને 1 જાન્યુઆરીની રાત્રે એક ઝડપી પીકઅપ ટ્રકે કચડી નાખ્યા હતા. આ ઘટના રાત્રે 3.15 કલાકે બની હતી. ત્યારે શહેરની સૌથી વ્યસ્ત બોર્બન સ્ટ્રીટ પર હજારો લોકો ઉજવણી કરી રહ્યા હતા.




## પાકિસ્તાન સેનાએ 9 મેના હિંસા કેસમાં સ્વીકારી 19 દોષિતોની દયા અરજી! કેમ?

પાકિસ્તાન તા 03

પાકિસ્તાનમાં 9 મે, 2023ના રોજ થયેલી હિંસાના કેસમાં માનવતાના આધારે 19 દોષિતોની દયા અરજી સ્વીકારવામાં આવી છે. હિંસામાં ભૂમિકા બદલ લશ્કરી અદાલતોએ સજા ફટકારી છે.પાકિસ્તાની સેનાએ ગુરુવારે કહ્યું કે તેણે 9 મે, 2023 ના રોજ સૈન્ય મથકો પરના હુમલામાં સામેલ 19 દોષિતોની દયા અરજી સ્વીકારી લીધી છે. ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના સમર્થકોએ ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડ સામે ગુસ્સો વ્યક્ત કરવા માટે 9 મે, 2023ના રોજ રાવલપિંડીમાં આર્મી હેડક્વાર્ટર અને ફૈસલાબાદમાં આઈએસઆઈ બિલ્ડિંગ સહિત અનેક લશ્કરી સંસ્થાઓ પર હુમલો કર્યો હતો. પર હુમલો કર્યો હતો.હિંસા બાદ દેશભરમાં પાડવામાં આવેલા દરોડામાં સેંકડો શકમંદોની ધરપકડ કરવામાં આવી હતી. 100 થી વધુ નાગરિકોના કેસ ટ્રાયલ માટે લશ્કરી અદાલતોમાં મોકલવામાં આવ્યા હતા કારણ કે તેઓ લશ્કરી સ્થાપનો પરના હુમલામાં સામેલ હતા. ડિસેમ્બરમાં, લશ્કરી નાગરિકોને બે થી દસ વર્ષ સુધીની જેલની સજા ફટકારી હતી.

# અમેરિકામાં ટેક ઓફની 2 મિનિટમાં જ પ્લેન ક્રેશ, 2નાં મોત:18 ઘાયલ, 200 લોકો હાજર હતા એ મેન્યુફેક્ચરિંગ બિલ્ડિંગની છત સાથે પ્લેન અથડાયું

(એજન્સી) અમેરિકા તા 03

અમેરિકાના કેલિફોર્નિયામાં ગુરુવારે (ભારતીય સમય મુજબ મોડી રાત્રે) એક નાનું પ્લેન બિલ્ડિંગની છત સાથે અથડાયું અને ક્રેશ થયું. આ અકસ્માતમાં 2 લોકોનાં મોત થયા છે અને 18 લોકો ઘાયલ પણ થયા છે. હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. આ સિવાય હજુ એ સ્પષ્ટ નથી થયું કે મૃતકો પ્લેનમાં હતા કે જમીન પર. આ વિમાને ઓરેન્જ કાઉન્ટીના ફુલર્ટન મ્યુનિસિપલ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. તે ટેક ઓફ કર્યાની 2 મિનિટમાં જ ક્રેશ થઈ ગયું. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બિલ્ડીંગમાં લાગેલી આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. આસપાસના વિસ્તારને પણ ખાલી કરાવવામાં આવ્યો છે. જે બિલ્ડિંગ સાથે પ્લેન ટકરાયું હતું.



### પ્લેન ક્રેશ બાદ ઈમારતમાં આગ લાગી

પ્લેન ક્રેશ પછી લાગેલી આગને કારણે બિલ્ડિંગને વ્યાપક નુકસાન થયું હતું, જે એક વેરહાઉસ હતું જેમાં ફર્નિચર મેન્યુફેક્ચરિંગના મશીનો હતા. દરવાજા પરનાં નિશાન મુજબ, બિલ્ડિંગમાં ફર્નિચર અપહોલ્સ્ટરી કંપની માઈકલ નિકોલ્સ ડિઝાઈન્સનું છે. 18થી વધુ ઈજાગ્રસ્ત માહિતી અનુસાર સાઉથ કેલિફોર્નિયામાં એક વિમાન ક્રેશ થવાની જાણકારી મળી રહી છે.

**વિમાન 15 વર્ષ જૂનું હતું** સાઉથ કોરિયામાં આ અત્યાર સુધીની સૌથી ભયાનક વિમાન દુર્ઘટના છે. અધિકારીઓએ જણાવ્યું કે જેજુ એરનું વિમાન સિયોલથી લગભગ 290 કિલોમીટર દક્ષિણમાં મુઆન શહેરમાં લેન્ડિંગ વખતે ક્રેશ થયું હતું. એરક્રાફ્ટ 15 વર્ષ જૂનું બોઈંગ 737-800 હતું, જે બેંગકોકથી પરત ફરી રહ્યું હતું અને સ્થાનિક સમય અનુસાર સવારે બપોરે 2 વાગ્યે અકસ્માત થયો હતો. સ્થાનિક મીડિયાએ કહ્યું કે આ એક નાનું વિમાન હતું જે વેરહાઉસનાં ગોડાઉન સાથે ટકરાઈ ગયું. જેના લીધે બે લોકો મૃત્યુ પામ્યા છે જ્યારે 18 લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

## દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂનને તેમના નિવાસસ્થાનેથી એજન્સી અટકાયત કરી શકી નથી

દક્ષિણ કોરિયા | તા 03

શુક્રવારે, ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી રાષ્ટ્રપતિ યુન સુક યેઓલના નિવાસસ્થાને પહોંચી, જેઓ દક્ષિણ કોરિયામાં માર્શલ લૉ લાગુ કરવાના કેસમાં મહાભિયોગનો સામનો કરી રહ્યા છે. પરંતુ એજન્સીએ કહ્યું કે તે આ કાર્યમાં નિષ્ફળ ગઈ છે. સિઓલ: ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલને તેમના નિવાસસ્થાનથી અટકાયત કરી શકી નથી. આજે શુક્રવારે, એજન્સી તેમને મહાભિયોગ કેસમાં કસ્ટડીમાં લેવા માટે રાષ્ટ્રપતિ આવાસ પર પહોંચી હતી. પરંતુ ત્યાં કલાકોની નાટકીય ઘટનાઓ પછી, તેણે પાછા વળવું પડ્યું. એજન્સીએ જણાવ્યું હતું કે તે રાષ્ટ્રપતિ યુનને તેમના નિવાસસ્થાન પર કલાકો સુધી ચાલેલા મડાગાંઠ પછી અટકાયત કરવામાં નિષ્ફળ રહી હતી. તમને જણાવી દઈએ કે દક્ષિણ કોરિયાની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીએ શુક્રવારે દેશના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલને અટકાયતમાં લેવા વોરંટ ચલાવવા માટે તપાસકર્તાઓને સિઓલ મોકલ્યા હતા, જેઓ મહાભિયોગનો સામનો કરી રહ્યા છે, જ્યાં સેંકડો સમર્થકો યુનના નિવાસસ્થાને એકઠા થયા હતા. ઉચ્ચ કક્ષાના અધિકારીઓ સામેના ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરતી ઓફિસના તપાસકર્તાઓ વહેલી સવારે ગ્વાચેઓન શહેરમાં તેમનું મુખ્ય મથક છોડતા જોવા મળ્યા હતા. કોર્ટે તેને કસ્ટડીમાં લેવા વોરંટ જારી કર્યું હતું નોંધનીય છે કે દક્ષિણ કોરિયાની એક અદાલતે તાજેતરમાં યૂન સુક યેઓલની અટકાયત કરવા અને તેની ઓફિસની તપાસ માટે વોરંટ જારી કર્યું હતું. તપાસ એજન્સીએ એક નિવેદનમાં કહ્યું હતું કે 'સિઓલ વેસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે' આ મહિનાની શરૂઆતમાં લાદવામાં આવેલા ટૂંકા ગાળાના માર્શલ લો સંબંધિત કેસમાં યુન સુક યેઓલની અટકાયત કરવા અને રાષ્ટ્રપતિ કાર્યાલયની તપાસ માટે વોરંટ જારી કર્યું છે.

બંને કેસોની અલગ-અલગ તારીખની પ્રતિકૂળ અસરો ન પડે તેમજ અસરકારક નિર્ણય લઈ શકાય

# અદાણી વિરૂદ્ધ લાંચ અને છેતરપિંડીના કેસમાં યુએસ કોર્ટના મહત્ત્વના આદેશ



(એજન્સી) નવી દિલ્હી | તા. 03

અમેરિકામાં અદાણી ગ્રૂપ વિરૂદ્ધ ચાલી રહેલા ગુનાઈત અને લાંચના કેસની સુનાવણી અને ચુકાદો એક જ જજ સમક્ષ રજૂ કરાશે. યુએસ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન તેમજ ન્યૂયોર્કની ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટે અદાણી ગ્રૂપના કેસની અસરકારક અને સચોટ ચુકાદા માટે એક જ જજ સમક્ષ રજૂ કરવા આદેશ આપ્યો છે. અદાણી ગ્રૂપની અદાણી ગ્રીન એનર્જી બોર્ડના સભ્યો, પ્રમોટર્સ વિરૂદ્ધ 265 મિલિયન ડોલર (રૂ. 2000 કરોડ) ની લાંચનો આરોપ મૂકાયો છે. તેમજ અમેરિકાના રોકાણકારો સાથે છેતરપિંડી કરી હોવાનો પણ કેસ દાખલ થયો છે. આ બંને સિવિલ અને ક્રિમિનલ કેસની સુનાવણી એક જ જજ સમક્ષ રજૂ કરવાનો આદેશ અપાયો છે. જેથી બંને કેસોની અલગ-અલગ તારીખની પ્રતિકૂળ અસરો ન પડે તેમજ અસરકારક નિર્ણય લઈ શકાય.

## ડિસ્ટ્રિક્ટ જજ આપશે ચુકાદો

અદાણી ગ્રૂપ વિરૂદ્ધ સિવિલ અને ક્રિમિનલ કેસનો ચુકાદો અને સુનાવણી યુએસ ડિસ્ટ્રિક્ટ જજ ગરૌફીસ સંભાળશે. પરંતુ બંને કેસને અલગ અલગ સાંભળવામાં આવશે. બંને કેસના ચુકાદા અને આદેશ પણ અલગ અલગ રહેશે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે સ્પષ્ટતા કરી છે કે, બંને કેસોની સંયુક્ત સુનાવણી કે ચુકાદો અપાશે નહીં.

## નવેમ્બરમાં અદાણી ગ્રૂપ વિરૂદ્ધ કેસ

ગતવર્ષે નવેમ્બરમાં અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી, તેમના ભત્રીજા વિરૂદ્ધ છેતરપિંડી તેમજ અદાણી ગ્રીન એનર્જી માટે નવો કોન્ટ્રાક્ટ મેળવવા ભારતના અમુક સરકારી અધિકારીઓને 265 મિલિયન ડોલરની લાંચ આપી હોવાનો આરોપ મૂકાયો હતો. જો કે, અદાણી ગ્રૂપે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા.

## ચંદ્રાબાબુ નાયડુનો કાર્યવાહીનો ઈનકાર

265 મિલિયન ડોલરની લાંચના આરોપમાં આંધ્રપ્રદેશનું નામ પણ બહાર આવ્યું હતું. જો કે, રાજ્યના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ ગત ગુરૂવારે જ આ મુદ્દે સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે, અદાણી ગ્રૂપ વિરૂદ્ધ મૂકવામાં આવેલા આરોપોના કોઈ પુરાવા મળ્યા નથી. તેથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહીં. વધુમાં અદાણી ગ્રૂપ વિરૂદ્ધ આરોપો મૂકનારા યુએસ એટર્ની બ્રેઓન પીસે થોડા સપ્તાહ પહેલાં જ રાજીનામું આપી દીધું હતું.

## અદાણી ગ્રૂપના શેર્સ કડડભૂસ

અદાણી ગ્રૂપ વિરૂદ્ધ યુએસ કોર્ટની કાર્યવાહીના પગલે અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર 19 નવેમ્બરની તુલનાએ 8 ટકા તૂટ્યા છે. અદાણી ગ્રીન એનર્જી 26 ટકા તૂટ્યો હતો. અમેરિકાના રોકાણકારો સાથે છેતરપિંડી કરી હોવાનો પણ કેસ દાખલ થયો છે. અલગ-અલગ તારીખની પ્રતિકૂળ અસરો ન પડે તેમજ અસરકારક નિર્ણય લઈ શકાય.

# CM ભૂપેન્દ્ર પટેલે CREDAI 'પ્રોપર્ટી શો GUJCON' નું ઉદ્ઘાટન કર્યું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ આપેલા મંત્ર 'સૌના સાથ સૌના વિકાસ'ને અનુસરીને જનતાની દરેક સમસ્યા-ગુચવણનો ઉકેલ લાવવા છે. રાજ્યના બિલ્ડર્સ, રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલા ઉદ્યોગસાહસિકો એ 'વિકસિત ભારત'ના નિર્માણમાં અગ્રણી સહયોગીઓ છે ત્યારે તેમની દરેક સમસ્યા રજૂઆતો બાબતે પરામર્શ કરવા સરકાર સક્રિય છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદમાં કન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન્સ ઓફ ઈન્ડિયા (CREDAI) દ્વારા આયોજિત 'પ્રોપર્ટી શો GUJCON' નું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, એફોર્ડેબલ હાઉસિંગની ડેફીનેશન- કોન્સેપ્ટને રિવાઈઝ કરવાની જરૂર છે.

નાના મકાન 1BHK, 2BHK વધુ સંખ્યામાં કેવી રીતે બનાવી શકાય અને તે માટે ડેવલોપર્સને કઈ ફેસિલિટીની જરૂર છે, તેની ચર્ચા કરવા સરકાર તૈયાર છે.મુખ્યમંત્રીએ જંત્રી સંલગ્ન તેમજ FSI માં છૂટ સહિતના તમામ રાહતના લાભ છેક છેવાડાના માનવી અર્થાત મકાન ખરીદનાર સુધી પહોંચે તેવી હિમાયત ડેવલોપર્સ સમૂહને કરી હતી.

પોલીસ સ્ટેશનની બહાર ભેગા થઈને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી

# ભાજપ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ ગેંગસ્ટર એક્ટમાં ધરપકડથી હોબાળો

(એજન્સી) ગા ઝિયાબાદ | તા. 03

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં પોલીસે ભાજપ યુવા મોરચાના એખ પદાધિકારીની ગેંસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરી છે. આ ધરપકડથી નારાજ યુવા મોરચાના કાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ સાથે કાર્યકર્તાઓની પોલીસ સાથે બોલાચાલી પણ થઈ હતી. કાર્યકર્તાઓએ આરોપ લગાવ્યો કે, તેમના નેતાને ખોટી રીતે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે. ગાઝિયાબાદની ખોડા પોલીસે ભાજપ યુવા મોરચાના મંડળ અધ્યક્ષ અનુજ કસાનાની ગેંગસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરી છે. બુધવારે મોડી સાંજે થયેલી ધરપકડ બાદ યુવા મોરચાના કાર્યકર્તાઓએ વિરોધ પ્રદર્શન શરૂ કરી દીધુ હતું. ગુરૂવારે (2 જાન્યુઆરી) મોટી



સંખ્યામાં કાર્યકર્તા ઈન્દિરાપુરમ પોલીસ સ્ટેશનની બહાર ભેગા થઈને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી.

આ મામલે એસપી ઈન્દિરાપુરમ સ્વતંત્ર સિંહે કહ્યું કે, પોલીસની કાર્યવાહી કાયદા મુજબ જ હતી. અનુજ કસાનાની ધરપકડ ખોડા પોલીસ સ્ટેશનમાં તેના અને તેના ભાઈ અમિત કસાના સામે નોંધવામાં આવેલાં છેલ્લાં બે ગુનાહિત કેસને લઈને કરવામાં આવી છે. જેમાં ગોળીબાર, જબરદસ્તી વસૂલીના આરોપનો સમાવેશ થાય છે. આ મુદ્દે પોલીસ વિધિવત કાર્યવાહી કરી રહી છે.

## પોલીસ સ્ટેશનની બહાર કર્યો વિરોધ

પાંચ કલાકથી વધુ સમય સુધી વિરોધ પ્રદર્શન કરી રહેલાં ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓએ સ્થાનિક તંત્ર અને પોલીસ સામે નારા લગાવ્યા હતાં. આ સાથે આરોપ લગાવ્યો કે, અમારા નેતાને ખોટી રીતે નિશાનો બનાવવામાં આવી રહ્યો છે. ખોડા મંડળ અધ્યક્ષ અનુજ કસાનાની ધરપકડ રાજકારણથી પ્રેરિત છે. આ મુદ્દે ભાજપ યુવા મોરચાના એક પ્રમુખ પદાધિકારી સચિન ડેઢાએ દાવો કર્યો કે, કસાનાને નિયમિત રીતે તપાસના બહાને ઈન્દિરાપુરમ પોલીલ સ્ટેશન બોલાવવામાં આવતો હતો. જોકે, બાદમાં તેની કોઈપણ પૂર્વ સૂચના અથવા સ્પષ્ટીકરણ આપ્યા વિના ગેંગસ્ટર એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

## ધારાસભ્યે મામલો થાળે પાડ્યો

નોંધનીય છે કે, ગુરૂવારે સવારે 11 વાગ્યાથી સાંજે ચાર વાગ્યા સુધી પોલીસ કાર્યવાહીના વિરોધમાં ભાજપ યુવા મોરચાના કાર્યકર્તાઓએ પોલીસ સ્ટેશનની બહાર હોબાળો કરતા પ્રદર્શન કર્યા હતાં. ચાર વાગ્યે જ્યારે સ્થાનિક ભાજપ ધારાસભ્યએ પોલીસ ઓફિસર સાથે વાતચીત કરી ત્યારે જતા મામલો શાંત થયો. ધારાસભ્યએ પ્રદર્શનકારીઓને કહ્યું કે, આ મામલે નિષ્પક્ષ તપાસ થશે. ધારાસભ્યના આશ્વાસન મળ્યા બાદ પ્રદર્સનકારીઓ પોલીસ સ્ટેશનથી જતા રહ્યાં.

બિહારના બેતિયા ગામમાં સન્નાટો

# રેલવે ટ્રેક પર બેસી પબજી રમતાં 3 મિત્રો ટ્રેન નીચે કપાયા

(એજન્સી) બિહાર | તા. 03

બિહારના બેતિયામાં માનસા ટોલા ગુમતી નજીક ટ્રેનની અડફેટે ત્રણ કિશોરોના મૃત્યુ નિપજ્યાં હતા. આ દુર્ઘટના મુઝફ્ફરપુર-નરકટિયાગંજ પર બેતિયા અને મજોલિયા રેલવે સ્ટેશન વચ્ચે મનસા ટોલા ગુમતી નજીક સર્જાઈ હતી. રેલવે ટ્રેક પર બેસીને ત્રણ કિશોરો મોબાઈલ પર પબજી ગેમ રમી રહ્યા હતા.પોલીસના જણાવ્યાનુસાર, મુઝફ્ફરપુર-નરકટિયાગંજ પર બેતિયા અને મજોલિયા રેલવે સ્ટેશનની વચ્ચે માનસા ટોલા ગુમતી પાસે ટ્રેનની અડફેટે ત્રણ સગીર મિત્રોના મોત થયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકોએ મૃતકના સંબંધીઓને જાણ કરી હતી, ત્યારબાદ પરિવારજનોએ તેમના



મૃતદેહને બહાર કાઢ્યો હતો. અહેવાલો અનુસાર, રેલવે ટ્રેક પર બેસીને ત્રણેય મિત્રો પોતાના મોબાઈલમાં ગેમ રમી રહ્યા હતા અને ત્રણેયએ કાનમાં ઈયરફોન પહેર્યા હતા. દરમિયાન મુઝફ્ફરપુરથી નરકટિયાગંજ જતી મેમુ ટ્રેનની ટક્કરથી ત્રણેયના ઘટનાસ્થળે જ મોત થયા હતા. મૃતકોની ઓળખ બારી ટોલાના રહેવાસી તરીકે થઈ છે. ત્રણેય એક જ ગામના રહેવાસી હતા.

# યુરિયામાંથી નકલી ઘી બનાવી 18 બ્રાન્ડના નામે બજારમાં ધૂમ વેચાણ, 2500 કિલો રૉ મટીરિયલ પકડાયું

(એજન્સી) આગ્રા | તા. 03

ઉત્તરપ્રદેશના આગ્રામાં પતંજલિ, અમૂલ અને પારસ જેવી પ્રચલિત બ્રાન્ડના નામે નકલી દેશી ઘી બનાવતી ફેક્ટરીઝ ઝડપાઈ છે. આ ફેક્ટરીઝ ભારતના તમામ મોટા શહેરોમાં પ્રચલિત બ્રાન્ડના નામે નકલી ઘી સપ્લાય કરવામાં આવી રહ્યું હતું. આ ફેક્ટરીઝ યુરિયા અને અન્ય ખતરનાક કેમિકલ ભેળવીને ઘી તૈયાર કરી રહી હતી. તેઓ 18 મોટી બ્રાન્ડના સ્ટિકર લગાવીને આ છેતરપિંડી કરતા હતાં.આ નકલી ઘીનો સપ્લાય ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડમાં થઈ રહ્યો હતો. જેમાં પામ ઓઈલ અને યુરિયા જેવા હાનિકારક પદાર્થોની ભેળસેળ થતી હતી. પોલીસે દરોડા પાડી ફેક્ટરીમાંથી આશરે 2500 કિગ્રા રૉ મટિરિયલ અને નકલી ઘી જપ્ત કર્યું હતું.

# પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ દ્વારા પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે 'લેખન-કૌશલ્ય અને પત્રકારત્વ' અંગે પરિસંવાદ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આજે એ.એમ.એ., અમદાવાદ ખાતે માહિતી નિયામકશ્રી કે.એલ. બચાણીના અધ્યક્ષસ્થાને પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે 'લેખન-કૌશલ્ય અને પત્રકારત્વ' અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વરિષ્ઠ પત્રકાર અને સંપાદક અજય ઉમટ, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, વરિષ્ઠ પત્રકારશ્રી કેતન ત્રિવેદી તથા લેખક રમેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને પત્રકારત્વના સાંપ્રત પ્રવાહો તથા માહિતી ખાતાની ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તકે માહિતી ખાતાના ઉત્તર ગુજરાત ઝોનના વિવિધ જિલ્લાઓના પ્રતિભાશાળી કર્મયોગીઓને શ્રેષ્ઠ લેખ, સાફલ્ય ગાથા અને પ્રાકૃતિક કૃષિની સ્ટોરી માટે વિવિધ કેટેગરીમાં પારિતોષિક આપવામાં આવ્યાં હતાં. આ તકે પ્રસંગોચિત માર્ગદર્શન આપતાં માહિતી નિયામક કે.એલ.બચાણીએ જણાવ્યું હતુ કે આપણા લેખો હંમેશાં જનકલ્યાણની ભાવનાથી પ્રેરાયેલા હોવા જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે પત્રકારત્વના મૂળ સિદ્ધાંત સંવાદ, સંપર્ક અને સૂત્રના આધારે લખાણમાં નાવીન્ય આવે છે. તેમણે કહ્યું કે માહિતી ખાતું અને પત્રકારોની કામગીરી એકબીજાની સમાંતર અને નજીકની છે. માહિતી નિયામકએ જણાવ્યું હતું કે, એઆઈ ટેકનોલોજીના પ્રભાવ વચ્ચે પણ લખાણ આજે પણ પ્રસ્તુત છે, સમાજ સુધી પહોંચવા માટે જવાબદારીપૂર્વક લખેલું લખાણ સમાજ માટે નવી રાહ બને છે. પરિસંવાદના મુખ્ય અતિથિ અને વરિષ્ઠ પત્રકાર અજય ઉમટે સાંપ્રત સમયમાં માહિતીના વિસ્ફોટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતાં વ્યાપ વચ્ચે પણ લખાણ અને સર્જનાત્મકતાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે આજે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના કારણે ચોમેરથી અઢળક માહિતી મળતી થઈ છે, પરંતુ તેના કારણે સંપાદકોની જવાબદારી પણ વધી છે. આજે લોકમત ઊભો કરવામાં ન્યૂ મીડિયા અને ઈન્ટરનેટનો હિસ્સો પણ મહત્ત્વનો બની ગયો છે.

કોલ્હાપુરમાં 'મૃતદેહ' લઈ જવાતી વખતે ગજબની ઘટના

# એમ્બ્યુલન્સ સ્પીડ બ્રેકર પર ઉછળતાં મૃત જાહેર થયેલા વૃદ્ધ જીવતા થયા

(એજન્સી) કોલ્હાપુર | તા. 03

કોલ્હાપુર જિલ્લામાં વયોવૃદ્ધ હોસ્પિટલમાં મૃત્યુ પામેલા જાહેર કરાયા બાદ ઘરે 'મૃતદેહ' લઈ જતી વખતે એક સ્પીડ બ્રેકર પર એમ્બ્યુલન્સ ઉછળી હતી અને તે સાથે જ આ વૃદ્ધના શરીરમાં ફરી પ્રાણનો સંચાર થયો હતો. મૃત વ્યક્તિને એક સ્પીડ બ્રેકરને કારણે જાણે નવજીવન મળ્યું હતું. દેખીતી રીતે જ હોસ્પિટલના તબીબોએ વૃદ્ધને મૃત્યુ પામેલા જાહેર કરવામાં દાખવેલી ઉતાવળના કારણે સર્જાયેલો મનાતો આ કિસ્સો લોકચર્ચાનો વિષય બની ગયો છે. કોલ્હાપુર જિલ્લાના કસ્બા બાવડા ગામના 65 વર્ષના પાંડુરંગ ઉલ્પે નામના વારકરી સંપ્રદાયના વૃદ્ધજનને ગઈ 16મી ડિસેમ્બરે હાર્ટએટેક આવતા પરિવારજનો ખાનગી



હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલમાં ડોક્ટરોએ તેમને તપાસીને મૃત ઘોષિત કર્યા હતા. આથી હોસ્પિટલમાંથી તેમના મૃતદેહને એમ્બ્યુલન્સમાં ઘરે લઈ જવાની તૈયારી કરવામાં આવી હતી.મૃતકના ઘરે અંતિમવિધિની તૈયારી શરૂ થઈ ગઈ હતી. અને પરિવારજનો રોકકળ કરવા માંડયા હતા. જોકે, થોડા સમયમાં જ પરિસ્થિતિએ અકલ્પનીય વળાંક લીધો હતો. મૃતકના પત્નીએ જણાવ્યું હતું કે મૃતદેહને અમે હોસ્પિટલથી ઘર તરફ લઈ જતા હતા ત્યારે સ્પીડ બ્રેકર આવતા એમ્બ્યુલન્સ ઉછળી હતી.

# 40 વર્ષ બાદ ભોપાલ ગેસ ત્રાસદીનો ઝેરી કચરો ઉપાડાયો, ટ્રકો ભરીને ડિસ્પોઝ કરવા રવાના કરાયો

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

લગભગ 40 વર્ષ પહેલાં મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં ગેસ ત્રાસદી થઈ હતી. તેમાં 5 હજારથી વધુ લોકોના મોત થયા હતા. આ ત્રાસદીને માનવ ઈતિહાસની સૌથી મોટી આફતમાંથી એક ગણવામાં આવે છે. એક લાંબા ગાળા બાદ તેને બંધ પડેલા યૂનિયન કાર્બાઈડ કારખાનામાંથી લગભગ 377 ટન ખતરનાક કચરો હટાવવામાં આવ્યો છે. થોડા દિવસોમાં મોટી સંખ્યામાં લોકો પીથમપુરમાં આ કચરાના વિરોધમાં માર્ચ નિકાળી રહ્યા હતા. મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું કે કચરાને નિકાળતાં પહેલાં ઘણા પ્રયોગ કરવામાં આવ્યા છે અને સંબંધિત વિભાગોથી પરામર્શ બાદ આ નિર્ણય લેવામાં આવશે. કચરાને હટાવવાની પ્રક્રિયા 1 જાન્યુઆરીની રાત્રે શરૂ કરવામાં આવી હતી. ઝેરી કચરાને 12 સીલબંધ કન્ટેનર ટ્રકોમાં ભરીને ભોપાલથી 250 કિલોમીટર દૂર ધાર જિલ્લાના પીથમપુર ઔદ્યોગિક વિસ્તારમાં લઈ જવામાં આવ્યો.





## હાઈકોર્ટે સરકારને લગાવી હતી ફટકાર

તમને જણાવી દઈએ કે, મધ્યપ્રદેશ હાઈકોર્ટે 3 ડિસેમ્બરે 4 અઠવાડિયાની અંદર ફેક્ટરીમાંથી ઝેરી કચરાને શિફ્ટ કરવાની ડેડલાઈન આપી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, આ ખેદજનક સ્થિતિ છે. કોર્ટે સરકારને ચેતવણી આપી હતી કે, જો સૂચનાઓનું પાલન નહીં કરવામાં આવે તો કોર્ટના અવમાન હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ એસ કે કૈત અને જસ્ટિસ વિવેક જૈનની ડિવિઝનલ બેન્ચે આકરી ટિપ્પણી કરતાં કહ્યું હતું કે, 'અમને એ નથી સમજાતું કે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ દ્વારા સમયાંતરે નિર્દેશો આપવા છતાં પણ ઝેરી કચરો હટાવવાનું કામ કેમ શરુ થયું નથી, જ્યારે કચરો હટાવવાની યોજના 23 માર્ચ 2024ની હતી. આ મુદ્દે આગામી સુનાવણી 6 જાન્યુઆરીએ હાઈકોર્ટમાં થશે.

**GPSથી સજ્જ ટ્રક સવાર-સવારમાં ફેક્ટરી પહોંચી |** ઝેરીલા કચરાને ઈન્દોર લઈ જવા માટે સવારમાં GPSથી સજ્જ અડધો ડઝન ટ્રક યુનિયન કાર્બાઈડ ફેક્ટરી સાઈટ પર પહોંચી હતી. તેની સાથે લીક પ્રૂફ કન્ટેનર પણ હતા. ઘટના સ્થળ પર PPE કીટ પહેરેલા કર્મચારીઓ, ભોપાલ નગર નિગમના કર્મચારીઓ, પર્યાવરણીય એજન્સીઓના લોકો, ડૉક્ટરો અને કચરાનો નિકાલ કરનારા નિષ્ણાતો પણ હાજર હતા. ફેક્ટરીની આસપાસ પોલીસ જવાનોને પણ તહેનાત કરી દેવામાં આવ્યા છે. એજન્સીના સૂત્રોએ જણાવ્યું કે, યોજના હેઠળ ઈન્દોરના પીથમપુરામાં ઝેરી કચરાને બાળવામાં આવશે. આ વિસ્તાર રાજધાની ભોપાલથી લગભગ 250 કિલોમીટર દૂર છે.

1940ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડમાં સંઘની એક શાખામાં મુલાકાતે પહોંચ્યા હતા

# 'ડૉ. આંબેડકર અને ગાંધીજીએ RSS શાખાની મુલાકાત લીધી હતી', સંઘે પેપર કટિંગ બતાવ્યાં

(એજન્સી) નવી દિલ્હી | તા. 03

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) તેના શતાબ્દી વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. ત્યારે આ ખાસ અવસર પર આરએસએસએ દાવો કર્યો છે કે મહાત્મા ગાંધી અને ડૉ. આંબેડકર સંઘની શાખાની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અનુસાર, મહાત્મા ગાંધીએ વર્ષ 1934માં સંઘની શિબિરની મુલાકાત લીધી હતી. જ્યારે ડૉ. આંબેડકર વર્ષ 1940માં સંઘની શાખાની મુલાકાતે ગયા હતા. નોંધનીય છે કે, આરએસએસએ પોતાના દાવાના સમર્થનમાં એક પેપરનું કટિંગ પણ બતાવ્યું છે. આરએસએસના વિશ્વ સંવાદ કેન્દ્ર અનુસાર, મહાત્મા ગાંધીએ વર્ષ 1934માં વર્ધામાં આરએસએસની શિબિરમાં પહોંચ્યા હતા. આ મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે ભારત આઝાદીની લડાઈ લડી રહ્યું હતું અને ગાંધીજીના વિચારોની સમગ્ર





દેશ પર ઊંડી અસર પડી હતી.'વિશ્વ સંવાદ કેન્દ્રે નિવેદનમાં એમ પણ કહ્યું કે, 'ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકર બીજી જાન્યુઆરી 1940ના રોજ મહારાષ્ટ્રના સતારા જિલ્લાના કરાડમાં સંઘની એક શાખામાં મુલાકાતે પહોંચ્યા હતા. આ દરમિયાન તેઓ સંઘના સ્વયંસેવકોને મળ્યા અને સંબોધન પણ કર્યું.'વિશ્વ સંવાદ કેન્દ્રના જણાવ્યા અનુસાર, સંઘની શાખાની મુલાકાત દરમિયાન ડૉ. આંબેડકરે સંબોધન કરતા જણાવ્યું હતુ કે, 'મારા અને સંઘ વચ્ચે કેટલાક મુદ્દાઓ પર મતભેદ હોઈ શકે છે, પરંતુ તેમ છતાં હું સંઘને સંબંધની ભાવનાથી જોઉં છું.' નવમી જાન્યુઆરી 1940ના રોજ પૂણેના પ્રખ્યાત મરાઠી દૈનિક 'કેસરી'માં ડૉ. આંબેડકરની આ મુલાકાત અંગેના સમાચાર પ્રકાશિત થયા હતા. આ સમાચારમાં ડૉ. આંબેડકરની સંઘ શાખાની મુલાકાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

સર્વેનો રિપોર્ટ સીલબંધ

# સંભલની જામા મસ્જિદનો રિપોર્ટ સીલબંધ કવરમાં કોર્ટને સુપરત

નવી દિલ્હી : જામા મસ્જિદમાં હરિહર મંદિર હોવાનો દાવો રજૂ કરવામાં આવ્યા બાદ નીમવામાં આવેલાં એડવોકેટ કમિશનર દ્વારા બે તબક્કામાં કરવામાં આવેલાં મસ્જિદના સર્વેનો રિપોર્ટ સીલબંધ કવરમાં સિવિલ જજ સિનિયર ડિવિઝન આદિત્ય સિંહની અદાલતમાં બંને પક્ષોના વકીલોની હાજરીમાં ગુરૂવારે સુપરત કરવામાં આવ્યો હતો. બુધવારે જામા મસ્જિદની ઈન્તઝામિયા કમિટીએ સર્વે રિપોર્ટ વહેલો સુપરત કરવા વિનંતી કરી હતી. ૪૫ પાનાંના આ સર્વે રિપોર્ટમાં ૧૨૦૦ ફોટો અને ત્રણ કલાકનું વિડિયો ફૂટેજ પણ સામેલ છે.

૧૯ નવેમ્બરે સુપ્રીમ કોર્ટના વકીલ વિષ્ણુ શંકર જૈને આઠ લોકોની તરફથી દાવો કર્યો હતો કે સંભલની જામા મસ્જિદની અંદર હરિહર મંદિર આવેલું છે. અદાલતે એ જ દિવસે સર્વે કરવાનો આદેશ આપ્યો હતો અને વકીલ રમેશસિંહને એડવોકેટ કમિશનર નીમ્યા હતા. ૧૯ નવેમ્બરે જ સાંજે એડવોકેટ કમિશનરની સાથે બંને પક્ષોના લોકોએ જામા મસ્જિદ પહોંચી ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી કરાવી હતી. દોઢ કલાક સર્વે થયા બાદ ભીડ બેકાબૂ બનતાં અને અંધારૂ થઈ જતાં સર્વેની કામગીરી બંધ કરવામાં આવી હતી.

# સિટી એક્સપ્રેસ

SATURDAY 04 JANUARY-2025

AHMEDABAD




**અમદાવાદમાં ફ્લાવર શોમાં પહેલા દિવસે સાંજે 6 વાગ્યા સુધીમાં 13 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી. જેથી કુલ 9 લાખથી વધુની આવાક થઈ છે**

# ફ્લાવર શોમાં પહેલા જ દિવસે 9 લાખથી વધુની આવક, લોકોએ મન મૂકીને આનંદ માણ્યો

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદમાં ફ્લાવર શોનું મહાનગર પાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. જેમા પહેલા દિવસે સાંજે 6 વાગ્યા સુધીમાં 13 હજારથી વધુ લોકોએ મુલાકાત લીધી. જેથી કુલ 9 લાખથી વધુની આવાક થઈ છે. આપને જણાવી દઈએ કે 22 જાન્યુઆરી સુધી મહાનગર પાલિકા દ્વારા ફ્લાવર શો નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા આજથી ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજથી ફ્લાવર શોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જોકે આજે પહેલા જ દિવસે સાંજે 6 વાગ્યા સુધીમાં 13266 લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી. જેમાં મહાનગર પાલિકાને કુલ 9,59,950 રૂપિયાની આવક થઈ છે. મુલાકાતીઓ દ્વારા યુપીઆઈ, ઓનલાઈન અને રોકડેથી ટિકિટ ખરીદવામાં આવી રહી છે. 22 જાન્યુઆરી સુધી સાબરમતી રિવરફ્રન્ટ પર ફ્લાવર શોની જમાવટ જોવા મળશે. ફ્લાવર શોમાં દેશના વિકાસ, સંસ્કૃતિ અને વારસાનું પ્રદર્શન જોવા મળશે. લગભગ 15 કરોડના ખર્ચે ફ્લાવર શોનું આયોજન કરાયું છે. જેમાં ફૂલોમાંથી વિવિધ સ્કલ્પચર બનાવવામાં આવ્યું છે.




સ્કલ્પચરની માહિતી ઓડિયો દ્વારા આપવામાં આવશે. કિર્તી સ્તંભની પ્રતિકૃતિ, ૩ એન્ટ્રન્સ વોલની પ્રતિકૃતિ, આર્ચીસની પ્રતિકૃતિ, કેનોપીની પ્રતિકૃતિ, કેનિયન વોલની પ્રતિકૃતિ, ગરબા કરતી મહિલાઓની પ્રતિકૃતિ, હયાત મોરનાં સ્ટ્રક્ચરમાં ફ્લાવર લગાવી પ્રદર્શની કરાશે. કુલ 20 દિવસ સુધી 20 લાખથી વધુ રોપાથી અમદાવાદ રિવરફ્રન્ટ મહેકતું રહેશે. અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા આજથી ફ્લાવર શોનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજથી ફ્લાવર શોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જોકે આજે પહેલા જ દિવસે સાંજે 6 વાગ્યા સુધીમાં 13266 લોકોએ ફ્લાવર શોની મુલાકાત લીધી. જેમાં મહાનગર પાલિકાને કુલ 9,59,950 રૂપિયાની આવક થઈ છે. મુલાકાતીઓ દ્વારા યુપીઆઈ, ઓનલાઈન અને રોકડેથી ટિકિટ ખરીદવામાં આવી રહી છે.

**7 લાખથી વધુ રોપા સાથેની 400 ફૂટની ક્રેનિયલ વોલ પણ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. અહીં 10 લાખથી વધુ ફૂલો અને 30 થી વધુ સ્કલ્પચર્સ મૂકવામાં આવ્યા છે. પ્રકૃતિ અને સંસ્કૃતિના સંગમ સમાન આ ફ્લાવર શોની મુલાકાત પ્રવાસીઓને આકર્ષશે. બાળકો માટેના વિવિધ આકર્ષણો જેવા કે સોવેનિયર શોપ, નર્સરી, ફૂડ સ્ટોલ બધુ જ છે.**

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉદ્ઘાટન

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ફ્લાવર શો 2025નું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ વખતે કુલ 6 ભાગમાં ફ્લાવર શો જોવા મળશે. ફ્લાવર શોમાં પહેલી વાર ઓડિયો ગાઈડ આપવામાં આવશે.

# ઓઢવમાં પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી પતિએ કર્યો હત્યાનો પ્રયાસ



(એજન્સી) અમદાવાદ | તા 03

ઓઢવમાં પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી પતિએ લોખંડના સળિયાના ફટકા મારીને પત્નીની હત્યાનો પ્રયાસ કર્યો હતો. જેમાં પત્નીને હોસ્પિટલમાં લઈ જતા હેમરેજ થયું હોવાનું સામે આવ્યુ છે. જે અંગે પત્નીના ભાઈએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પતિ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ઓઢવ પોલીસે આરોપી કનુભાઈ માછીની ધરપકડ કરી છે. જે રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવે છે. સાથે જ તેમની પત્ની સાધના પણ અલગ અલગ જગ્યાએ મજુરી કરે છે. જોકે સાધનાનો પતિ કનુભાઈ તેને નોકરી ન કરવા દબાણ કરતો હતો અને તેની પાછળનું કારણ એ હતું કે કનુ માછીને તેની પત્નીના ચારિત્ર્ય પર શંકા હતી અને તે અન્ય લોકો સાથે સંબંધ રાખે છે. જે શંકાના આધારે તે સાધના જ્યાં કામ કરતી હતી, ત્યાં પહોંચી તેના પર જીવલેણ હુમલો કર્યો હતો. તેથી પોલીસે તેની ધરપકડ કરી છે. આરોપી કનુની ધરપકડ કરી તપાસ કરતા સામે આવ્યું કે સાધનાબેને પહેલા પતિ સાથે 8 વર્ષ પહેલા છુટાછેડા લીધા હતા. જે બાદ બે વર્ષ પહેલા કનુભાઈ માછી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. બાદમાં બંને ઓઢવમાં ભાડેથી રહેતા હતા. જેમાં કનુભાઈ રિક્ષા ચલાવે છે અને સાધના છૂટક મજૂરી કરે છે. બુધવારે બપોરના સમયે સાધનાબેન વેપારી મહામંડળ ખાતે આવેલ મિલમાં કામ કરતા હતા. તે સમયે પતિ કનુ ત્યાં જઈને સાધના સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં લોખંડના સળિયાના બે-ત્રણ ફટકા મારતા સાધનાબેન લોહીલુહાણ થઈ ગયા હતા. તેમજ બેભાન થઈને ઢળી પડ્યા હતા. જેથી આસપાસના લોકો સાધનાબેનને સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા. જેમાં તેમને હેમરેજ થયુ હોવાનું સામે આવ્યુ હતુ.

### પોલીસે હુમલાખોર પતિની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી



પત્ની પર જીવલેણ હુમલો કરનાર પતિ કનુભાઈના પણ આ ત્રીજા લગ્ન છે. જેથી તેને શંકા હતી કે જો પત્ની સાધના બીજા કોઈ સાથે સંબંધ રાખશે તો તેને છોડી દેશે. જે શંકાના આધારે તે સાધનાને નોકરી કરવાની પણ ના પાડતો હતો અને તે જ શંકાના કારણે આ બનાવ બન્યો હોવાનું સામે આવ્યુ છે. જેથી પોલીસે હુમલાખોર પતિની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**જ્વેલર્સની દુકાનમાં બંદૂકની અણીએ**

## 73 લાખથી વધુની લૂંટ કરનારાના ચહેરા થયા બેનકાબ

અમદાવાદ | શહેરના સાઉથ બોપલના શાલીગ્રામ પ્રાઈમમાં આવેલી કનકપુરા જ્વેલર્સમાં ગુરુવારે ધોળા દિવસે પિસ્તોલની અણીએ લૂંટ થઈ છે. આ દુકાનમાં લૂંટારૂઓ ગ્રાહક બનીને આવ્યા હતા અને માલિકને બંદૂક બતાવી બંધક બનાવીને ગણતરીની મિનિટોમાં દાગીના લઈને ભાગી ગયા હતા. આ લૂંટારુઓ આશરે 73.10 લાખ રૂપિયાના દાગીનાની લૂંટ ચલાવી હતી. બોપલ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સહિતની એજન્સીઓ જોડાઈ છે. ત્યારે તપાસમાં પોલીસને મહત્ત્વના ફૂટેજ મળ્યા છે. હેલ્મેટ અને બુકાની વગરના લૂંટારુઓ CCTVમાં કેદ થયા છે. ચાર અજાણ્યા શખ્સોએ લૂંટ કરી રિક્ષામાં ફરાર થયા હતા. હાલમાં CCTV ફૂટેજના આધારે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

**સીસીટીવીમાં ચહેર સ્પષ્ટ દેખાયો**

**સીસીટીવી ફૂટેજના આધારે આ લૂંટમાં અનેક તથ્યો સામે આવ્યા છે. સીસીટીવીમાં લૂંટારુઓ બેનકાબ થયા છે. એક લૂંટારુએ હેલ્મેટ પહેરીને દુકાનમાં લૂંટ કરી હતી. લૂંટારાઓનો હેલ્મેટ વગરનો ચહેરો CCTVમાં કેદ થયો છે. હાલ પોલીસ આ કોણ છે અને ક્યાંથી આવ્યો છે તે દિશામાં તપાસ કરી રહી છે**

## ગુજરાતમાં ત્રણ દિવસ બાદ ઠંડીમાં થશે વધારો



## અમદાવાદનું તાપમાન રહેશે 15 ડિગ્રી

(એજન્સી) અમદાવાદ | તા 03

રાજ્યમાં ભર શિયાળે ગત મહિનામાં કમોસમી વરસાદ પડ્યો હતો. અમદાવાદ સહિતના વિસ્તારોમાં અમુક દિવસથી ઠંડીની ઓછી અસર વર્તાઈ રહી છે, ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં ઠંડી અને વાતાવરણને લઈને આગાહી કરી છે. જેમાં આગામી ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ તફાવત ન હોવાની આગાહી કરી છે. આ પછી તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે. હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી 5-6 જાન્યુઆરી દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર નથી. જેમાં ઠંડીથી આંશિક રાહત થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા ત્રણ દિવસ બાદ તાપમાનમાં ઘટાડો થશે. જેમાં અમદાવાદમાં 15 ડિગ્રીની આસપાસ તાપમાન રહેશે. સિનોપ્ટિક સિચ્યુએશનમાં ઉત્તર પૂર્વથી પૂર્વ દિશાના ફૂંકાયેલા પવનોની અસર ગુજરાતમાં વર્તાશે. જ્યારે આગામી 10 જાન્યુઆરી સુધી કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિત ગુજરાતભરમાં શુષ્ક હવામાનની સંભાવના છે.

## અનઅધિકૃત આધારકાર્ડ સેન્ટરનો પર્દાફાશ થયો !

**આધારકાર્ડમાં સુધારા કરી આપતા હતા**

(એજન્સી) અમદાવાદ | તા 03

મોરબીમાં અનઅધિકૃત આધારકાર્ડ સેન્ટર ઝડપાયું છે. મળતી માહિતી મુજબ, મોરબીના પૂર્વ શિક્ષક અને વકીલ વિજય સરડવાના ઓનેસ્ટ ઓનલાઈન નામની દુકાનમાં અનઅધિકૃત રીતે સુધારા થતા હતા. પોલીસે જયેશ અને વિજય સરડવાની અટકાયત કરી છે. મળતી માહિતી મુજબ, મોરબીમાં સુપર માર્કેટમાંથી અનઅધિકૃત આધારકાર્ડ સેન્ટરનો પર્દાફાશ થયો છે. મોરબીના પૂર્વ શિક્ષક અને વકીલ વિજય સરડવાના ઓનેસ્ટ ઓનલાઈન નામની દુકાનમાં અનઅધિકૃત રીતે સુધારા થતા હતા. જયેશ સરડવા નામના પોસ્ટમેનની આઈડીનો ઉપયોગ કરી સુધારા વધારા કરવામાં આવતા હતા. મનસ્વી રીતે પૈસા લઈ આધારકાર્ડમાં સુધારા કરી આપતા હતા. એ ડીવી પોલીસે વકીલ વિજય સરડવા અને પોસ્ટમેન જયેશ સરડવાની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ચારે બાજુ નકલી ના ખેલ વચ્ચે આજે મોરબી માંથી નકલી આધારકાર્ડ સેન્ટર ઝડપાયું છે મોરબી ના શનાળા રોડ પર પૂર્વ શિક્ષક અને વકીલ વિજય સરડવા ની દુકાન માં પોસ્ટ મેન ની આઈડી ના આધારે આ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું જેમાં આધાર્કાર્દ સહિતની સેવા ના નામે મનસ્વી પૈસા પણ વસુલવામાં આવતા હતા આ અંગે મોરબી પોસ્ટ વિભાગ ના અધિકારી ની ફરિયાદ બાદ પોલીસે વકીલ અને પોસ્ટ મેન બંને ની અટકાયત કરી લધી છે.



### કચ્છ પંથકમાં ત્રણ દિવસમાં સતત બીજી વખત ભૂકંપ, રાપરથી 24 કિમી દૂર નોંધાયું કેન્દ્ર બિંદુ

કચ્છ | ગુજરાતના કચ્છમાં નવા વર્ષની શરૂઆતમાં ફક્ત ત્રણ દિવસમાં જ બીજીવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. રાપરથી લગભગ 24 કિલોમીટર દૂર ભૂકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે. શુક્રવારે (3 જાન્યુઆરી) એ સાંજે 4:16 કલાકે 2.8ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો છે. બે દિવસ પહેલાં પહેલી જાન્યુઆરીના દિવસે પણ કચ્છના અનેક વિસ્તારમાં 3.2 ની તીવ્રતા સાથે ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપ આવતા રાપર, ભચાઉ, ગાંધીધામ સહિતના વિસ્તારોમાં ધરા ધ્રૂજી હતી. જેમાં કચ્છના ભચાઉથી 23 કિમી દૂર ભૂકંપનું કેન્દ્રબિંદુ હોવાનું સામે આવ્યું છે. ગુજરાતમાં 2024માં ભૂકંપના કુલ 13 આંચકા નોંધાયા છે. જેમાં જાન્યુઆરીમાં 2, ફેબ્રુઆરી-ઑક્ટોબરમાં 1-1, નવેમ્બરમાં 8 જ્યારે ડિસેમ્બરમાં અત્યાર સુધી 1 આંચકાનો સમાવેશ થાય છે. જેની સરખામણીએ ગત વર્ષે 2023માં 5, 2022માં 1 જ્યારે 2021માં 7 આંચકા નોંધાયા હતા. એક જ વર્ષમાં એકસાથે 13 આંચકા આવેલા હોય તેવું છેલ્લા 12 વર્ષમાં બન્યું નથી.

## ભોપાલથી અમદાવાદ આવતી ફ્લાઈટ 4 કલાક મોડી પડી

અમદાવાદ | દરરોજની જેમ આજે પણ અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સરેરાશ 275 જેટલી ફ્લાઈટ ઉડે છે. વિવિધ એરલાઈન્સની જુદા-જુદા ડેસ્ટિનેશન માટેની ફ્લાઈટ ક્યારેક મોડી થતી હોય છે એવામાં હાલમાં ઉત્તર ભારતમાં હિમ વર્ષા અને અતિશય ઠંડીને કારણે ધુમ્મસ છવાયેલું છે. જેથી, ફ્લાઈટના ટેક ઓફ અને લેન્ડિંગમાં વિઝિબિલિટી ઓછી હોવાથી મુશ્કેલી સર્જાય છે. વિવિધ એરલાઈન્સ દ્વારા પણ મુસાફરોને આ બાબતે માહિતગાર કરવામાં આવે છે કે, વાતાવરણની ખરાબીને કારણે ફ્લાઈટ મોડી થઈ શકે છે એવામાં આજે વહેલી સવારે દહેરાદૂનથી અમદાવાદ આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ બે કલાકના વિલંબ બાદ બપોરે 12:25 કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચી શકી હતી. તદુપરાંત દિલ્હી, ઈન્દોર, જમ્મુ ,પટના, દીવ, મુંબઈ, રાયપુર જેવા ડોમેસ્ટિક સેક્ટરથી અમદાવાદ આવતી ફ્લાઈટ એક કલાકથી લઈને ત્રણ કલાક જેટલા સમય માટે વિલંબિત થઈ હતી. ઉલ્લેખનીય છે કે, આજરોજ ઈન્ડિગો એરલાઈન્સની સવારે 10:20 કલાકે ભોપાલથી અમદાવાદ આવનારી ફ્લાઈટ 4 કલાક કરતાં પણ વધુ સમય માટે વિલંબિત થઈને બપોરે 2.30 કલાકે અમદાવાદ એરપોર્ટ પહોંચી હતી. આ ઉપરાંત ઈન્ટરનેશનલ સેક્ટરમાં દુબઈથી અમદાવાદ આવતી વહેલી સવારની ફ્લાઈટ બે કલાક જેટલા સમય માટે વિલંબિત થઈ હતી.

# AMC ટેક્નિકલ સુપરવાઈઝર ભરતી કૌભાંડ સેન્ટ્રલ ઓફિસના હેડ ક્લાર્કની ઓફિસમાં પોલીસની તપાસ

(એજન્સી) અમદાવાદ | તા 03

રાજ્યની સૌથી મોટી મહાનગરપાલિકા એવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સહાયક ટેકનિકલ સુપરવાઇઝરનું ભરતી કૌભાંડ સામે આવ્યું હતું. જેમાં ભરતી પરીક્ષામાં ત્રણ ઉમેદવારોના માર્ક્સમાં ફરેફરા કરી ગેરકાયદેસર રીતે નોકરી અપાવવામાં આવી હતી, ત્યારે આ મામલે કારંજ પોલીસ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ ખાતે આવેલી મુખ્ય ઓફિસમાં સેન્ટ્રલ ઓફિસ વિભાગના ઈન્ટરવ્યૂ બ્રાન્ચમાં આરોપી હેડ ક્લાર્ક પુલકિત વ્યાસને સાથે રાખી તપાસ કરવામાં આવી હતી. ભરતી પ્રક્રિયા અંગેની તપાસ માટે ત્રણ કોમ્પ્યુટર અને ભરતીના હાર્ડ કોપી અને સોફ્ટ કોપીના ડેટા મેળવવામાં આવ્યા હતા. અમદાવાદની તમન્ના પટેલના OMR શીટ અને ફાઈનલ માર્ક્સમાં ફેરફાર હોવા અંગેની અરજી કરવામાં આવી હતી.



### આરોપી પુલકિત વ્યાસની કારંજ પોલીસે ધરપકડ કરી

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈજનેર ખાતામાં 93 સહાયક ટેકનિકલ સુપરવાઈઝરની ભરતી પ્રક્રિયા મામલે થયેલા કૌભાંડમાં આરોપી પુલકિત વ્યાસની કારંજ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઝોન 2 ડીસીપી ભરત રાઠોડએ જણાવ્યું હતું કે, પરીક્ષા 18 ઓગસ્ટ 2024ના રોજ પૂર્ણ થઈ હતી અને 5,000થી વધુ લોકોએ પરીક્ષા આપી હતી જેની OMR શીટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વેબસાઈટ ઉપર અપલોડ કરવામાં આવી હતી. જે શીટ અપલોડ કર્યા બાદ 359 જેટલા લોકોના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. OMR શીટ અને જે માર્ક અપલોડ કરવામાં આવ્યા હતા તેમાં ફેરફાર કરવામાં આવ્યા હતા.

**માર્ક્સમાં વધારો કરી નોકરીમાં નિમણૂક થાય તેમ ગોઠવણ કરી |** જોકે, આ સમગ્ર મામલામાં મ્યુનિસિપલ કોર્પોરેશનના સેન્ટ્રલ ઓફિસના હેડ ક્લાર્ક આરોપી પુલકિત વ્યાસ દ્વારા ત્રણેય ઉમેદવારોનો કેવી રીતે સંપર્ક કરવામાં આવ્યો હતો તેમજ શું કોઇ નાણાકીય લેવડ દેવડ કરી હતી કે અન્ય કોઇ સંબંધમાં તેમનામાં માર્ક્સમાં વધારો કરીને નોકરીમાં નિમણૂક થાય તેમ ગોઠવણ કરી હતી તે અંગે કોઇ માહિતી બહાર પાડવામાં આવી રહી નથી. પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર બંને હજી આ મામલે તપાસ ચાલી રહી છે તેમ જણાવી રહી છે.

**મ્યુનિસિપલ કોર્પોરેશનને એક ઉમેદવાર તરફથી અરજી મળી |** ત્રણ ઉમેદવારોના માર્કસમાં ચેડા કરવામાં આવ્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનને એક ઉમેદવાર તરફથી અરજી મળી હતી કે, તેમના ઓએમઆર શીટના માર્ક અને જે ફાઇનલ માર્ક છે તેમાં ફેરફાર છે જેથી કોર્પોરેશન દ્વારા ખાતાકીય તપાસ કરવામાં આવી હતી અને તમામ તપાસ બાદ ત્રણ માર્કસમાં ફેરફાર થયો હોવા અંગેનું સામે આવતા કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપી હેડ ક્લાર્ક પુલકિત વ્યાસે ત્રણે ઉમેદવારો પાસેથી પૈસાથી કે અન્ય કોઈ સંબંધથી આ માર્ક્સમાં ફેરફાર કરવામાં આવ્યો છે કે કેમ તે અંગેની હજી તપાસ કરવામાં આવી રહી છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે, હજી પૂછપરછ કરવામાં આવશે. ત્યાર બાદ અન્ય કોઈની સંડોવણી હતી કે, કેમ તે અંગેની તમામ બાબતો બહાર આવશે.

## ગુજરાત એસ.ટી નિગમ સમગ્ર ભારતમાં ઓનલાઈન ટિકિટ બુકિંગને લઈ પ્રથમ ક્રમે



વિજયવીર યાદવ | સમગ્ર ભારતના તમામ રાજ્યોના નિગમોમાં ગુજરાત એસ.ટી નિગમે ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ - OPRSનો સૌથી વધુ ઉપયોગ કરી વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, સમગ્ર ભારતમાં દૈનિક ૭૫ હજારથી વધુ ઓનલાઈન ટિકિટ બુકિંગ સાથે ગુજરાત એસ.ટી નિગમ પ્રથમ ક્રમે છે. ગુજરાતના નાગરિકોને સ્વચ્છ, સલામત અને સમયસર મુસાફરીની સુવિધા મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી. ઓનલાઈન ટિકિટો સહિત નાગરીકોને મુસાફરી માટે અપાતી સુવિધાઓમાં ઉત્તરોતર વધારો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં થઈ રહ્યો છે. જેના પરિણામે ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૪ કરોડથી વધુ મુસાફરોએ ઓનલાઈન ટિકિટો બૂક કરીને એસ.ટી નિગમને કુલ રૂ. ૧,૦૩૬ કરોડથી વધુની આવક કરાવી છે તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધાઓને ધ્યાને લઈને વર્ષ-૨૦૧૦થી ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની શરૂઆત કરાવવામાં આવી હતી, ત્યારબાદ વર્ષ -૨૦૧૧થી માસ્ટર ફ્રેન્ચાઈઝીના કરાર થકી મુસાફરો Abhibus, પેટીએમ જેવી એપ્લિકેશન મારફતે પણ ઓનલાઈન એસ.ટી બસની ટિકિટ બુકિંગ કરાવી શકે છે.